# વિષય દર્શન


| | | |
|---|---|---|
| ચૂંટણીનો વાવંટોળ | શ્રી રાજાજી | ૯૩ |
| વિવેકનો મહિમા | મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મ૦ | ૯૫ |
| બૌધ્ધ ધર્મના પ્રચારનું રહસ્ય | શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ | ૯૭ |
| દિગંબર સમાજનો પડકાર | [ સેવાસમાજ ] | ૧૦૧ |
| જૈનદર્શનનો કર્મવાદ | શ્રી ખુબચંદ કેશવલાલ શાહ | ૧૦૭ |
| યથાર્થ કે કલ્પના | મુનિરાજશ્રી મૃગેન્દ્રમુનિ મહારાજ | ૧૧૨ |
| સમ્યગ્દર્શન | શ્રી એન. એમ. શાહ | ૧૧૫ |
| ચાર પ્રવાસીઓ | શ્રી મૂળશંકર ભટ્ટ | ૧૧૭ |
| યોગબિન્દુ | શ્રી વિદુર | ૧૨૦ |
| જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા | શ્રી કિરણ | ૧૨૩ |
| દ્રવ્યાનુયોગની મહત્તા | પૂ૦ પં. શ્રી ધુરંધરવિજયજી મ. | ૧૩૩ |
| રાજદુલારી | શ્રી મોહનલાલ ચુ૦ ધામી | ૧૩૫ |
| જવાબરૂપે પત્ર | શ્રી રાજપાલ મગનલાલ વોરા | ૧૪૧ |
| સર્જન-સમાલોચના | શ્રી અભ્યાસી | ૧૪૩ |
| એક નાટક | શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢા | ૧૪૯ |
| સમાચાર સંચય | સંકલિત | ૧૫૧ |


## આગામી અંકે

| | |
|---|---|
| શુકરાજાથી કથા | શ્રી જયંતિલાલ લાલચંદ શાહ |
| શંકા-સમાધાન | પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ |
| જ્ઞાન-ગોચરી | શ્રી ગવેષક |
| મધપૂડો | શ્રી મધુકર |
| વનદેવતા | શ્રી પન્નાલાલ જ૦ મસાલીઆ |
| શુભેચ્છાનું રહસ્ય | પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર |
| વહેતા વહેણો | શ્રી પ્રવાસી |

સ્થળ સંકોચના કારણે ઉપરના લેખો આગામી અંકે આવશે.

## ભેટ પુસ્તક રવાના થશે :

ભગવાન શ્રી મહાવીરદેવનું જીવન ચરિત્ર : લેખક પૂ૦ પંન્યાસજી ભદ્રંકરવિજયજી ગણિવર ક્રાઉન ૧૬ પેજી ૯૬+૪=૧૦૦ પેજનું 'કલ્યાણ'ના સભ્યોને ભેટ મળશે. વાર્ષિક લવાજમ રૂા. પાંચ ભરી ગ્રાહક તરીકે ચાલુ રહેનારને ભેટ પુસ્તક મળતું નથી પણ પાંચ વર્ષના રૂા. ૨૫, બે વર્ષના રૂા. ૧૧, એકી સાથે ભરી સભ્ય થનારને ભેટ પુસ્તક મળે છે.

## જ૦રૂ૦રી

૧ લા અંકે, ઘણા ગ્રાહક બંધુઓના લવાજમ પૂરાં થયાં હતાં. દરેકને કાર્ડથી ખબર આપવામાં આવી હતી પણ જેઓના તરફથી લવાજમ આવ્યું નથી અને કશો જવાબ નથી તેઓને છેવટે વી. પી. થાય છે. લવાજમ પુરું થયે મનીઓર્ડરથી લવાજમ મોકલી આપવું એ જ લાભપ્રદ છે.

૦

વચમાંથી ગ્રાહક થનારને ૧ લા અંકથી અંકો રવાના થશે. 'કલ્યાણ'નું નવું વર્ષ માર્ચ મહિનાથી શરૂ થાય છે.

૦

લેખક મહાશયોને નમ્ર વિનંતિ જે લેખો તા. ૩૦ મી સુધીમાં આવશે તે જ ચાલુ અંકમાં આવી શકશે. ચાલુ લેખો મોડા આવવાથી લેવામાં અમને મુશ્કેલી ઘણી રહે છે.

૦

જા.ખ. ફેરવવાની હોય કે નવી લેવાની હોય તેનું તા. ૩૦ મી સુધીમાં અમને મેટર મળી જવું જાઈએ.

૦

પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે ગ્રાહક નંબર લખવા ચૂકવું નહિ.

૦

'કલ્યાણ'ની ફાઇલો ઘરમાં વસાવવા જેવી છે. બાઇન્ડીંગ કરેલી ૮૦૦ પેજ ઉપરાંતની ફાઇલના રૂા. પાંચ. પ્રચારાર્થે જ આ કિંમત રખાઈ છે. પાછળથી ફાઇલો મળવી મુશ્કેલ છે. હાલ વર્ષ ૧-૨-૩ ની ફાઇલો મળતી નથી.

—પત્ર વ્યવહાર માટે—


**'કલ્યાણ' પ્રકાશન મંદિર**
પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

# ભારતમાં જોરશોરથી વાઈ ગયેલો ચૂંટણીનો વાવંટોળ

—: શ્રી ચક્રવર્તી રાજગોપાલાચારી-રાજાજી :—

હવે ચૂંટણીનો ઉશ્કેરાટ શમવા આવ્યો છે. માટે ચૂંટણીનાં પરિણામો વગેરેનું પૃથક્કરણ કરવાનો સમય આવ્યો છે.

છાપાઓમાં એવી ઘણી ફરિયાદો પ્રસિધ્ધ થઇ છે કે—વહીવટી સત્તા ધારણ કરતાં પ્રધાનોએ ચૂંટણી માટે, મોટા વેપારીઓ પાસેથી, કારખાનાદારો કનેથી, બસ કંપનીના માલિકો અને બીજાઓ પાસેથી નાણાં ઉઘરાવ્યાં છે.

પ્રધાનોએ એ ફરિયાદોનો નિવેદનોદ્વારા યા તેમના ભાષણોમાં ઈનકાર કર્યો નથી. અમે માનીએ છીએ કે—એનો ઈનકાર કરવા માટે કોઇ તક નથી.

સારા હેતુ માટે પણ કોઇ પણ વહીવટી યા સરકારી અમલદાર આ રીતે નાણાં એકઠા કરી શકે નહિ. જો તે તેમ કરે તો તે શિક્ષાને પાત્ર ઠરે છે. વળી એવી પણ દલીલ ન કરી શકે કે—એ નાણાં એ લોકોએ પોતાની મેળે રાજીખુશીથી આપેલાં.

સત્તાસ્થાને બેઠેલા પ્રધાનો અને સામાન્ય સરકારી અમલદારો વચ્ચે શો ફરક છે? કેવળ માલદાર જ પ્રધાનોની સત્તા અને અસરથી વધુ બીએ છે. **ઉપર્યુક્ત રીતે ભેગા કરાતાં નાણાં માટે "લાંચ" સિવાય બીજો કોઈ શબ્દ નથી.** જો સત્તા પરનો પક્ષ એ રીતે વર્તે તો એ જ રીતે વર્તતા સ્વતંત્રો યા બીજા નાના પક્ષો સામે શી રીતે લડી શકે?

એમ ચોક્કસ કહી શકાય કે—હાલની ચૂંટણીઓમાં નાણાંએ ઘણું બધું કામ કર્યું છે. લોકો છુટથી બોલે છે કે, થોડાક અઠવાડિયાં દરમિયાન રીઝર્વ બેંકમાંથી એક રૂપિયાની અને પાંચ રૂપિયાની નોટોમાં મોટા જથ્થામાં રોકડ નાણું ઉપાડાયું હતું.

**ચૂંટણી દરમિયાન જો સત્તા પરના પ્રધાનો પોતાના હોદ્દાઓના રાજીનામાં આપે તો તે કેવળ વ્યાજબી જ લેખાય.** એવી દલીલ ન કરી શકાય કે, પશ્ચિમના દેશોમાં એ રીતે ચૂંટણી થતી નથી. આપણી આદતો અને તેમની ટેવો વચ્ચે મોટો તફાવત છે. જો તે દેશોમાં રાજકર્તા પક્ષ લાંબા સમયથી અભરાઇએ ચઢાવાયેલા પ્રશ્નો અને સમસ્યાઓને હાથ ધરે છે, અને એકાએક છુટછાટ આપે છે તો લોકો હસે છે. આપણા દેશમાં એવું પગલું સાધારણ થઇ પડયું છે. છેલ્લા એક માસ દરમિયાન રાજકર્તા પક્ષે આપેલી કેટલી છુટછાટો છાપાઓમાં પ્રસિદ્ધ થઇ, એ બધી જ લાંચ છે. એની પાછળ શો હેતુ છે?

જો એ છુટછાટો વ્યાજબી હોય તો તે ઘણા સમય અગાઉ અપાવી જોઈતી હતી. સાચી સ્થિતિ સમજી ન શકાઇ યા નાણાં નહિં મળ્યા તે કારણે ચૂંટણી અગાઉ એ કામો નહિં કરાયા હોય તો ચૂંટણી દરમિયાન ખૂબ જ ઝડપથી એ કરી લેવા પાછળ શો હેતુ છે? **મત મેળવવા સિવાય બીજો કયો હેતુ હોઈ શકે?**

સાચો સવાલ એ છે કે—રાજકર્તા પક્ષ પાંચ વર્ષ સુધી સત્તા પર રહ્યો તે દરમિયાન તેણે શું કર્યું ?

જે પક્ષો સત્તા પર નથી તે તો અલબત્ત જાતજાતના વચનો આપે. તેઓ કહે છે કે, "અમે આ કરીશું અને અમે તે કરીશું. અમે આ કરવા જણાવેલું ને અમે તે કરવા વેલું અને તે થયું નથી." પરંતુ રાજકર્તા પક્ષે ભૂતકાળમાં શું કર્યું તે તેણે સમજાવવું ઘટે.

એ જ ઈન્સાફ છે. એ ઉપરાંત ચૂંટણી અગાઉ જલ્દી જલ્દી છુટછાટો ન અપાવી જોઈએ. આ રીતે કે પેલી રીતે જાહેરના નાણાં વાપરીને જાણે કે દાન કર્યું હોય એ રીતે લોકોને સમજાવીને મત મેળવવા મેળવવા **એ તમામ અન્યાયોનો અન્યાય છે.** વિરોધ પક્ષો પાસે એ સગવડ નથી. રાજકર્તા પક્ષ એમ કરે તેને કેવળ લાંચ તરીકે ઓળખાવી શકાય.

કોંગ્રેસના ઉમેદવારોને આ ચૂંટણીમાં ઠીક ઠીક કસરત કરવી પડી છે. એમાં શંકા નથી. અત્યાર પહેલાં કોંગ્રેસ પક્ષ માટે ચૂંટણી કેટલી સહેલી હતી ! આ વખતે તે મુશ્કેલ બની છે. એનું કારણ છે-કોંગ્રેસમાં સત્તા પર બેઠેલાઓમાં વ્યાપ્ત અરાજકતા. એનું કારણ–કોંગ્રેસમાંના તે લોકોમાંના ચારિત્ર્યનો અભાવ છે, કે જેમણે કોંગ્રેસરૂપી ગાયને દોહી અને દૂધ પી ગયા. આ બધી મુશ્કેલી એથી જ ઉત્પન્ન થઈ છે.

હારની વાત બાજુએ મૂકીએ, પરંતુ જે કોઈ પણ બેઠક મળી છે, તે મહામુશ્કેલીથી મળી છે. છેલ્લી ક્ષણ સુધીની શંકા બાદ ઘણા તો જીત્યા. કોંગ્રેસ હાઈકમાંડ માટે જે જવાબદાર હોય તેમણે એમાંથી પાઠ શીખવો જોઈએ. તેઓ વળી અનુભવેલી મુશ્કેલીઓનો લાભ પણ લઈ શકે છે.

પરંતુ એમ થનાર નથી. કોંગ્રેસ વર્તુળો કેવળ એની જ શોધ કરશે કે—મુશ્કેલી વિના ચૂંટણી જીતવા માટે બીજી કઈ નવી પધ્ધતિઓ યા ટેકનીક અજમાવી શકાય. તેમના માર્ગમાં જેમણે અવરોધ નાખ્યો અને જેમણે તેમનો સામનો કર્યો તેમની સામે શી રીતે વેર લેવું, કેવળ તેનો જ તેઓ ગંભીરતાપૂર્વક વિચાર કરશે. તેઓ પોતાનો સમય અને શક્તિ કેવળ એમાં જ ખર્ચશે.

આ બધું થાય છે તેનું કારણ કોંગ્રેસમાં ઈન્સાફની વૃત્તિનો વિનાશ છે. સત્તાના ગર્વનું પરિણામ તેમને માથે ચડયું છે. ગાંધીજીએ આપેલી સ્વતંત્રતામાં જો રામરાજ્ય વિકસવાનું હોય તો ચારિત્ર્ય અને ન્યાયભાવના તો હોવી જ જોઈએ.

અંતે સત્યનો જ વિજય થવાનો છે. એને માટે લોકોએ ધૈર્યપૂર્વક થોભવાનું છે. તેમણે થોભવું જ જોઈએ. પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં શ્રધ્ધા રાખવી જોઈએ, ભારતીય સંસ્કૃતિની પાયાની શક્તિમાં શ્રદ્ધા રાખવી જોઈએ, અને મહાન શક્તિ ઈશ્વરીતત્ત્વમાં શ્રધ્ધા રાખવી જોઈએ.

( 'કલ્કી' તામિલ સાપ્તાહિક )

# —० વિવેકનો મહિમા ०—

## પૂ૦ મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ.

एकं हि चक्षुरमलं, सहजो विवेक—
स्तद्भिरेव सह संवसतिर्द्वितीयम् ।
एतद्द्वयं भुवि न यस्य स तत्त्वतोऽन्ध—
स्तस्यापमार्गचलने, खलु कोऽपराधः ? ॥

**આ** જગતમાં સાચી નિર્મળ બે આંખ છે. સ્વાભાવિક વિવેક એ એક નિર્મળ નેત્ર છે, અને વિવેકીની સાથે સહવાસ એ બીજું નિર્મળ નેત્ર છે. એ બે જેને ન હોય તે પુરુષ (નિર્મળ–રોગરહિત ચર્મચક્ષુ હોવા છતાં) પરમાર્થથી અંધ છે. તે બિચારો ઉન્માર્ગે ચાલી ભયંકર દુઃખની ખાઇમાં પોતાના આત્માને ધકેલે છે.

તત્વાતત્ત્વ, શુભાશુભ, હિતાહિત, ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેયાદિનું જ્ઞાન તે વિવેક છે. આત્માની ઉન્નતિ કે આબાદી માટે વિવેક અણમૂલો–કિંમતી ગુણ છે. તે સિવાય આત્મા બરબાદી પ્રાપ્ત કરે છે. વિવેકથી અછતા ગુણો આવે છે–પ્રગટે છે, અને પ્રગટેલા ટકે છે, અને અધિક શોભે છે.

ઉત્તમાંગ ઉપર સ્થાન પામતો મુગટ જેમ પુરૂષના બીજા અલંકારોને શોભાવે છે, તેમ વિવેક બીજા સમગ્ર ગુણોને શોભાવે છે, અને ન હોય તો પ્રગટાવે છે, પણ....

જન્મ–મરણાદિના ફેરામાં ફસાએલા અને ભ્રમમાં લીન બનેલા પામર પ્રાણીઓને ભાન નથી હોતું કે અમે ક્યાંથી આવ્યા ? ક્યાં જઇશું ? કેવી રીતે જીવવું જોઇએ ? જગતમાં જન્મેલા એકેન્દ્રિય અને કીડા, માખી આદિ ક્ષુદ્ર જંતુઓ અને પશુઓને પોતાની દશાનું ભાન ન હોય તેથી જેમ તેમ જીવન પૂરૂં કરી નાખે, વસ્તુતત્ત્વનો વિવેક ન કરી શકે. એના માટે કશું શોચવા જેવું નથી. કારણ કે એમને એ જાતિની વિચારણા આવે એ જાતિના સંયોગો નથી અને એવા સંયોગો મળે એવો સંભવ નથી.

પરંતુ જેઓ મનુષ્યપણું પામેલા છે, કાંઈક બુદ્ધિ મળી છે, સારૂં–નરસું પારખી શકે છે, એવાઓ પણ પોતાની માન્યતાના ઘમંડમાં અંધ બની જઈ, આ જાતિનો વિચાર લેશમાત્ર ન કરે એ એમના માટે બહુ જ વિચારવા જેવી વાત ગણાય.

આપણે ભલે આશા આકાશ જેટલી રાખીએ પણ યમરાજનો પંજો ક્યારે પડશે તેની ખબર નથી. પાપમાં પાવરધા બનીને વિષયના સાધનોની પાછળ પાગલ બનેલા મદાંધ જીવડાઓએ યાદ રાખવું જોઇએ કે અભિમાન ટકી શકતું નથી.

ભગીરથ પ્રયત્ન સિવાય આત્મિક સુખ આપોઆપ તમને ભેટી પડશે એવો ખ્યાલ સ્વપ્નમાં પણ લાવવા જેવો નથી. આ માટે તો આળસ કે પ્રમાદને દૂર કાઢો, આત્મિક વિશુદ્ધિને અટકાવનાર વિચારો અને આચારોને જલાંજલિ આપો અને આત્મસત્તાગત વિશુદ્ધિને લક્ષમાં રાખી તેવા વિશુદ્ધ થવા વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ વિભાવોનું વિસર્જન કરી ગુણમય પવિત્ર જીવન જીવો. પવિત્રતા જીવન છે, વિષયવિકારિતા મરણ.

Heights by great men reached and kept were not attained by a single flight but they worked when others slept. The evil passions rising within the mind

hard to be overcome should manfully be fought. He who conquers them is the conqueror of the world.

મહાપુરુષો જન્મતા નથી, પણ પ્રયત્નથી મહાપુરુષો બનાય છે. મહાપુરુષો જે ઉચ્ચ સ્થાન ઉપર આરૂઢ થયા છે, અને ત્યાં ટકી રહ્યા છે ત્યાં તેઓ કંઇ એ કુદકે ચઢ્યા નથી પણ જ્યારે જગતમાં અન્ય માનવગણ ઘોર નિદ્રામાં ઘોરતો હતો ત્યારે તેઓ પોતાનો ઉચ્ચ માર્ગ તરફનો પંથ કાપતા જ રહ્યા હતા. મનની અંદર ઉત્પન્ન થતાં દુર્જય દુષ્ટ મનોવિકારોની સામે બહાદુરીથી લડવું જોઇએ. જે તેમના ઉપર જય મેળવે છે તે ત્રણ ભુવનનો વિજેતા બને છે.

શું મૃત્યુને આપણે યાદ ન કરીએ એટલે એ આપણને ભૂલી જશે ? મહામૂલું માનવજીવન ટૂંકું છે. જવાનું નિશ્ચિત હોવા છતાં અણધાર્યા સમયે જવાનું હોય છે. જવાની તૈયારી માટે દિવસો નહિ મળવાથી પ્રાથમિક તૈયારી રાખ્યા વગર છુટકો નથી. ભાવિની તૈયારી માનવદેહે જ થઈ શકે. તૈયારી કરનાર દિવ્ય સુખો પ્રાપ્ત કરે છે. જ્યારે તૈયારી સામે આંખમિંચામણા કરનાર અનંતકાળ દુઃખમાં વિતાવવાની પૂર્વભૂમિકા રચે છે.

Not enjoyment and not Sorrow is our destined end or way, but to act, Thete ach To-morrow find us farther than today.

H. W. Longfellow.

ભાવાર્થઃ—વિલાસ કે ખેદ એ કંઈ આપણું નિયત ધ્યેય કે પંથ નથી, પણ દિન-બ-દિન વધુ ને વધુ આગળ વધીએ—આબાદ થઇએ એ ખરેખર આપણું ધ્યેય છે.

માનવે પોતાના કષાયો ઉપર કેવી રીતે વિજયપતાકા ફરકાવવી, ક્રોધ અને આવેશમાંથી કેવી રીતે ક્ષમા અને કરુણાનું સંગીત ઉપજાવવું, લોભ-લાલચમાંથી નિઃસ્પૃહતા અને નિષ્પરિગ્રહતાના સ્વર્ગીય પુષ્પો કેમ પ્રગટાવવા એ આપણે ભૂલી ગયા છીએ. જ્યાં સુધી માનવ અંતર્મુખ નહિ બને, ઉપશમ અને મૈત્રીની શક્તિ નહિ કેળવે ત્યાં સુધી વિજ્ઞાનનું બળ બાળકના હાથમાં કાતીલ છરી જેવું જ ભયંકર રહેવાનું. આવું વિજ્ઞાન આત્મોદ્ધારક નથી પણ આત્મવિનાશક છે. વિજ્ઞાનથી મનુષ્ય-જીવનની સફલતા નથી પણ વિવેકથી છે. એટલા માટે જ વિવેક અવશ્ય પ્રાપ્ય છે.

સંજીવની ઔષધિ જેમ સર્વ રોગ ઉપર અકસીર દવા છે, તેમ સત્પુરુષોનાં અબાધિત અને ઉપકારક વચનને અનુસારે જીવન જન્મ-મરણ-જરા-રોગ-શોકાદિના અનાદિના રોગ-વ્યાધિ ઉપર અકસીર ઉપાય છે. અનેક ભવ્યાત્માઓ એવા કલ્યાણકારક ઉપદેશામૃતના પાનથી સદાને માટે અજરામરત્વ પામ્યા છે, પામે છે અને પામશે.

સર્વ ગુણોમાં શિરોમણિભાવ ધારણ કરનાર વિવેક જ ધારણ કરવો યોગ્ય છે.

'કલ્યાણ' માસિક વાર્ષિક લવાજમ રૂા. ૫—૦—૦
પોસ્ટેજ સહિત

# :-: ભારતમાં બૌદ્ધધર્મ માટેના પ્રચારનું રહસ્ય :-:

## પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ – કલકત્તા

**મગનલાલ :** હેં છગનલાલ! આપણે સાંભળીએ છીએ કે,—'આપણી સરકાર કોઇ પણ ધર્મને માનતી નથી.' એમ કેટલાક કહે છે. કેટલાક કહે છે કે,–'આપણી સરકાર કોઇ પણ ધર્મને ચાહતી નથી.' 'ધર્મથી પ્રજાનું હિત માનતી નથી.' એમ પણ કેટલાક કહે છે. કેટલાક કહે છે કે, 'આપણી સરકારના આગેવાનોને ભારતના ધર્મો કરતાં ખ્રીસ્તીધર્મ વધારે સારો લાગે છે.' કેટલાક કહે છે કે, 'આપણી હાલની સરકાર ધરમ–બરમને ધત્તીંગ માને છે. તેમને રાજ્ય કરવું છે, અને ભારતની પ્રજા કંઇક યુગોથી ધર્મને માનતી અને પાળતી આવી છે. એટલે એકાએક તેના જીવનમાંથી ધર્મને ઉડાવી દેવાનું શક્ય તો નથી. છતાં વર્તમાન સરકારનું વલણ ધર્મ તરફ સૂગથી ભરેલું હોવાનું ઘણી રીતે જણાઇ આવે છે. જેમ બને તેમ ધર્મનું પ્રાબલ્ય અને પ્રભાવ નષ્ટ કેમ થાય? તેવા કાયદા, તરકીબો, યોજનાઓ વગેરે જાણતાં–અજાણતાં જાહેર રીતે અને ચૂપકીદીથી અજમાવ્યા કરે છે.

કેટલાક કહે છે કે, 'હાલના કોઇ ધર્મને ટકાવી રાખવાની ઇચ્છા સરકારી આદર્શમાં નથી. હાલના અનાધ્યાત્મિક વિજ્ઞાનના પાયા ઉપર નવા ધર્મની રચના થાય, અને તે જગતમાં ફેલાય, જેથી કરીને આત્મવાદને લીધે મોક્ષને માનનારા બધાયે ધર્મો ધીમે ધીમે લુપ્ત પ્રાય: થઈ જાય.' જો આમાંની એક પણ વાત સાચી હોય તો સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધની ૨૫૦૦ મી જયંતી ઉજવીને સરકાર બૌદ્ધધર્મને શા માટે ઉત્તેજન આપે. ઉપર જણાવેલા જુદા જુદા અભિપ્રાયોમાંના કોઈ એક પણ અભિપ્રાય સાથે સરકારની આ પ્રવૃત્તિ મેળ ખાતી નથી. તો શું સરકાર બિનસાંપ્રદાયિક નહિ, પણ બૌદ્ધસંપ્રદાયને માનનારી અને તેને ભારતમાં કે જગતમાં વ્યાપક બનાવી સારા જગતને બૌદ્ધધર્મમય બનાવવાની ધારણા રાખતી હોય એમ સ્પષ્ટ રીતે સમજાય છે. રાજચિહ્નોમાં અશોક સમ્રાટ્‌ના સિંહોને અને બૌદ્ધધર્મના ધર્મચક્રને સ્થાન તો પહેલેથી જ આપી ચૂકેલ છે. તો આમાં શું સમજવું? બુદ્ધિ કામ કરતી નથી.

**છગનલાલ :** તમારા જેવા સમજુ માણુસ પણ આજની સરકારી કેટલીક પ્રવૃત્તિઓના રહસ્ય ન સમજી શકે, તેથી મને ઘણું આશ્ચર્ય થાય છે. તે કોઇ પણ ધર્મ કે સંપ્રદાય તરફ પક્ષપાત ધરાવતી નથી. કેમકે, તે કોઇનેય માનતી હોવાનું કબૂલ રાખતી નથી. તથા બીજા કોઇ પણ ધર્મને માનતી હોય તો તેવો બીજો કોઈ ધર્મ ઉભો થયો નથી. એશિયાના બીજા દેશોમાં બૌદ્ધધર્મ પળાય છે, માટે તેમની સાથેનો સહકાર દૃઢ કરવા ભારતમાં પુનઃ બૌદ્ધધર્મનો પ્રચાર કરવામાં આવે છે, એમ પણ નથી. બૌદ્ધધર્મ ભારતમાં ઉત્પન્ન થયેલો છે, માટે ભારતમાં ફરીથી તેને પાછો લાવવા માટે પણ તેનો ભારતમાં પ્રચાર કરવામાં આવે છે, એમ પણ નથી.

**મગનલાલ :** અરે છગનલાલ! તમે તો બહુ જ વિચિત્ર–વિચિત્ર વાતો કરો છો, તો પછી વર્તમાન સરકારનો બૌદ્ધધર્મના પ્રચારની પાછળ મહત્ત્વનો શો હેતુ હોવો જોઇએ? તે સ્પષ્ટ કેમ જણાવતા નથી?

**છગનલાલ :** સ્પષ્ટ શી રીતે જણાવું? એ ધર્મનો હાલમાં ભારતમાં પ્રચાર કરવાનો સાચે સાચો જે હેતુ છે? તે જણાવતાં આજે એ વાત ઉપર તમને વિશ્વાસ જ બેસશે નહિ. કારણ કે, આ ઘટનાની પાછળનો પૂર્વઇતિહાસ અને તેનું રહસ્ય છે, તે જાણ્યા વિના બરાબર વસ્તુસ્થિતિ સમજાય તેમ નથી. અને તે વિગતવાર આપવા જતાં લંબાણ થાય તેમ છે, તેમજ આની પાછળ મુત્સદ્દીઓની ઘણી આંટીઘૂંટીઓ ગોઠવાયેલી છે, તે જણાવ્યા વિના સત્ય સમજાય તેમ નથી.

**મગનલાલ :** મને ખરી હકીકત ઘણા જ ટુંકા મુદ્દાથી કહો. હું તેનું મનન કરીશ, અને પછી કોઇ પ્રસંગે તેના મુદ્દા અને તેની પાછળના ઇતિહાસ વિષે આપની પાસેથી સમજીશ.

**છગનલાલ :** માત્ર મુદ્દા–મુદ્દા જ કહી જાઉં છુ, તમને તેથી બરાબર ન સમજાય તો મારી વાતમાં અવિશ્વાસ ન કરતા. જે શંકા થાય તેનો ખુલાસો મારી પાસેથી મેળવજો, તે પહેલાં કશોયે બીજો નિર્ણય કોઈનાયે કહેવાથી કરવો નહિ.

**મગનલાલ :** બરાબર છે, મને થતી શંકાનો ખુલાસો તમારી પાસેથી જ મેળવીશ.

**છગનલાલ :** તો હવે હું તમને આ ધર્મના ભારતમાં કામચલાઉ પ્રચાર માટેનો મુખ્ય હેતુ ટુંકામાં જણાવું છું:—

ખ્રિસ્તીધર્મને વિશ્વધર્મ બનાવવા માટેનો માર્ગ સરળ કરવા માટે ભારતમાં બૌદ્ધધર્મનો પ્રચાર કરવો અત્યંત આવશ્યક છે. કારણ કે, ભારત ધર્મની મૂળ ભૂમિ છે. તેમાં બહારના ખ્રિસ્તીધર્મને વ્યાપક કરવો એ લગભગ અશક્ય જેવું છે. કારણ કે, ભારતમાં જૈન અને વૈષ્ણવધર્મો કે જે સર્વ ધર્મો કરતાં પ્રાચીન છે, અને તેની જડ ઘણી જ ઉંડી છે, તેને બદલે આખા દેશમાં ખ્રીસ્તીધર્મ ફેલાવવો એ કાંઇ લેશમાત્ર સહેલું નથી. માટે રાજ્યનો આશ્રય આપીને ભારતના જુના ધર્મ તરીકે બૌદ્ધધર્મને લોકપ્રિય બનાવીને તે દ્વારા ઉપરના બન્નેય ધર્મોની સત્તા–ઉંડી જડ વગેરે ઢીલી કરાવી નાંખવા માટે આંતરરાષ્ટ્રીય ભાવિ હેતુઓ સાધવાની પોલીસી તરીકે તે ધર્મનો ઉપયોગ કરવાની ગોઠવણ કરવામાં આવેલી છે.

**મગનલાલ :** પરંતુ તે આપણી સરકાર કેમ કરે ?

**છગનલાલ :** આપણી સરકાર ન કરે તો બીજું કોણ કરે ? આપણી હાલની સરકાર જેમ બ્રીટીશ પાર્લામેન્ટની એજન્ટ હતી, તે પ્રમાણે હવે પછીના આંતરરાષ્ટ્રીય તરીકે ગણાવેલા ભાવિ હેતુઓને સફળ કરવા માટે ઇંગ્લાંડના વડાપ્રધાન અને અમેરિકાના પ્રેસીડેન્ટે મળીને નવી યોજનાઓને અમલમાં લાવવાની બીજરૂપે ગોઠવણ કરી છે. તેમાંની એક ગોઠવણ યુ૦ એન૦ ઓ૦ રૂપે છે. હાલમાં તેની એક એજન્સીરૂપ હાલની સરકાર છે. બ્રીટીશોના વખતમાં જે ગોઠવણો ભારતમાં જરૂરી હતી, તેની આવશ્યકતા હાલમાં નથી, અને જેની જરૂર તે વખતે નહોતી તેવી નવી આવશ્યકતાઓ હવે ઉભી થઇ છે. એટલે બહારના સ્વરૂપમાં ગમે તેટલું અંતર જણાવ્યા છતાં આપણી હાલની સરકારના મૂળભૂત આદર્શો કોઈ પણ અંશમાં બદલાયા નથી. ભારતની પ્રજાના આદર્શો જુદા છે, અને સરકારના આદર્શો જુદા છે. દેશનો ઉદય હાલના આદર્શો મુજબ કરવામાં આવે છે. પ્રજાના મૂળભૂત આદર્શો મુજબ નહીં જ. આ વસ્તુ તમે બરાબર મનમાં મજબૂતપણે ઠસાવી લ્યો.

**મગનલાલ :** તમારી આ વાત સમજમાં ઉતરવી ઘણી જ કઠણમાં કઠણ છે.

**છગનલાલ :** કઠણમાં કઠણ છતાં સાચામાં સાચી છે. એ જ મહાસંતોષનો વિષય છે. આજે આપણે સાચું સમજીએ તે પણ ઘણું ઘણું છે.

ભૂતકાળના વાઇસરોય મી૦ લેલિન્થગોએ બૌદ્ધધર્મના ઘણા અવશેષોનું સર રાધાકૃષ્ણ સર્વપલ્લી વગેરે મારફત આદાન–પ્રદાન જાપાન સાથે કર્યું હતું. ત્યારથી આ વસ્તુ ખુલ્લી રીતે ભારત સરકારની સહાનુભૂતિથી આગળ વધી રહી હોવાનું જણાઇ આવ્યું છે; તેના ઉંડા મૂળો ઠેઠ બ્રીટીશોના આવ્યા પછી અને મહાબોધિ સોસાઈટીની સ્થાપનાની આસપાસના વખત લગભગના છે.

રાજ્યની મદદથી બહારના બીજા ધર્મો વધારે જોરથી પ્રચાર પામે તે ઈષ્ટ છે. જૈન અને વૈદિકધર્મની સામે સ્પર્ધામાં ઉતારીને તે બંન્નેયના પ્રભાવ અને પ્રાબલ્ય હત–પ્રહત કર્યા પછી ખ્રીસ્તીધર્મનો પ્રચાર મોટા પાયા ઉપર કરી શકવાની શકયતા જન્માવી શકાય તેમ છે. અને ખ્રીસ્તીધર્મના પ્રચારને વ્યાપક આંતરરાષ્ટ્રીય બળોનો ટેકો મળવાથી બૌદ્ધધર્મ તો બિચારો કયાંય ને કયાંય ફેંકાઈ જાય તેમ છે. કારણ કે, તે આજે પોતાના બળથી આગળ વધતો નથી, પણ રાજ્યના આશ્રયથી આગળ વધે છે.

ભારત સરકારના હાલના આગેવાનો એશિયાઇ બાદ્ધધર્મી પ્રજાઓ સાથેનો સંસર્ગ વધારવાના એક નિમિત્ત તરીકે ભલે જાહેર કરે. આજે તો કોઇપણ દલીલ કે બ્હાના નીચે તેનો પ્રચાર વધવો જોઇએ. એ ધ્યેય છે. એ ધ્યેય સફળ થયા પછી હાલમાં તેની સામેની આજની રચનાત્મક હીલચાલ તેના જ ખંડનમાં ફેરવાઇ જવાની છે. આ વાતનું સૂચન લાઇટ ઓફ એશિયા (બુદ્ધ) અને લાઇટ ઓફ વર્લ્ડ (ક્રાઇસ્ટ)ની રચના ઉપરથી જ સ્પષ્ટ રીતે સૂચિત થાય છે તે વખતે બૌદ્ધધર્મને હિંદુધર્મના એક સંપ્રદાય તરીકે ગણીને

લઘુમતીમાં દબાવી દેવાનો ભાવિ ગોઠવણુના પાયા વૈશાલીમાં રોપાઈ રહ્યા છે. અને હિંદુધર્મને જગતમાંની ખ્રીસ્તીઓની બહુમતીના બળ ઉપર વિશ્વનો એક ધર્મ બનાવવાની ગોઠવણુમાં વિલીન કરી દેવાની યોજના ચાલુ થઇ ગઇ છે.

ગુજરાતના પ્રાથમિક કલાસોમાં ચાલતી 'ભારતના ઘડવૈયા' એ નામની ઇતિહાસની ચોપડીમાં એક ચિત્ર આપવામાં આવ્યું છે તે જોવા જેવું છે. તેમાં ઇતિહાસના ક્રમથી પહેલું ચિત્ર સિદ્ધાર્થ બૌદ્ધનું છે, બીજું ચિત્ર ઇસુ ખ્રીસ્તનું છે, અને ત્રીજું ચિત્ર મહાત્મા ગાંધીજીનું છે, અને વચ્ચે ચોથું ચિત્ર કડતાલ વગાડી કીર્તન કરતા નરસિંહ મહેતાનું છે. આમ છતાં ઇસુ ખ્રીસ્તનું ચિત્ર બરાબર વચ્ચે અને સ્હેજ ઉંચું રાખવામાં તેમનો વિશ્વવ્યાપક લોકપ્રિયતા અને વિશિષ્ટતા બતાવવાનો પ્રયાસ છૂપો રહી શકે તેમ નથી, અને હકીકતમાં એ મતલબનું લખ્યું છે કે, 'ઇસુ ખ્રીસ્ત ભારતની બહારના છતાં ભારતના ઘડતરમાં તેમનો ફાળો મોટો છે.' આ ઉપરાંત કેટલાક એવા ફોટાઓ દશેક વર્ષની આસપાસથી પ્રચલિત કરવામાં આવ્યા છે કે, જેમાં આગળ વધારે સ્પષ્ટતાથી ધ્યાન ખેંચે તે રીતે ગાંધીજીનો ફોટો હોય છે. પાછળ કાંઇક ઝાંખું સિદ્ધાર્થ બુદ્ધનું ચિત્ર હોય છે, અને તેની પાછળ ખૂબ ઝાંખું ક્રુસ ઉપાડી રહેલા ઇસુ ખ્રીસ્તનું ચિત્ર હોય છે.

કેટલાકમાં ગાંધીજી, રામ, શ્રી કૃષ્ણ, બુદ્ધ, મહમ્મદપેગંબર અને ઇસુખ્રીસ્તનું પણ હોય છે. તેમાં ભારતના બાળમાનસ એટલે કે ભાવિ પ્રજાના માનસમાં ભારતના મહાપુરુષોમાં પણ તેનું સ્થાન ઝાંખું ઝાંખું ભાસતું થાય. આવા ઘણા ઘણા મુત્સદ્દીગિરીથી ભરેલા વર્તમાનકાળે જેના મહત્વના કારણો ન સમજાય તેવી તરકીબો વહેતી થયેલી છે. તે પ્રમાણે બૌદ્ધધર્મના પ્રચારને રાજ્યાશ્રય આપવાની તરકીબ ભારત રાજ્યના વહીવટમાં ભુતકાળના વાયસરોયો બીજરૂપે મૂકી ગયા છે, તેને તે જાતના ખાતા મારફત વિકસિત કરવામાં વર્તમાન સરકાર આગળ પડતો ભાગ ભજવી રહી છે. આવી ઘટનાઓ શરૂ થઇ ત્યારથી જ તેની પાછળનું આ અતિટુંકું રહસ્ય સમજવામાં આવતું રહ્યું છે. બૌદ્ધધર્મના સાચા અર્થમાં ફેલાવાનો સામનો કરવા માટે આ વાત નથી, પણ આજના ઘણા કામોની પાછળ કયા રહસ્યો હોય છે તે ધ્યાનમાં લેવા જેવી બાબત છે, તે સમજો.

**મગનલાલ :** તમારી આ વાત કેટલેક અંશે તો બંધબેસતી લાગે છે. પણ તેની સામે ઘણા પ્રશ્નો પૂછવાની ઇચ્છા થાય છે.

**છગનલાલ :** એ વાત તો મેં પહેલાથી કરી છે, પણ હાલમાં તમારા એકે પ્રશ્નનો પણ ઉત્તર આપી શકાય તેમ નથી, પ્રસંગે પ્રશ્નના ખુલાસા જરૂર કરીશ. મારી વાત બંધબેસતી લાગે છે, એમ નહીં બોલતાં, 'બંધબેસતી જ છે.' એમ તમારે બોલવું જોઈતું હતું.

**મગનલાલ :** તો પછી જૈનધર્મે અને વૈદિકધર્મે પોતાના અસ્તિત્વને કાયમ રાખવા માટે શું કરવું જોઇએ ?

**છગનલાલ :** આ પ્રશ્નનો જવાબ વળી કોઇ પ્રસંગે આપીશ, હાલ આટલેથી જ બસ !

---

**ખૂબ વાર પછી પટ્ટાવાળો ઓફીસમાં પહોંચ્યો, ત્યારે મેનેજર ખુબ ગુસ્સે થયા.**

**'આટલી વાર તું ક્યાં રખડી આવ્યો ?'**

**'સાહેબ ! ટપાલમાં કાગળ નાંખવા ગયો હતો.'**

**'તે કાગળ નાંખતાં શું ત્રણ કલાક લાગે, બહુ-બહુ તો જતાં-આવતાં એક કલાક થાય.'**

**'પણ સાહેબ ! એક કાગળ ન હતો, ત્રણ કાગળ હતા, એટલે ત્રણ કલાક થાય ને !' પટ્ટાવાળાએ ગણતરી કરીને જવાબ આપ્યો.**

# ❖ દિગંબર જૈન સમાજનો સ્પષ્ટ પડકાર ❖

**સૌરાષ્ટ્રખાતે સોનગઢ મુકામે છેલ્લા કેટલાયે વર્ષોથી આશ્રમ સ્થાપીને રહેલા શ્રી કાનજી-સ્વામી, ભગવાન શ્રી મહાવીરદેવના સન્માર્ગની વિરૂદ્ધ યથેચ્છપણે પ્રરૂપણા તથા પ્રચાર કરી, ગોશાલાના નિયતિવાદને જાણે પુનર્જીવન આપી રહેલ છે. છતાં તેઓના પોતાના જીવનમાં તો અનુયાયીઓને આકર્ષવા અનેક પ્રલોભનો, આકર્ષણો તેઓ સદા ચાલુ રાખે છે. નિમિત્ત કાંઇ જ કરતું નથી, એમ કહેનાર તેઓ ચોવીશે કલાક નિમિત્તોની વચ્ચે જ પડયા-પાથર્યા રહે છે. સવાલાખ રૂ. નો પ્રવચનમંડપ, દરરોજ વ્યાખ્યાનો, 'આત્મધર્મ' પત્રનો પ્રચાર, વ્યાખ્યાનોની રેકર્ડો, માઇક્રોફોન, ઇત્યાદિ અનેક આડંબરો તેઓ રાખે છે.**

**ખાવા,પીવા તથા બીજી અનેક પ્રવૃત્તિઓ નિરંકુશપણે તેઓ ચાલુ રાખે છે. તાજેતરમાં મુંબઇખાતે તેઓશ્રીએ મુંબાદેવીના તળાવપરના ખાસમંડપમાં માઇક્રોફોન, લાઉડસ્પીકરો, ટયુબ-લાઇટો, પંખાઓ વગેરેના ભભકાઓ વચ્ચે દિવસ તથા રાત્રે ભાષણો આપ્યા હતા. હાલ તેઓએ મોટરમાં પ્રવાસ શરૂ કર્યો છે. ખૂબી તો એ છે કે, આ બધું તેઓ ભોળા દિગંબરોના નામે ચાલુ રાખે છે. આ સ્થિતિમાં દિગંબર સમાજના ધર્માનુરાગી ભાઇઓએ જાગ્રત બની કાનજી-સ્વામીના પ્રચારની પોકળતા સામે પોતાનો મક્કમ અવાજ જાહેરમાં ઉઠાવ્યો છે, એટલું જ નહી પણ દિગંબર જૈન સમાજના માનનીય શ્રદ્ધેય મુનિરાજ શ્રી નેમિસાગરજી મહારાજશ્રીએ પણ સ્પષ્ટશબ્દોમાં કાનજીસ્વામીને પડકાર આપ્યો છેઃ**

**અમને પ્રાપ્ત થયેલ એ સાહિત્ય અત્રે અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ !**

## ધર્યાં વસ્ત્ર ધોળાં, કહે ના શ્વેતાંબર ! નવસ્ત્રા ન ત્હોયે, કહે છે દિગંબર !

ભગવાન શ્રી મહાવીરદેવનો ઉપદેશ છે, વચન છે કે આ પંચમકાળમાં ધર્મ ચાળણીમાં ચળાશે પરંતુ પંચમ કાળના અંત સુધી ભગવાન મહાવીરદેવનું શાસન અવિચ્છિન્નપણે ચાલુ રહેશે. પાંચમા આરાના છેવટ સુધી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચારે તીર્થો કાયમ રહેશે.

આનો અનુભવ આજે આપણને પ્રત્યક્ષ થતો દેખાય છે. અધ્યાત્મવાદના નામે આડંબરવાદને પ્રોત્સાહન આપી રહેલ શ્રી કાનજીસ્વામી આજે મોજુદ છે.

એક બાજુ આત્મધર્મ અને અધ્યાત્મવાદની મોટી મોટી વાતો કરનાર અને બીજી બાજુ વર્તમાનપત્રોના પાને કોઇ એલપટનાં વિતરકની માફક તેમની જાહેર ખબર કરનાર તેમનો અનુયાયી વર્ગ આજે હસ્તી ધરાવે છે. પરંતુ "ઢમ ઢોલ માંહે પોલ" ની કહેવતની માફક તેમનો આડંબરવાદ છતો થઈ ગયો છે.

અનેક ધર્મપ્રેમી મુમુક્ષુઓ દ્વારા તેમને ઘણાં પ્રશ્નો કરવામાં આવ્યા છે પણ તેનો કોઇ પ્રત્યુત્તર આપવામાં આવતો નથી. આ એક સૂચક હકીકત છે. કયાંથી આપે ? જિનેશ્વરદેવના નામે અન્યમતનો પ્રચાર કરી રહેલ તેઓ પ્રશ્નોના જવાબ ન આપી શકે એ ચોક્કસ છે.

શ્રી કાનજીસ્વામીએ શ્વેતાંબર સંપ્રદાયનો ત્યાગ કર્યો છતાં શ્વેત વસ્ત્રોનો ત્યાગ કર્યો નથી એ હકીકત છે, દિગંબર કહેવડાવવા છતાં દિગંબરપણું નથી સ્વીકાર્યું એ પણ એટલી જ ચોક્કસ વાત છે. ત્યારે સમજવું શું ? શું માત્ર ભોળા જીવોને બતાવવાનો એક સ્ટંટ છે એમ જ માનવું ને ?

જૈન જગત સમક્ષ આજે અમે એ જાહેર કરવા માગીએ છીએ કે–કાનજીસ્વામી શ્વેતાંબરે ય નથી, દિગંબરે ય નથી કે રક્તાંબરે ય નથી. તેઓ કોઇ અધ્યાત્મયોગી કે આત્મધર્મના પ્રણેતા પણ નથી.

તેમના વિહારની જાહેર ખબર થાય છે. પરંતુ તેમનો વિહાર એ કોઈ જૈન સાધુની પાદયાત્રા નથી. એ તો માત્ર સર્વપ્રસાધનલભ્ય મોટરની સહેલગાહ છે. આત્મધર્મના આ કહેવાતા પ્રચારક પરમ પવિત્ર યાત્રાધામ શ્રી સમેતશિખરજીની સહેલગાહે મોટરમાં જવા

નિકળ્યા છે! આ છે તેમનો આત્મધર્મ કે અધ્યાત્મવાદ?-એક બાજુપૌદ્ગલિક સુખોના ત્યાગની વાતો અને બીજીબાજુ ભૌતિક સાધનોમય ભોગ-વિલાસમાં મસ્ત રહેવું એને જો આત્મધર્મ કે અધ્યાત્મવાદ કહેવામાં આવે તો માત્ર આત્મધર્મ અને અધ્યાત્મવાદ શબ્દોની ક્રૂર મશ્કરી સિવાય કાંઈ નથી.

[ સેવા સમાજ ]

[૨]

## મુંબઈના દિગંબર જૈનોની હીરાબાગ હોલમાં ભરાયેલી જાહેર સભા

મંગળવાર તા. ૧૫ મી જાન્યુઆરીના બપોરે બરાબર ૨-૩૦ સી. પી. ટેન્ક પર આવેલા હીરાબાગ હોલમાં દિગંબર જૈનોની શ્રી કાનજીસ્વામી બાબત માટે એક મોટી સભા ભરવામાં આવી હતી. તેનું પ્રમુખસ્થાન શેઠ ફુલચંદજી જઇન (રામવીર કંપનીવાળા) ભાઇએ સ્વીકાર્યું હતું

આ સભામાં ચુસ્ત દિગંબરી જૈન ભાઇઓની હાજરી ઘણા મોટા પ્રમાણમાં હતી, પ્રશ્નોની છણાવટ થતાં, સામસામી ચર્ચાઓ થતાં, શ્રી કાનજી સંપ્રદાય માટે દિગંબરી બંધુઓએ પોતાનું દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેઓના મુખ ઉપર ધાર્મિક સિદ્ધાંતો બાબત સંકોચની રેખાઓ સ્પષ્ટ ઉપસી આવેલી દેખાતી.

ત્યારપછી કાનજીભાઇના ગોળમટોળ ઉપદેશનું વિવરણ આપતાં ભાઇશ્રી ચાંદમલજી મહેતાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. અને સંઘભક્ત શિરોમણિ ધર્મનિષ્ઠ શેઠ શ્રી ગેનમલજી ફર્મ પુનમચંદ ઘાસીલાલજીવાળાએ સખ્ત જોરદાર શબ્દોમાં મૂળ પ્રસ્તાવની અનુમોદના કરી હતી. તે પછી શેઠ જગજીવન કસ્તુરચંદ, શેઠ ચાંદમલજી ગાડીયા, શેઠ શાંતિલાલ મોતીલાલ, શેઠ માણેકચંદજી કાલા, તથા શેઠ રામજીલાલ અગરવાલ બોરીવલીવાળાએ અનુમોદના કરી હતી. તે ઠરાવ આ મુજબ છે.

'મુંબઇ દિગંબર જૈન સમાજની આ સભા પ્રસ્તાવ કરે છે કે,-સોનગઢથી આવેલા ભૂતપૂર્વ સ્થાનકવાસી સાધુ, શ્રી કાનજી સ્વામી જેઓએ આચાર્ય શ્રી ૧૦૮ કુંદકુંદાચાર્ય રચિત સમયસાર શાસ્ત્રનું અધ્યયન કરીને સ્થાનકવાસી સંપ્રદાય છોડી દીધો, અને પોતે દિગંબર સંપ્રદાય અંગીકાર કર્યો છે તેવું જાહેરમાં તેઓ કહે છે. પોતે જ પોતાને કુંદકુંદાચાર્યના અનુયાયી જણાવે છે. તેઓએ જુના રીતરીવાજો છોડી દીધા તેથી તેઓના ભક્તો તેમને મહાન ગુરુદેવ, કહાન પ્રભુ-વિશ્વોદ્ધારક, દિવ્યપુરુષ અધ્યાત્મક તત્વવેત્તા વગેરે વગેરે ઘણાં જ ઉપનામોથી સંબોધે છે. આ વાતને કાનજી સ્વામી રોકતા નથી. આથી વસ્તુત: ધર્મના સિદ્ધાંતોનો લોપ થાય છે અને પોતાની ચારિત્રશિથિલતાને ઢાંકવા આત્મવાદ અને આત્મધર્મ ઉપર ભાર મૂકીને આગમ વિરૂદ્ધ પ્રચાર કરે છે.

તેઓનું આચરણ પણ દિગંબર જૈનધર્મને અનુકુળ નથી. સવારના સાડાચાર વાગે ફરવા જવું, સવારના ૬ વાગ્યામાં લોકોને ઘરે જઇ પાદ પક્ષાલન કરાવવું, રૂપિયાની ભેટો લેતા ફરવું. વગેરે વગેરે દિગંબર જૈન સાધુના આચરણથી વિરૂદ્ધનું આચરણ છે. આવી ક્રિયાઓને પાખંડ કહેવાય છે.

તેઓએ પોતે કોઈ પ્રકારે કુંદકુંદાચાર્યની દિગંબર જૈનધર્માનુકૂલ પ્રતિમાધારી કે ત્યાગી, બ્રહ્મચારી, ક્ષુલ્લક એલક અનુસરીને આજ્ઞા અને મુનિધર્મનો સ્વીકાર કર્યો નથી. પરંતુ વર્તમાન વ્રતોવાળા સાધુઓનો પ્રબળ વિરોધ કરે છે. આવી વ્યક્તિને દિગંબર જૈન સમાજ કોઇપણ રીતથી માન નહી આપી શકે.

જે શ્રી કુંદકુંદાચાર્ય આદિ મહર્ષિઓને તેઓ પૂજ્ય માને છે, આ મહર્ષિઓએ શાસ્ત્રમાં સ્પષ્ટ બતાવ્યું છે કે, 'પંચમ કાળના અંતકાળ સુધી દિગંબર જૈન મુનિ રહેશે,' તે છતાં પણ તેઓ દિગંબર જૈન મુનિઓને મિથ્યાત્વી કહીને ખોટો પ્રચાર કરે છે. આથી સ્પષ્ટ જણાય છે કે-તેમનામાં સમ્યકત્વ કેટલા અંશે છે.

તેથી આ સભામાં ઉપસ્થિત થયેલા સર્વે ભાઈઓ અને બધાં દિગંબર જૈન ભાઇઓને જણાવવાનું કે, તેઓને આપણા કોઇ પણ પ્રકારના ગુરુ ન સમજવા. તેમના આ મીઠા શબ્દોથી પ્રલોભનમાં ન ફસાવું અને સાથે સાથે દિગંબર જૈન વિદ્વાનોને વિનંતિ કરીએ છીએ કે શ્રી કાનજી સ્વામીને આપણા આગમ અનુકૂળ સિદ્ધાંત સમજાવીને વાત્સલ્યતા બતાવીને જૈન

ધર્મનો પ્રચારે કરતાં શીખવે.

ત્યારપછી લગભગ ૩-૩૦ વાગે સભા ગંભીરપણે બરખાસ્ત થઇ હતી.

[ સેવાસમાજ ]

## [૩]

## દિગંબર જૈન મુનિશ્રી શ્રી ૧૦૮ શ્રી નેમિસાગરજી મહારાજનો

### સ્પષ્ટ પડકાર

શ્રી કાનજી સ્વામી જે રીતે દિગંબર ધર્મના પ્રચારક કહેવાય છે તે અંગે મુંબઈ ખાતે 'સેવા સમાજના' પ્રતિનિધિએ બોરીવલી ખાતે બિરાજમાન દિગંબર જૈન મુનિશ્રી ૧૦૮ શ્રી નેમિસાગરજીની મુલાકાત લીધેલી તેનો અહેવાલ અમો નીચે રજુ કરીએ છીએ.

પ્રશ્ન— દિગંબર જૈન શ્રી કાનજી મુનિકે બારેમેં આપકા કયા ખ્યાલ હય ?

મુનિ શ્રી— જબ આપ દિગંબર કહેતે હો તો ઈનસે પૂછો કી આપ ગૃહસ્થ ધર્મ ઔર મુનિધર્મ કોનસે ધર્મમેં હો !

તુમ દિગંબર કહેતે હો તો તુમારી ક્રિયા મુનિ યા શ્રાવક કી માફિક હય ? આપ ના કહેતે હય તો આપ મિથ્યાત્વી હય.

અઠ્ઠાવીસ ગુણ વાલેકો હી મુનિ કહા જાતા હય. ઔર પંચમ કાલકે આખીર તક વૈસે મુનિ રહેગા ઐસા ભગવાનકા વચન હય. જો મુનિકા આચાર- 'મૂલાચાર,' પદ્મનંદી,' પંચવિંશતિ' આદિમેં કહા હય ઉનકા આપ પાલન કરતે હૈ કયા ? ઔર પંચ મહાવ્રત, ઇર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપ, ઉત્સર્ગ- યહ પાંચ સમિતિકા પાલન, પાંચ ઇંદ્રિયોં કા સંયમ, સામાયિક, વંદના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, કાયોત્સર્ગ ધ્યાન આદિ કરતે હય ?

નગ્ન રહના, સ્નાન નહિ કરના, દાંત નહિ ઘીસના ખડે હો કર હાથોમેં દિનમેં એકબાર આહાર કરના, કેશલોચ કરના ઔર ભૂમિશયન યહ સબ આપ કરતે હૈ કયા ? આહાર સૂર્યોદયકે બાદ સવા ઘંટે બાદ કરના, યહ સબ દિગંબર મુનિકી ક્રિયા હય.

અબ આપ યહ બતાઓ ઐસી ક્રિયા વો કરતે હૈ ના ?

ઔર ઐસી ક્રિયા કરનેવાલે મુનિ નહિ તો કયા હોતે હૈ ? વો ઇનસે પૂછો.

અગર વો ગૃહસ્થ હય તો દેવપૂજા, ગુરુપૂજા, દાન, સ્વાધ્યાય, સંયમ તપ આદિ કરતે હૈ ?

પાંચ અણુવ્રત, તીન ગુણવ્રત ચાર શિક્ષાવ્રત આદિકા પાલન કરતે હૈ ?

ના.

**તો વો મુનિભી નહિ હૈ ઔર શ્રાવકભી નહિ હય.**

ફિર આપ શ્રાવકોસે દર્શન કયોં કરાતે હૈ.

**યહ સબ વીતરાગદેવકી વાણીકા અપમાન હય.**

આ ઉપરથી શ્રી કાનજીસ્વામીને દિગંબર સમજનાર ભાઇઓ, તેમના દિગંબર સમાજમાંથી થયેલ અનુયાયીઓ તોલ બાંધે અને આ મહામિથ્યાત્વના ફંદામાંથી વહેલામાં વહેલી તકે પાછા ફરે !

[ સેવાસમાજ ]

**શ્રીમંત સુંદરીના સુકોમળ હાથ પર અંગુલીને શણગારતા લાખખોની કિંમતના હીરા કરતાં, મંદિર, ધર્મસ્થાન, વાવ, ધર્મશાળા કે પરબના મકાનમાં ચણાયેલો એક નાનકડો પત્થર વધુ કીમતી છે, જે લાખો-કરોડો માણસોને ઇહલૌકિક કે આધ્યાત્મિક શાંતિ આપનાર આશિર્વાદરૂપ બને છે.**

# સુરપ્રિય—મુનિ—કથા

## પૂ૦ મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજ

દક્ષિણ ભરતમાં સુસુમાપુરનગરમાં ચંદ નામે રાજા છે, તેને તારા નામની રાણી છે, તે નગરમાં સુંદર નામે શેઠને મદનશ્રી નામે પત્ની, અને સુરપ્રિય નામે પુત્ર છે. પિતા–પુત્રને પૂર્વ-જન્મના સંસ્કારથી વૈરભાવ રહે છે.

ઘરમાં ધન ઓછું થયા પછી પિતા–પુત્ર પરદેશ જવાનો વિચાર કરે છે. બંને સાથે નીકળે છે. ગામ બહાર કાંઈક દૂર ગયા પછી સફેદ પૂંઆડનું વૃક્ષ જુએ છે. આની નીચે અવશ્ય ધન હોય એવું શાસ્ત્રવચન છે, એમ વિચારી બંન્ને ઘેર પાછા આવે છે. રાત્રિમાં પુત્ર બાપને છેતરીને એકલો ધન લેવા માટે તે સ્થળે જાય છે. પણ ધન જોવામાં આવતું નથી. કારણ કે, એના બાપે એની પહેલાં જઈને, એ ધન કાઢીને બીજી જગ્યાએ સંતાડી દીધું હતું. બીજે દિવસે પુત્ર પિતાને પૂછે છે, પિતા કબૂલ કરતો નથી. લોભથી રોષે ભરાઈને પુત્ર પિતાને ગળે ફાંસો દઈને મારી નાંખે છે.

સુંદર શેઠ મરીને આર્તધ્યાનથી ગોહ (ઘો) નો અવતાર પામે છે. એ ધનની આજુબાજુમાં ઉત્પન્ન થાય છે. એ ધન એક રત્નની કિંમતી માળા હતી, એને લઈને ફર્યા કરે છે. સુરપ્રિય કોઈ વખતે એ ધનની તપાસ કરવા જાય છે. એટલામાં ફરતા ઘોને રત્નની માળા મોઢામાં લઈને ફરતી જૂએ છે. એ જોઈને સુરપ્રિયને લોભ જાગે છે, હાથમાં મજબૂત દંડ છે, ઘોની સામે વિકરાળ નજર નાંખે છે, એને ડર લાગે છે, ભાગવાની તૈયારી કરે છે. સુરપ્રિય દંડ મારીને એને મારી નાંખે છે, રત્નાવળી લઈ લે છે. રત્નાવળીની ખબર રાજાને પડી જાય, તો ધનમાલ લૂંટી લે, મરાવી નાંખે, રત્નાવળી પણ લઈ લે. એ ભય હોવાથી મારૂં આ કાર્ય કોઈએ જોયું તો નથી ને, એ વિચારથી સુરપ્રિય ચારે બાજુ નજર નાંખે છે.

સુંદર શેઠનો જીવ ઘોના ભવમાંથી મરીને તે નગરના ઉદ્યાનમાં સીંચાણું (બાજ) પંખી થાય છે. પાપમય જીવન પસાર કરે છે.

સુરપ્રિય ચારે બાજુ નજર નાંખે છે, એટલામાં એક મુનિવરને કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભેલા જૂએ છે. આ સાધુ મારૂં કર્તવ્ય જોઈ ગયા હશે, બીજાને કહી દે એના પહેલાંજ મારી નાખું, એમ વિચારી દંડ લઈને સાધુને મારવા દોડે છે. ત્યાં જઈને મુનિવરને ન કહેવાનાં વચનો કહે છે. મુનિ તો ધ્યાનમાં ઉભા છે. સુરપ્રિય મારતા પહેલાં કહે છે કે,–જો તમે સાચા જ્ઞાની હો તો મારા મનની વાત કહો, નહિ તો આ દંડથી તમોને મારી નાખીશ. મુનિવર જ્ઞાની હતા, આ જીવને આ પ્રસંગે લાભ થશે, એમ જાણ્યું. જવાબ આપે છે કે, તારૂં અને તારા બાપનું હે સુરપ્રિય ! આ ભવનું અને પૂર્વભવનું સઘળું ચરિત્ર હું જાણું છું. એ સાંભળીને સુરપ્રિય આશ્ચર્ય પામે છે. રોષ ટાળે છે, મુનિને નમે છે, ખમાવે છે, અને વિનવે છે કેઃ—

હે કરુણાનિધિ ! મને એ ચરિત્ર કહો. મુનિરાજ પૂર્વભવ કહે છે. વિંધ્યાચળની અટવીમાં એક મોટો હાથી પોતાના જૂથની સાથે રહેતો હતો. તેનાથી દૂર જંગલમાં એક બળવાન સિંહ રહેતો હતો. સિંહે એકવાર હાથીને જોયો, ક્રોધથી લાલચોળ થયો, હાથીને ભય લાગ્યો, સિંહ ઉછળીને એના ઉપર પડ્યો, હાથીને મારી નાંખ્યો. પરાક્રમ કરીને સિંહ

અભિમાને ચડયો. એવામાં અષ્ટાપદ (શરભ) પશુ આવ્યો. એને જોઇને સિંહ થરથર્યો, એણે સિંહને માર્યો. સિંહ રૌદ્રધ્યાનથી મરી પહેલી નરકે ગયો, ત્યાંના અપાર કષ્ટો સહન કરીને, નરકમાંથી નિકળી સુંદર શેઠ તારો બાપ થયો. હાથી મરીને કેટલાક ભવ ભમીને તું સુરપ્રિય થયો. આ તારી અને તારા પિતાની પૂર્વજન્મની હકીકત છે. હવે આ જન્મની હકીકત સાંભળ.

તમે બે જણાએ જે ધન પૂંઆડ નીચે જોયું હતું, તે ધન એક લોભીયા માણસે ઘણા વખત પહેલાં ત્યાં દાટ્યું હતું. મરીને ત્યાં સર્પ થયો હતો. સર્પ મરીને એ પૂંઆડના વૃક્ષ તરીકે એકેન્દ્રિયપણામાં ઉત્પન્ન થયો છે. એકેન્દ્રિયપણામાં પણ એને ધનની મૂર્છા લાગેલી છે. એથી એના ઉપર મૂળ ઢાંકીને રહેલ હતો. તે ધન તારા પિતાએ લોભથી કપટ કરી જુદા ઠેકાણે સંતાડી દીધું. તને ન બતાવ્યું. તેં એને મારી નાખ્યો. મરીને ઘોના અવતારમાં આવ્યો. એ સ્થળે રત્નમાળા જોઇ. મૂર્છા વળગી. એને મુખમાં લઇને ફરતો હતો, તેં તેને આજે માર્યો. આ રીતે તારા પિતાને તેં બે વખત માર્યો. મહાનુભાવ ! આ ધન જ સર્વ અનર્થનું મૂળ મૂળ છે. હવે વૈર ન રાખીશ. અને સમજણ હોય તો કાંઈક આત્માનું કરજે.

આ બધું સાંભળીને સુરપ્રિય જાતિસ્મરણ પામ્યો. ભવ દીઠા. કરેલા પાપનો પશ્ચાત્તાપ થયો. સંસારની વિચિત્રતા ખૂબ વિચારી. અજ્ઞાનતા હોવાથી, પાપને ટાળવા માટે આપઘાત કરી મરવાનો વિચાર આવ્યો. ગુરુમહારાજે સમજાવ્યો કે આત્મહત્યા કરવાથી પાપ ન ટળે. એવાથી તો પાપ અધિક બંધાય. સંયમ અને તપથી આત્માની શુદ્ધિ થાય. સાંભળીને સુરપ્રિયને ચારિત્રની ભાવના થાય છે. મુનિરાજને વારંવાર ખમાવે છે, પોતાનું ધન સારા માર્ગે ખર્ચી નાખે છે, રત્નની માળા હતી તે રાજાને આપી દે છે. પોતે મુનિરાજ પાસે સંયમ ગ્રહણ કરે છે. તીવ્ર વૈરાગ્યપૂર્વક સંયમના સર્વ યોગો સાધે છે. રત્નત્રયીની સુંદર આરાધના કરતાં, અનેક જન્મના પાપોને ધૂએ છે. ફરી વિચરતા-વિચરતા સુસુમાપુર નગરે આવે છે. બહાર ઉદ્યાનમાં એકાંત સ્થળમાં, શિલા ઉપર કાઉસ્સગ્ગધ્યાને ઉભા રહ્યા છે.

તે રત્નમાળા ચંદરાજાએ પટરાણીને આપી છે. એ રોજ આનંદથી પહેરે છે, અને બરાબર સાચવે છે. એક દિવસ સ્નાન કરવા બેસતાં રત્નમાળા કાઢીને ઉંચે સ્થળે મૂકે છે. એવામાં અચાનક તે સીંચાણો પંખી આવે છે. માળાને માંસ સમજીને ઉપાડી જાય છે. રાણી ન્હાવામાં હોવાથી ધ્યાન રહેતું નથી.

પંખી ઉડીને વનમાં આવે છે. મુનિ ઉભા છે એમને લાકડાનું ઠુંઠું માની માથે બેસે છે. બેઠા પછી મનુષ્ય આકૃતિ જણાવાથી ગભરાય છે. માળા ફેંકી દે છે. મુનિવરના બે પગ વચ્ચે પડે છે. પંખી નજીકના ઝાડ ઉપર જઇને બેસે છે.

તારાદેવી પટરાણી ન્હાઇને ઉઠીને માળા જુએ છે, તો દેખતી નથી. રાજાને જણાવે છે. રાજા માણસોને માળાના ચોરની તપાસ કરવા મોકલે છે. માણસો ઘણું ખોળે છે, પણ મળતી નથી. છેવટ મુનિ પાસે આવે છે માળા એમના પગમાં જોઇ આ જ ચોર છે એમ નક્કી કરે છે. રાજાને કહે છે. રાજા મારી નાંખવાનો હુકમ આપે છે.

રાજાના માણસો મુનિને મારવા આવે છે. મુનિ સમતારસમાં અધિક-અધિક લીન થતા

જાય છે. ઝાડની ડાળે ફાંસીએ લટકાવી ખેંચે છે. ફાંસી તૂટી જાય છે, ત્રણ વાર એમ કરે છે, છતાં ફાંસી તૂટી જાય છે. મુનિવરની ધ્યાનધારા અખંડપણે વધતી જાય છે. આત્મા શુક્લધ્યાનમાં ચડે છે.

રાજપુરુષો મુનિને શૂળીએ ચડાવે છે. નજીકમાં રહેલી વનદેવી શૂળીનું સિંહાસન બનાવી છે. મુનિ ક્ષપકશ્રેણિએ ચડીને કેવળજ્ઞાન પામે છે. રાજાના માણસો આશ્ચર્ય પામે છે. રાજાને હકીકત કહે છે. રાજા પણ આનંદથી પરિવાર સાથે વાંદવા આવે છે. મુનિરાજ પોતાનું ચારિત્ર કહે છે. તે સાંભળતાં સિંચાણા પંખીને જાતિસ્મરણ થાય છે. મુનિના પગમાં પડી ખમાવે છે. અણસણ માગે છે. રાજા એ જોઇ ઘણો વિસ્મિત થાય છે. એની હકીકત પૂછે છે.

મુનિવર એનો પૂર્વભવ કહે છે, અને અત્યારે અનશનની માગણી કરે છે, એમ જણાવે છે. રાજા વગેરે ખુશી થાય છે. મુનિ એનું આયુષ્ય અલ્પ જાણી અનશન કરાવે છે. આરાધના પામીને પહેલા દેવલોકમાં જાય છે. ચંદ રાજાને વૈરાગ્ય થાય છે. દીક્ષા લે છે. આરાધના કરીને પાંચમા દેવલોકમાં ઇન્દ્ર થાય છે. સુરપ્રિય કેવળી જગત ઉપર ઉપકાર કરી, આયુ પૂરું કરી, સિદ્ધિપદને પામે છે.

સમતાવંત મુનિવરોને ક્ષણે ક્ષણે કોટિશઃ વંદન હોજો.

—૦—

# અદ્‌ભૂત પ્રભાવ

## પૂ૦ મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજ

૨૦૦૮ ના જેઠ વદ ૨ ના દિવસે વિહારમાં મેમદાવાદથી નડીઆદ રેલ્વેપાટાની બાજુમાં જતા હતા, તે વખતે વચમાં મોટો પુલ આવ્યો. તેમાં માણસો માટે જુદો પેસેજ હોવાથી વચલા સ્ટેશને ટ્રેઇન ઉભી હતી તે આવે તે પહેલાં પુલ ઓળંગી જઇશ એ ગણત્રીએ આગળ વધ્યો, ૨-૩ ફુટ પુલ ઓળંગવાનો બાકી રહ્યો ત્યારે પાછળથી ટ્રેઇન પુલ ઉપર ચડી ગઈ. જેથી પુલ આખો એટલો બધો ધ્રૂજવા માંડયો જેથી આગળ વધી શકાયું નહિ. જેથી નદી બાજુ મોઢું કરી કઠોડો પકડી ઉભો હતો, અને નવકારમંત્ર તથા 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ' ગણતો હતો. તે જોઇને કેબીનનો માણસ દોડતો આવતો હતો, એટલામાં ટ્રેઇન પસાર થઇ ગઇ, અને હું આગળ વધ્યો. તે માણસ મળ્યો, અને કહ્યું કેઃ—

મને ખાત્રી હતી કે–આ સાધુમહારાજ હમણાં ખલાસ થશે. હું તમને બચાવવા દોડતો હતો, અહીં આ રીતે ઘણા ભીખારી–બાવા વગેરે મરી ગયા છે. તમે બચી ગયા એ અજબ કહેવાય. તમે નશીબદાર, આ માલગાડી હતી. કારણ પેસેન્જર ટ્રેઇન હોત તો દરવાજો ખુલ્લો હોત તો દરવાજો વાગતાં જ એકસીડન્ટ થાત. આ માલગાડીમાં પણ ભેંસોના ડબ્બાના દરવાજા ખુલ્લા હતા, પરંતુ એના દરવાજા કોઈ ચમત્કારથી બંધ રહ્યા. અધવચ હોત તો પણ એકસીડન્ટ થાત.'

જવાબમાં કહ્યું કેઃ—' મને એવી કલ્પના હતી કે પુલમાં બાજુમાં માણસોનો જુદો પેસેજ છે. જેથી ટ્રેઇન આવે તો પણ વાંધો ન આવે એમ સમજીને હું આવતો હતો. મને આયંબિલની ૧૨ મી ઓળી ચાલે છે. નવકારમંત્ર તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ એ ત્રિવેણીના પ્રતાપે બચી ગયો.' તે સાંભળી તેણે કહ્યુંઃ આપનું કહેવું બરાબર છે, પરંતુ પેસેન્જર ટ્રેઇન અગર માલગાડીનો દરવાજો બરાબર બંધ હોય તો વાંધો નહિ. પરંતુ આપણા લોકો એટલા બેદરકાર છે કે–મોટે ભાગે ઘણા દરવાજા ખુલ્લા હોય છે. અને ઘણા અકસ્માત થાય છે. માટે ટ્રેઇન આવતી હોય ત્યારે પુલ પર જવું નહિ, ભૂલથી આવી ગયા હોઇએ તો બેસી જવું. પરંતુ ઉભા રહેવું નહિ. સંભાળવા જેવું છે.' આ રીતે દેવ–ગુરુ તથા આયંબિલના પ્રતાપે મરણમાંથી અજબ બચાવ થઈ ગયો.

# * જૈનદર્શનનો કર્મવાદ *

## વિપાકહેતુએ કર્મપ્રકૃતિઓનું વર્ગીકરણ.

માસ્તર ખુબચંદ કેશવલાલ-સિરોહી ( રાજસ્થાન )

દરેક સંસારી જીવને દરેક ભવમાં સંસારીપણે જીવવા માટે શરીર ધારણ કરવું જ પડે છે. એક ભવનું આયુષ્ય પૂર્ણ થતાં તે ભવધારણીય શરીર તો ત્યાં જ પડ્યું રહે છે. અને આત્મા ત્યાંથી નીકળી બીજે સ્થળે ઉત્પન્ન થઇ નવી શરીરરચનાનો પ્રયત્ન આદરે છે. નવું શરીર રચવા માટે તે તે શરીરને યોગ્ય પુદ્દગલોનું ગ્રહણ અને પરિણુમન કરવું પડે છે. શરીરને યોગ્ય પુદ્દગલ-વર્ગણુાઓ ચૌદે રાજલોકમાં વ્યાપ્ત છે તે તો પ્રથમના લેખમાં કહેવાઈ ગયું છે. શરીરરચનાને ઉપયોગી તે પુદ્દગલ-વર્ગણુાનું ગ્રહણ અને પરિણુમન પોતાના આત્માની સાથે સંયુક્ત બની કર્મરૂપે પરિણુામ પામેલ કાર્મણુ વર્ગણુાના પુદ્દગલોને આધીન રહી દરેક આત્મા કરે છે. શરીર યોગ્ય પુદ્દગલોની ગ્રહણુતા અને પરિણુમતા કરાવનાર જીવે પૂર્વ ભવમાં ઉપાર્જિત કરેલા કર્મો જ છે. તે કર્મ પ્રકૃતિઓ "નામકર્મની પ્રકૃતિઓ" છે. નામકર્મને જૈનદર્શનકારોએ ચિત્રકારની ઉપમા આપેલી છે

ચિત્રકારને જેવું ચિત્ર તૈયાર કરવાની ઇચ્છા હોય તેને અનુરૂપ રેખા-રંગ-સફાઈ વગેરે સામગ્રી પહેલેથી તૈયાર કરી રાખે છે. તે સામગ્રીઓમાં જેટલી સ્ખલના હોય તે મુજબ ચિત્રના કાર્યમાં સ્ખલના થાય છે. એટલે ચિત્રના કાર્યમાં કોઈપણુ જાતની ખામીઓ અનુભવવી ન પડે તેની સાવચેતી પ્રથમથી જ રાખવામાં આવે છે. જે ચિત્ર માટે બધી યોગ્ય સામગ્રી પહેલેથી મેળવી રાખેલ હોય તે ચિત્ર છેવટે બરાબર તૈયાર થાય છે. મકાન બનાવનાર કે કારખાનું ચલાવનારા તેના નિયામકોને જેવું મકાન બનાવવું હોય તે પ્રમાણે જ વેતરણી પ્રથમથી જ કરે છે. તે વેતરણી અને વ્યવસ્થા મુજબ કારખાના યા મકાનનું કામ ક્રમસર અને વ્યવસ્થિત ચાલુ રહે છે. તેવી રીતે એક ભવમાંથી છુટી બીજા ભવમાં ઉત્પન્ન થનાર પ્રત્યેક આત્માને ઉત્પન્ન થતાંની સાથે જ શરીરરચના અંગે પૂર્વે આ ભવ માટે ઉપાર્જન કરેલા કર્મોની અસર થવા માંડે જ છે. એટલે આખી રચના તે પ્રમાણે જ શરૂ થાય છે. અને બધી અસરોના પરિણુામે અમુક ચોક્કસ સ્વરૂપમાં આખું શરીર તૈયાર થતું જાય છે. અહીં શરીરરચનાના કાર્યમાં ૭૨ કર્મપ્રકૃતિઓ દ્વારા શરીરને યોગ્ય પુદ્દગલોનું ગ્રહણ અને પરિણુમન થાય છે. પુદ્દગલનું ગ્રહણુ અને પરિણુમન કરાવવા દ્વારા જીવને વિપાકનો અનુભવ કરાવનારી હોવાને અંગે જ આ કર્મપ્રકૃતિઓ શાસ્ત્રમાં **"પુદ્દગલ વિપાકી"** પ્રકૃતિઓ તરીકે ઓળખાય છે, તે ૭૨ પ્રકૃતિઓ નીચે મુજબ છે.

શરીર નામકર્મ-૫.
અંગોપાંગ નામકર્મ-૩.
બંધન નામકર્મ-૧૫.
સંઘાતન નામકર્મ-૫.
સંહનન નામકર્મ-૬.
સંસ્થાન નામકર્મ-૬.
વર્ણ નામકર્મ-૫.
ગંધ નામકર્મ-૨.
રસ નામકર્મ-૫.
સ્પર્શ નામકર્મ-૮.
અગુરુલઘુ નામકર્મ-૧.
નિર્માણ નામકર્મ-૧.

પરાઘાત નામકર્મ-૧.
ઉપઘાત નામકર્મ-૧.
આતપ નામકર્મ-૧.
ઉદ્યોત નામકર્મ-૧.
પ્રત્યેક નામકર્મ-૧.
સાધારણ નામકર્મ-૧.
શુભ નામકર્મ-૧.
અશુભ નામકર્મ-૧.
સ્થિર નામકર્મ-૧.
અસ્થિર નામકર્મ-૧.
કુલ-૭૨-પ્રકૃતિઓ છે.

ગતિનામકર્મ અને જાતિનામકર્મ અનુસાર નક્કી થયેલ પરિસ્થિતિ તથા ઉત્પન્ન થવાના સંયોગવાળા સ્થળે આનુપૂર્વી કર્મવડે લાવી મુકાતાંની સાથે જ તે જ વખતે-તેજ પહેલે સમયે તે આત્માને શરીર નામકર્મ ઉદયમાં આવે છે, ઉત્પન્ન થયેલ આત્મા તે ગતિકર્માનુસાર જે ગતિમાં ઉત્પન્ન થયો હોય તે પ્રમાણે તદ્‌ગત્યનુસાર સામગ્રીઓ પ્રાપ્ત કરે છે. ઉત્પત્તિ સ્થાને ઉત્પન્ન થયેલ આત્માને શરીર યોગ્ય પુદ્‌ગલ વર્ગણાઓમાંથી યથાયોગ્ય વર્ગણા ગ્રહણ કરવાનો હક્ક આ શરીર નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. અને તે શરીર ટકી રહે ત્યાં સુધી તે પ્રમાણે વર્ગણા ગ્રહણ કરવાનો હક્ક ચાલુ રહે છે.

અહીં સમજવું જરૂરી છે કે-પાંચ પ્રકારના શરીરો પૈકી મનુષ્ય અને તિર્યંચને યોગ્ય મુખ્યપણે ઔદારિક શરીર છે, અને દેવ તથા નારકને યોગ્ય વૈક્રિય શરીર છે. એટલે મનુષ્ય અને તિર્યંચને ઔદારિક શરીર બનાવવા માટે જીવે પૂર્વે બાંધેલું **ઔદારિક શરીર નામકર્મ** તે ઔદારિક શરીરપણે ગ્રહણ યોગ્ય જે ઔદારિક જાતની પુદ્‌ગલ વર્ગણા છે તેમાંથી વર્ગણા મેળવવાનો હક્ક આપે છે, અને દેવ તથા નારકને વૈક્રિય શરીર બનાવવા માટે તે જીવે પૂર્વે બાંધેલું **વૈક્રિયશરીર નામકર્મ** વૈક્રિય જાતિની પુદ્‌ગલ વર્ગણા મેળવવાનો હક્ક આપે છે. શરીરને યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ કરવામાં જીવનો કાયયોગ (શરીરનો વ્યાપાર) છે. તદ્‌યોગ્ય તે કાયયોગ તો શરીર તૈયાર થયા પછી હોય છે. તૈયાર થયેલ તે કાયયોગ દ્વારા તો તે શરીર ટકી રહે ત્યાં સુધી તે જીંદગી પર્યંત તે શરીરને યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ ચાલુ જ હોય છે. પરંતુ ઉત્પત્તિના પ્રથમ સમયે કંઇ તદ્‌ભવ યોગ્ય શરીર તૈયાર હોતું નથી. તે શરીર તો, તે શરીર યોગ્ય પુદ્‌ગલના ગ્રહણ અને પરિણમનથી તૈયાર થાય છે. એટલે ઉત્પત્તિના પ્રથમ સમયે ગ્રહણ કરાતાં શરીરનાં પુદ્‌ગલોને જીવ અનાદિકાળથી પોતાના આત્મા સાથે સંયુક્ત થઇ રહેલ તૈજસ્ તથા કાર્મણ શરીરના સંયોગે ગ્રહણ કરે છે. આને આહારગ્રહણ કહેવાય છે. ચોવીસે દંડકમાં-પાંચેય જાતિમાં-છએ કાયમાં એમ જ્યાં જ્યાં શરીરો હોય, પછી ચાહે ઔદારિક-વૈક્રિય કે આહારક હોય તે બધાયમાં તૈજસ તથા કાર્મણ શરીર તો માનવાં જ પડે. કારણ કે અનાદિકાળથી તે બન્ને શરીરો જીવને સંયુક્ત જ છે, અને તે તૈજસ તથા કાર્મણ વિના બીજા બને જ નહિ. પરભવથી આવેલ આત્માને તૈજસ તથા કાર્મણ શરીર તો સાથે જ હોય છે, અને તે વડે જ ઔદારિક વગેરે પુદ્‌ગલો ગ્રહણ કરે છે. જીવને આ તૈજસ અને કાર્મણ શરીર અપાવનાર તે અનુક્રમે તૈજસ શરીર નામકર્મ અને કાર્મણ શરીર નામકર્મ છે. અને ચૌદ પૂર્વધારી મુનિઓને આહારક શરીર બનાવવામાં કારણભૂત આહારક શરીર

નામકર્મ છે. આ પ્રમાણે પાંચે શરીરને યોગ્ય પાંચે પ્રકારની પુદ્‌ગલવર્ગણા ગ્રહણ કરનાર તે તે નામવાળાં પાંચે પ્રકારનાં શરીર નામકર્મો છે. તૈજસ–કાર્મણ અને આહારક શરીરો સૂક્ષ્મ વર્ગણાનાં બનેલાં હોવાથી ચર્મચક્ષુથી દેખી શકાતાં નથી.

હવે સ્વશરીર યોગ્ય પુદ્‌ગલ વર્ગણાનું ગ્રહણ જીવ શરીર નામકર્મના ઉદયે કરે છે, પરંતુ ગ્રહણ કરાતી તે પુદ્‌ગલ વર્ગણા રેતીના લાડુ જેવી ભરભર ભૂકા જેવી ગ્રહણ નહિ કરતાં અમુક પ્રમાણવાળા સ્નેહ–ચિકાશ અને લુખાશને લીધે પરસ્પર ચોંટી ગયેલી એટલે સંઘાતીભૂત થયેલી જ પુદ્‌ગલ વર્ગણાઓ ગ્રહણ કરે છે. જેમ કુંભ (ઘડો) બનાવવામાં છુટક છુટક માટીના કણો ગ્રહણ નહિ કરાતાં કુંભ રચનાને અનુકૂળ કરાયેલા માટીના પિંડાઓ જ ઉપયોગી થાય છે, તેમ શરીર બનાવવામાં પણ શરીર રચનાને અનુકુલ પિંડ રૂપે બનેલી પુદ્‌ગલ-વર્ગણા જ ઉપયોગી થાય છે. અમુક પ્રમાણમાં જ લંબાઇ–જાડાઈ આદિ નિશ્ચિત પ્રમાણવાળા ઔદારિકાદિ શરીરની રચના માટે તે તે શરીરને અનુસરતી પુદ્‌ગલ વર્ગણાના સમૂહ વિશેષની રચનાની પણ આવશ્યકતા રહે છે. અને તેથી જ શરીરનું તારતમ્ય થાય છે. આવો સંઘાત કરી આપનાર એક પ્રકારનું નામકર્મ જીવે પૂર્વે મેળવેલું હોય છે. તે કર્મ તે **સંઘાતન નામકર્મ** કહેવાય છે. એટલે સંઘાતન નામકર્મ જીવને વર્ગણાના સંઘાત પામેલા સ્કંધો અપાવે છે. તે પણ પાંચ પ્રકારના શરીર મુજબ પાંચ પ્રકારે છે.

સંઘાતન નામકર્મ તથા શરીર નામકર્મના બળથી સંઘાત પામેલી સ્વયોગ્ય શરીરની પુદ્‌ગલ વર્ગણા જીવ પ્રથમ સમયે લે છે. આનું નામ આહાર કહેવાય છે, જીવને તે ભવયોગ્ય શરીર જ્યાં સુધી કાયમ રહે છે ત્યાં સુધી આ વર્ગણા મળવારૂપ આહાર તેને મળ્યા જ કરે છે. પણ તે વર્ગણા રૂપ આહાર ચાલુ રહે, તેમાં ગ્રહણ કરેલી અને ગ્રહણ કરાતી વર્ગણાના સ્કંધો પરસ્પર એક રચનારૂપે મળી જવા જોઇએ. જેમ તૈયાર થતાં મકાનમાં વપરાતી ઈંટોના રજકણો અંદરોઅંદર સંઘાતીભૂત હોય છે, પરંતુ તેથી કરીને ઈંટો ઉપર ઈંટો ગોઠવી દેવાથી મકાનની મજબુતી થતી નથી. માટે તેને ચુના કે માટીથી પરસ્પર ચોડવી પડે છે. તેવી રીતે સંઘાત પામેલી વર્ગણાઓ પરસ્પર એકમેક ચોંટી જવી જોઇએ.

આના માટે પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે–એક એવું કર્મ છે કે–જેમ રાળ બે કાષ્ટને એકાકાર કરે છે, તેવી રીતે બંધન નામે તે નામકર્મ આત્મા અગર પુદ્‌ગલો અગર પરસ્પર પુદ્‌ગલોનો એકાકાર સંબંધ કરાવે છે. તે બંધન નામકર્મ પંદર ભેદે છે. તે પંદર ભેદોનું વર્ણન અગાઉના લેખો પૈકી નામકર્મની પ્રકૃતિઓના વર્ણનવાળા લેખમાં કહેવાઈ ગયું છે. આથી સમજી શકાય છે કે–ઔદારિકાદિ શરીર નામકર્મના ઉદયથી ઔદારિકાદિ શરીર યોગ્ય વર્ગણાનું ગ્રહણ, ઔદારિકાદિ સંઘાતન નામકર્મના ઉદયથી ઔદારિકાદિ શરીરને યોગ્ય પુદ્‌ગલ સમૂહ વિશેષની રચના, અને ઔદારિકાદિ બંધન નામકર્મના ઉદયથી તે સમુહ વિશેષનો ઔદારિકાદિ શરીર સાથે પરસ્પર એકમેક સંબંધ થાય છે. અહીં સુધી તો શરીર નામકર્મે બધો કાચો મસાલો તૈયાર કર્યો. પરંતુ પરસ્પર એકમેક સંમિલિત બની ગયેલ તે પુદ્‌ગલોનું પરિણમન એટલા પુરતું જ થઇને અટકી જાય તો શરીર માત્ર એક ગોળમટોળ દડા જેવું જ બની

રહે. જેથી એ જ સ્થિતિમાં નહિ રહેતાં તેમાંથી હાથ-પગ-માથું-પેટ-છાતી-પીઠ વગેરે અંગો, આંગળાં-નાક-કાન વગેરે ઉપાંગો તથા વાળ-દાંત-નખ-રેખા વગેરે અંગોપાંગો રૂપ શરીરને યોગ્ય અવયવો તૈયાર થાય છે. તૈજસ તથા કાર્મણશરીરને અંગોપાંગ હોતાં નથી. જેથી ઔદારિક અંગોપાંગ, વૈક્રિય અંગોપાંગ અને આહારક અંગોપાંગ એમ ત્રણ પ્રકારે **અંગોપાંગ નામકર્મ** તે તે રીતે શરીરને યોગ્ય અવયવો તૈયાર કરાવે છે. અંગોપાંગ નામકર્મથી પ્રાણીના શરીરમાં અંગ-ઉપાંગ ફુટે છે, પરંતુ કયા અવયવો કયાં જોઇએ તે નક્કી કરી આપનાર તો **નિર્માણ નામકર્મ છે.**

ગૃહીત વર્ગણાનું પરિણમન થવામાં "નિર્માણ નામકર્મ" પહેલા સમયથી જ અસર કરવા માંડે છે. એટલે પરિણામે ક્રમસર પરિણામ થતો આવે છે. આવો ક્રમસંનિવેશ પરિણામ દરેક પ્રાણીમાં જીવવિશેષને લીધે જુદી જુદી પરિસ્થિતિવાળો થાય છે. એમ પ્રત્યેક જીવની પરિસ્થિતિ પ્રમાણે પ્રયોગથી ઉત્પન્ન થતા ક્રમ-સંનિવેશ પરિણામમાં આ 'નિર્માણ નામકર્મ' કારણભૂત છે. અંગોપાંગની રચના અંગોપાંગ નામકર્મ વડે થાય છે. પરંતુ જે અંગ જયાં શોભી શકે અને બરાબર ઉપયોગમાં આવી શકે તે રીતે બરાબર સ્થળો નક્કી કરવાનું કામ નિર્માણ નામકર્મ કરી આપે છે. નિર્માણ નામ-કર્મનું કામ માત્ર બાહ્ય અંગોપાંગનાં સ્થળો નક્કી કરવા પુરતું જ છે એમ નથી પરંતુ શરીરના નાના મોટા તમામ તત્ત્વોનો રીતસર ચીતાર નક્કી કરી આપનાર પણ આ નિર્માણ નામકર્મ જ છે.


## સમાજના સર્વ કોઈને ઉપયોગી પ્રકાશનો:

**સંસ્કારદીપ**: ઐતિહાસિક કથાઓ શબ્દોની મધુર શૈલીમાં પ્રસિધ્ધ થઇ છે. ક્રાઉન ૧૬ પેજી ૨૧૦ પેજ: દ્વિરંગી જેકેટ, મૂલ્ય ૨-૦-૦

**દીપમાળ**: મનનીય ચિંતનપ્રધાન લઘુનિબંધો, જે સુવિચારનું અજવાળું અર્પે છે. દ્વિરંગી જેકેટ: ક્રાઉન ૧૬ પેજી ૧૪૪ પેજ મૂલ્ય ૧-૪-૦

**સંપત્તિનો નશો**: ભારતના નવયુવાનોને સાચું માર્ગદર્શન આપતાં ભજવી શકાય તેવાં સંવાદચિત્રો, ક્રા. ૧૬ પેજી ૯૦ પેજ મૂ. ૧૨ આના.

**પવિત્રતાના પથપર**: બાળાઓને સંસ્કાર, સમભાવ તથા શિક્ષણનાં પ્રેરક સંવાદો, ક્રા. ૧૬ પેજી ૯૪ પેજ મૂ. ૧૨ આના.

**પ્રેમવાણીનો પ્રતિકાર**: દેવદ્રવ્ય તથા મૂર્તિ પૂજાના પ્રશ્ન પરત્વે સાચું માર્ગદર્શન. ક્રા, ૧૬ પેજી ૧૧૨ પેજ. મૂ ૧૨ આના.

આ પ્રકાશનો પૂ૦ વિદ્વાન પંન્યાસજી મહારાજ શ્રી **કનકવિજયજી ગણિવરશ્રી**ની તેજસ્વી છતાં શાંત-સૌમ્ય કલમે લખાયેલાં છે.

પ્રાપ્તિસ્થનઃ— ૧ જૈન સાહિત્ય પ્રચારિણી સભા-ઠે૦ નવગઢ પાલીતાણા.

" ૨ સોમચંદ ડી. શાહ પાલીતાણા (સૌરાષ્ટ્ર)

# યથાર્થ કે કલ્પના?

## બાલ મુનિરાજ શ્રી મૃગેન્દ્ર મુનિ મહારાજ

**૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા યાકિની મહત્તરાસુનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરિ મહારાજાએ રચેલાં ગ્રંથો પૈકી એક "ધૂર્તાખ્યાન" નામનો સંસ્કૃત ગ્રંથ છે તેમાં જૈનેતર પુરાણોમાં આવતી અનેક રૂઢિચુસ્ત વાતોનું નિરસન કરાયેલું છે, નિમ્નલિખિત લેખમાં પણ તે ગ્રંથને અનુસરી એક કાલ્પનિક ઉદાહરણ દ્વારા સાચી વસ્તુસ્થિતિનો જનતાને ખ્યાલ આપવા નીચેનો પ્રસંગ આલેખવામાં આવ્યો છે.**

પૃથ્વીનાં પટ ઉપર આવેલ એ હતો–સોહામણો માલવ દેશ. ત્યાં સૌંદર્યની પ્રતિમા સમી ઉજ્જૈની નામની નગરી આવેલી છે, એકવાર સ્વર્ગવાસી દેવોને મન થયું કે ચાલો જોવા. તેનું સૌંદર્ય વળી કેવુંક છે? નિહાળતાં નિહાળતાં તે દેવોની દિવ્ય દૃષ્ટિ થંભી ગઇ. અને નયન યુગલ નિર્નિમેષ બની ગયાં. હજી પણ તેઓની નિર્નિમેષ દૃષ્ટિ તે નગરીને એકી ટસે જોયા જ કરે છે.

સંધ્યાનો સમય હતો. સહસ્રરશ્મિ અસ્તાચળે ઢળી પડયો હતો. ચન્દ્રની ચાંદની ત્યાં આવેલા ઉપવનમાં પેસી રમી રહી હતી.... એટલામાં તો કેટલાક ધૂર્તોએ ત્યાં જ આવી નિવાસ કર્યો. વર્ષા ઋતુ હતી.... તે પોતાની શક્તિ મુજબ ધોધમાર વર્ષા વરસાવી રહી હતી.

ચિરંજીવી ચાંદની આવી હતી રમવા.... પણ વર્ષાની સહચરી વાદળીઓએ તેણીનું ઉજ્જવળ–સ્વરૂપ ઢાંકી કલુષિત બનાવી દીધું. તે શરમાતી–શરમાતી પાછી ચંદ્રની અંદર પેસી ગઇ....

સારુંયે ભૂમંડળ વર્ષાથી પરાજિત બન્યું. તેણે પણ પોતાના સ્વરૂપને ત્યજી સાગરનો સ્વાંગ સજી લીધો.... સઘળાંએ વિહ્વળ બન્યાં, ધૂર્તો પણ ભૂખ્યાં ડાંસ જેવાં ભક્ષ્ય શોધી રહ્યા હતાં.

સહુ એકઠાં થયાં, એક માર્ગ શોધ્યો.... "જેણે જે જે જીવનમાં અનુભવ્યું હોય.... તે તે કહેવા માંડો.! જે વચન જેને સત્યતયા પ્રતીત ન થાય, તેણે ભોજન કરાવવું!" તે પૈકી મૂલદેવ ધૂર્ત બોલી ઉઠયો; ઉપરનો ઠરાવ તો સર્વમાન્ય થયો. પણ–પહેલ કોણ કરે? એ મૂખ્ય પ્રશ્ન હતો. પણ એ મહાધૂર્તો હતા.... જાય તેવાં ન હતાં. તેમાંથી એલાષાઢે વિચિત્ર વાત મૂકી: તે વાત યથાર્થ છે એમ પણ કહી શકાય તેવું ન હતું.... અને કાલ્પનિક છે એમ કહેવા જતાં પણ મોટો શાસ્ત્રીય વિવાદ ઊભો થતો હતો. "સૂડી વચ્ચે સોપારી" અથવા તો 'વ્યાઘ્ર–તટી" જેવી સહુની સ્થિતિ હતી....

એલાષાઢ ધૂર્ત બોલ્યો, તે વાત એમ હતી કે:–

'હું એક દિવસ ગાય, ઘેટાં વગેરેને લઇ અરણ્યમાં ચરાવવા ગયો, દૂરથી બીજા ચોરો આવતાં દેખાયાં. કાફલો ઘણો હતો. એટલે મેં બુધ્ધિ અજમાવી ગરમ કાંબળી ધરતી પર પહોળી કરી તેમાં બધું યે ધણ બાંધી, પોટલું માથે મુકી ગામ તરફ દોડયો.

જ્યાં પોટલું છોડયું નથી....તેટલામાં ચોરો ત્યાં આવી પહોંચ્યા, સહુ એ ભયથી જર્જરિત બનેલાં એક કાકડીમાં પેસી ગયા. ભૂખી થયેલી બકરી એટલામાં ત્યાં આવી કાકડી ખાઇ ગઇ.

વાત એટલેથી ન અટકી....તેણે વધુ હાસ્ય જનક વાતાવરણ ઊભું કર્યું અને આગળ વાત

ધપાવી બોલ્યો. પછી તો એક અજગર આવ્યો તેણે પણ બકરીનું ભક્ષણ કર્યું આગળ પરંપરા વધતી ચાલી....તેનું પણ ઢિંક (ઢંક) નામના પક્ષીએ ભક્ષણ કર્યું તે ઉડી વડવૃક્ષ ઉપર જઈ બેઠું તે જ વૃક્ષ નીચે રાજાની છાવણીએ નિવાસ કર્યો તે ઢિંકના લટકતાં પગને વડની વડવાઈ જાણી રાજ સેવકોએ હાથીને નીચે બાંધ્યો, કે તરત જ પક્ષીએ પગ ઉંચો કરતાં હાથી ઉપર તણાયો. સુભટોએ પક્ષીને ઘા કર્યો, તપાસ કરી તો તેનાં ઉદરમાંથી અજગર નીકળ્યો. તેમાંથી અજા-બકરી નીકળી, તેમાંથી પણ ચીભડું પછી તેમાંથી પણ હું અને બીજા પણ ગ્રામ્યજનો નીકળ્યાં....બોલો આ મારી અનુભવની વાણી તમોને માન્ય છે? કોણ બોલે?

'હા' અને 'ના' એમ બંનેમાં મોટો વાંધો!

પરન્તુ....ભાઇ! એ તો કદીપણ ન બની શકે. કંડરિકે પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

કેમ નહિં? પેલું બને તો આ કેમ ન બને?

શું પેલું!

ભારતમાં વિષ્ણુપુરાણાદિની શ્રુતિઓ તેં શું નથી સાંભળી? એલાષાઢે પૂછ્યું.

ના, ભાઇ! કંડરિકે કહ્યું.

વાત એમ આવે છે કેઃ સૌથી પ્રથમ સમગ્ર જગત પંચમહાભૂતથી રહિત હતું અને એકાર્ણવ હતું. પાણી, પાણી ને પાણી. બીજું કાંઇ જ જોવા ન મલે! અચાનક એવું તો બની ગયું કેઃ-તેમાં એક ઇંડું ઉત્પન્ન થઇ આવ્યું, જલ-તરંગોથી તે ફુટી ગયું. અને તેમાંથી સુર, નારક, પર્વત. માનવ, અગ્નિ વગેરે ઉત્પન્ન થયાં.

બસ, ત્યારથી જ જગતની શરૂઆત થઈ, ને અદ્યાવધિ દેખાતાં સઘળાંયે પદાર્થોનાં મંડાણ મંડાયાં!

તેમજ ઉપર્યુક્ત બધીયે ચીજો વિષ્ણુના ઉદરમાં સમાઇ ગઈ, ઉપરાંત તે વિષ્ણુ પણ દેવકીના ઉદરમાં, દેવકી પણ એક નાની શય્યામાં પોઢી ગઈ. આવી રીતે જો એકજ ઈંડામાં ત્રણેય જગત્ સમાઇ જતું હોય તો પછી મારી વિચિત્ર લાગતી વાત પણ "એમ બનવું અસંભવિત છે." ? એમ તારાથી કહી શકાય નહિં!

વાંચકો! આમાંથી યથાર્થ અને કલ્પનાનાં અંશની તારવણી કાઢવાની છે.

આ શું કહેવાય? યથાર્થ કે કલ્પના....? ના, ના. આમાં તો કેવલ કલ્પના જ તરી આવે છે. યથાર્થનો તો અંશેય નથી.

❀

બે મારવાડીઓ હાંડા લઇને કુવામાંથી પાણી ભરવા ગયાં. એમાં એક મારવાડી અકસ્માતથી હાંડાસાથે કુવામાં પડી ગયો. પણ ડુબ્યો નહિ. એણે કુવાના ગાળાના પત્થરને પકડી રાખ્યો હતો. પેલાએ એના દોસ્તને પુછ્યું 'તું ડુબી તો નહિં જાયને? તને આમ કુવામાં જોઇને મારૂં હૈયું વલોવાઈ જાય છે.' પાણીમાં પડેલાએ કહ્યું, ના એમ થોડા ટાઇમમાં ડુબું તેમ નથી. ગામમા જઇને દોરડું લઈ આવે તો બહાર નીકળી શકું. પેલો દોસ્ત ગામમાં ગયો, ફરી પાછો કલાક પછી કુવા પાસે ગયો, અને બોલ્યો, 'કેમ દોસ્ત! હજુ ડુબી જાય એમ નથી ને? એણે કહ્યું;' ના, ના પણ તું દોરડું લઈ આવ્યો? પેલાએ કહ્યું 'ના રે, ગામના લોકો દયા વગરના છે, દોરડું આપવાના બે આના પડશે એમ કહે છે, એટલે હું ખાલી હાથે પાછો ફર્યો છું.'

# ❁ સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તેના ભેદો : ❁

## શ્રી. એન. એમ. શાહ—અમદાવાદ

સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે. સમ્યગ્ દર્શન એટલે વસ્તુ જે સ્વરૂપે છે, તે સ્વરૂપમાં સંપૂર્ણત્રિકાળ શ્રધ્ધા તે. તે વસ્તુ તે 'આત્મા' છે, તેને સદ્દહવો, તેમાં પ્રીતિ રાખવી, તે આત્મા શુધ્ધ, બુધ્ધ, નિત્ય, મુક્ત છે, એ જે શ્રધ્ધા સમજપૂર્વકની, તે સમ્યગ્દર્શન છે.

લાકડામાં જેમ અગ્નિ રહેલો છે, જમીનમાં જેમ પાણી રહેલું છે, દહીમાં જેમ ઘી રહેલું છે, તલમાં જેમ તેલ રહેલું છે, પુષ્પોના બગીચામાં જેમ સુગન્ધ રહેલી છે, તેમ આ આત્મા પ્રાણી માત્રના શરીરમાં રહેલો છે.

"આત્મા" જડથી ત્રણેકાળે જુદો છે. તે અરૂપી છે, તથા જ્ઞાન ગુણથી જાણી શકાય છે. તે દ્રવ્ય છે, ગુણપર્યાય સહિત છે, જ્ઞાનદર્શનાદિ તેના અસાધારણ ગુણો છે.

પરંતુ 'જીવ' અનાદિઅનંત કાળથી જુદા જુદા કર્મો ગ્રહણ કરતો, સંસારમાં પરિભ્રમણ, રાગદ્વેષથી કરી રહ્યો છે. તેનું કારણ અવિરતિ, અજ્ઞાન, મિથ્યાત્વ છે.

આ અજ્ઞાનનો નાશ કરવો જરૂરનો છે. દેહ, ઇંદ્રિય, મન, એ સર્વથી તે આત્મા તદ્દન જૂદો છે. આવું અભેદજ્ઞાન થાય, હું શુધ્ધ ચતન્ય સ્વરૂપ એક અખંડ આત્મા જ છું." ત્યારે સમ્યગ્દર્શન થયું કહેવાય છે.

આત્મા પોતાની જાગૃત અવસ્થામાં શુધ્ધ ઉપયોગમાં રમે, ત્યારે તે શુદ્ધ કહેવાય, મલિન વિકારોમાં રમે ત્યારે અશુદ્ધ કહેવાય. છતાં હું નિરંજન, નિર્વિકાર, નિરાકાર, નિર્વિકલ્પ, નિર્ભય, સત્‌ચિદાનંદ સ્વરૂપ આત્મા જ છું, તે વિચાર વારંવાર કરવાથી, પુનઃપુનઃ મનન કરવાથી, અભેદ સ્વરૂપ અવશ્ય અંશે અનુભવી શકાય છે.

'સમ્યગ્દશન' એ ધર્મરૂપ બીજ વાવવા માટે, પ્રાપ્ત કરવાનું સાધન છે. એ માટે મનોભૂમિ ઘણી સાફ કરવી જોઈએ. તેમાં સદ્‌વિચાર રૂપી હળની ઊંડી રાંપ નાંખીને અંદર રહેલાં કામ, ક્રોધ, ભય, ઈર્ષા, ઇચ્છા, અભિમાન આદિ નિરુપયોગી, સંસાર—પ્રવાહને આડે માર્ગે દોરનારાં બીજો કાઢી નાખવા જોઈએ.

સમ્યગ્દર્શન શુધ્ધિ માટે શ્રધ્ધાનાદિની જરૂર છે. આ શ્રધ્ધાનાદિ ચાર પ્રકારે છે. ૧. પરમાર્થ—સંસ્તવ. ૨. પરમાર્થ—જ્ઞાતૃનું સેવન. ૩. વ્યાપન્ન—દર્શન—વર્જન. ૪. કુદર્શન—વર્જન.

૧. નવ તત્ત્વોનો યથાર્થ અભ્યાસ કરવો. ને તેમાં જીવ નામના પદાર્થને બરાબર જાણવો. કારણ કે તેને જાણ્યો એટલે બધું જણાઇ જાય છે.

૨. વસ્તુ—સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરવું, તેને ગુરુ ઉપદેશ પ્રમાણે આચરણમાં મૂકવા કટિબદ્ધ થવું. સદ્‌ગુરુ, સધ્ધર્મ સત્શાસ્ત્રો સેવવાં.

૩. જેઓએ સમ્યગ્દર્શનને વમ્યું હોય તેવાઓની સોબત કરવી નહિ. કારણ કે આ જીવ નિમિત્તવાસી છે, અશુધ્ધ દ્રવ્યો તેને ભાન ભૂલવી નાંખે એ સ્વાભાવિક છે. અને તેથી તે મોહના પ્રબળ ઉદયે પોતાનાં રૂપને ભૂલી જાય છે.

૪. મિથ્યાત્વી અજ્ઞાનીની સોબત કરવી નહિ. કારણ કે તે ડૂબે અને અન્યને ડૂબાડે છે.

આ ચાર શ્રધ્ધાન સમ્યક્ત્વની કસોટી કરનારા છે. જેનામાં સમ્યક્ત્વ હોય છે, તેનામાં ધર્મ સાંભળવાની અપૂર્વ લગની હોય, સાંભળ્યા

પછી તે આચરવામાં પૂર્ણ પ્રીતિ હોય, અને દેવગુરુની વૈયાવચ્ચ કરવા હમેશા તૈયાર હોય, ત્યારે જીવમાં શ્રાવકપણું—શ્રદ્ધા, વિનય, ક્રિયા· કહેવાય છે. શ્રેણિક મહારાજના રોમરોમમાં પ્રભુ શ્રી મહાવીરદેવની લગની હતી, અને એથી જ એમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું.

સમ્યગ્દૃષ્ટિ આત્મામાં વિવેક હોય છે, અરિહંત, ચૈત્ય, સિધ્ધ, શ્રુતજ્ઞાન, ધર્મ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સંઘ, સમ્યકત્વ—એમ દશનો 'વિનય' કરવો તેને દર્શન વિનય કહે છે. વિનય કરવાનો હેતુ એ છે કે-એ જેના તરફ કરવામાં આવે છે, તેના ગુણ તરફ કે ગુણો પ્રત્યે આપણી પૂર્ણ પ્રીતિ છે એ સૂચવનારી એ એક લાગણી છે.

સમ્યકૂત્વને પ્રકટાવવામાં દૂષણો આડા આવે છે, તેનો નાશ કરવો. તે દૂષણો ૧ શંકા. ૨ કાંક્ષા. ૩ નિંદા ૪ કુદષ્ટિની પ્રશંસા કરવી. ૫. કુદષ્ટિનો સંસર્ગ કરવો.

આ પાંચ દૂષણોનો ત્યાગ કરવો.

એ માટે શ્રી અરિહંતનાં દર્શનમાં કુશલપણું રાખવું. તીર્થસેવા કરવી. શાસ્ત્ર-સિધ્ધાંતો સાંભળવા. શાસ્ત્રસિદ્ધાંતના શ્રવણને અંગે આ નીચે મુજબ પ્રશ્નોત્તરી છે.

પ્ર૦- હે ભગવન્! સિદ્ધાંત સાંભળવાનું ફળ શું?

ઉ૦-સિધ્ધાંતના જ્ઞાનથી ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્યનું જ્ઞાન થાય છે.

પ્ર૦- હે ભગવન્! જ્ઞાનનું ફલ શું?

ઉ૦- પ્રત્યાખ્યાનઃ વિશેષ નિશ્ચયાત્મક ગ્રહણ, પાપનો ત્યાગ કરે છે.

પ્ર૦- પચ્ચક્ખાણનું ફળ શું?

ઉ૦-પચ્ચક્ખાણનું ફળ સંયમ છે. વિભાવ દશાનો ત્યાગ કરવાથી તે પ્રાપ્ત થાય છે.

પ્રઃ- સંયમનું ફળ શું?

ઉઃ- એનું ફળ અનાશ્રવ છે. જીવ નવીન કર્મ ઉપાર્જન કરતો નથી.

પ્રઃ- અનાશ્રવનું ફળ શું?

ઉઃ- એનું ફળ તપ છે, નવા કર્મ આવતા અટકે છે, આત્મ-ઉપયોગની જાગૃતિ વિશેષ થાય છે. આંતરસ્નેહ ચીકાશ-રાગ તેથી સુકાઈ જાય છે.

પ્રઃ- તપનું ફળ શું?

ઉઃ- તેનું ફળ નિર્જરા છે. આત્મ ઉપયોગના તીવ્ર તાપથી સૂકાઇ કર્મો ખરી પડે છે.

પ્રઃ- નિર્જરાનું ફળ શું?

ઉઃ- એનું ફળ અક્રિયા છે, એનું ફળ શુધ્ધ સ્વરૂપ નિર્વાણ છે.

આ પ્રશ્નોત્તર ભગવાન શ્રી મહાવીરદેવ અને શ્રી ગૌતમસ્વામી વચ્ચે થયેલા છે. સમ્યગ્દર્શન એ મોક્ષનું પ્રથમ સોપાન છે. એ પ્રાપ્ત કરવા માટે (૧) આત્મા છે. (૨) તે નિત્ય છે. (૩) તે કર્તા છે. (૪) તે ભોક્તા છે. (૫) તેનો મોક્ષ છે. (૬) મોક્ષના ઉપાય છે-આ છ પદનો વિચાર વારંવાર કરવો ઉચિત છે.

આ દેહ, ઇંદ્રિયો, પ્રાણ, મન એ સર્વથી જે જૂદો છે, તે "આત્મા" છે. તેનામાં જ્ઞાન-દર્શન, ઇત્યાદિ અનંત ગુણો રહેલા છે, તે સ્વરૂપે એક છે, અસંગ છે, સર્વ પરભાવથી રહિત છે, ક્ષેત્રથી તે અસંખ્યાત પ્રદેશાત્મક નિજઅવગાહના પ્રમાણ છે, અજર છે, અમર છે, સ્વપર્યાય પરિણામી, શુધ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પ, ચૈતન્ય, દ્રષ્ટામાત્ર છે.

તેને પ્રાપ્ત કરવાના ઉપાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે છે.

# સ્વાર્થસાધુ ચાર પ્રવાસીઓ :

એક વાર ચાર પ્રવાસીઓ માર્ગમાં ભેગા થઈ ગયા. ચારેયને એક જગ્યાએ જવાનું હોવાથી તેઓ જોતજાતામાં મિત્ર બની ગયા. આ ચાર સજ્જનોમાં એક બ્રાહ્મણ હતો, એક દરબાર હતા, એક વાણીયો હતો ને એક હજામ હતો.

બપોર થયા, એટલે બધાને ભૂખ લાગી. તેજ વખતે દરેકના ખ્યાલમાં આવ્યું કે–ઘેરથી કંઇ જ ભાથું લીધા વિના નીકળ્યા છીએ.

પણ ત્યાં તો ચમરીઓથી લહેરાતી શેરડીનો એક વાઢ આવ્યો, અહિં જ વિશ્રાંતિ અને ભોજન કરવાનો વિચાર કરીને ચારેય મિત્રો સારા સારા સાંઠા કાપીને ત્યાં ને ત્યાં જ શેરડી ખાવા લાગ્યા. સંચળ સાંભળીને સરવા કાનવાળો વાઢવાળો માલિક ત્યાં આવી પહોંચ્યો. તેણે ચાર જણને નિશ્ચિંત મને શેરડી ચૂસતા જોયા—ને તેનું લોહી ચૂસાતું હોય તેમ તેને ઘડીભર તો લાગ્યું. પણ તેણે જોયું કે–તે એકલો છે, ને આ ચાર જણ છે, એટલે તે ગમ ખાઈ ગયો. બહુ જ નમ્ર ભાવે દૂરથી નમન કરતો તે આ ચાર પ્રવાસીઓ પાસે પહોંચ્યો, ને પાઘડી ઉતારી કહે; આજ તો ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય મારાં: આપ જેવા અતિથિઓ મારે રંક ઝુંપડે કયાંથી ? હે સજ્જનો !આપ કોણ છો ?"

પંડિત બોલ્યા; "અમે પૂજ્ય પંડિત ચેતારામ પાંડે છીએ."

દરબારે પોતાનો પરિચય કરાવ્યો; "અમારૂં નામ જંગીસિંહ ઠાકર છે."

શેઠ બોલ્યા; "અમે લાલા કરોડીમલ શેઠ છીએ."

હજામે કહ્યું; "અમારૂં નામ ચીંઉટીરામ નાઈ છે."

ખેડુત પંડીતજીના પગમાં પડીને કહે; "ભૂદેવ ! મારાં નહીં પણ મારાં પૂર્વજોનાં પુણ્યે આપ મારે ત્યાં પધાર્યા છો. આપ સુખેથી શેરડી આરોગો. પેલા ઝાડ નીચે બેસો. હમણાં હું ઘેરથી ચોખ્ખું દહીં ને બીજી કાંઈ મીઠાઈ લાવું છું; ત્યાં સુધી આપ આ શેરડી ચૂસવાનું ચાલુ રાખો."

ચેતારામ પાંડે–છ રાડાં લઇને ઝાડ નીચે ગયા.

પછી ખેડૂત જંગીસિંહના પગમાં પડયો, ને કહે; "બાપુ, મહારાજાધિરાજ ! આ ધરતી ધન–ધાન્ય—બધું આપનું જ છે. આજ આ ગરીબ ખેડૂતની ખબર કાઢવા આપ આવ્યા.

---

દેહથી અનુત્પન્ન હોવાથી, દેહના વિયોગથી તેનો નાશ નથી, એટલે તે નિત્ય છે. દ્રવ્યથી તે નિત્ય છે, પર્યાયે તે પલટાતો હોવાથી તે અનિત્ય છે.

ક્રિયામાત્રનું શુભ અથવા અશુભ ફળ હોય. તે ક્રિયા કરનાર, આત્મા હોવાથી, તેનું ફળ તેને ભોગવવું પડે તેથી તે કર્મનો કર્તા, ભોક્તા કહેવાય, પણ જ્યારે સર્વ બાહ્યક્રિયાથી રહિત, નિજ શુધ્ધાનંદ મસ્તીમાં રમે, ત્યારે તે અકર્તા, અભોક્તા કહેવાય છે.

"આત્મા" માં જ મોક્ષ છે, સમયે સમયે છે–એની બહાર નથી, સર્વકર્મોના ક્ષયને મોક્ષ કહે છે.

સદ્દગુરુ, સદ્ધર્મ, સત્શાસ્ત્રો તેમાં સહાયક છે.

આ સમ્યગ્દર્શનનો મહિમા અજબ છે. આ માનવજીવનમાં સર્વ જીવો યોગ્યતા પ્રાપ્ત કરી તેજ પ્રકટાવે એવી અહર્નિશ ઇચ્છા રાખતો હું સમ્યગ્દર્શનને પ્રણામ કરૂં છું.

આપ આમ ખેતરમાં બેસો તેથી મને શરમ થાય છે. માટે આપ પેલા ઝાડ નીચે આરામ કરો, અને આ રાંકના ખેતરમાં આપનું એઠું નાખો."

બાપુની મૂછો ટટ્ટાર થઇ, છાતી ફૂલી, આવા રાજભક્તિનાં વેણુ સાંભળી પ્રસન્ન થઇ તે તે પણુ થોડાંએક રાડાં લઇને ઝાડ નીચે ગયા.

પછી શેઠના પગમાં પડીને ખેડૂત કહેઃ– "અહો, લક્ષ્મીનારાયણુના અવતાર! આપ સવા-મણુ રૂની ગાદીમાં બેસવાવાળા ધૂળમાં બેસો તે આપ પણુ પેલા ઝાડ નીચે જઇને આ શેરડી આરોગો."

શેઠ પણુ ખંભે ખેસ નાખીને હાથમાં ચાર-પાંચ રાડાં લઇને ઝાડ નીચે બેસી ગયા.

હવે રહ્યા ચીંઉટીરામ નાઈ. તે પણુ, હવે ખેડૂત પોતાના પગમાં પડશે એની ગણુતરીએ, આગળથી પગ લંબાવીને બેઠો હતો. પણુ ખેડૂતે તેના પગને બદલે તેની ચોટલી પકડી : "નીચ, કજાત! તું છે કોણુ? વગર પૂછયે અહીં આવીને શેરડી દાબવા માંડયો છે તે તારા બાપનું ખેતર હશે? પેલા તો ઠીક કે–એક ભૂદેવ છે, બીજા બાપુ છે, તે તો રાજના ધણી કહેવાય, અને શેઠ તો લાખોના આસામી કહેવાય. પણુ તું કોણુ? તું કઈ વાડીનો મૂળો?" આમ કહીને તે તો વાળંદ પર તૂટી પડયો. ગડદા, પાટુ અને વચ્ચે વચ્ચે તેના જ હાથમાંથી આંચકીને શેરડીના સાંઠાથી તેને ઠીક ઠીક કૂણો કર્યો. તેના સાથીઓ ઝાડ નીચે શેરડી ચૂસતાં ચૂસતાં તેમના આ વાળંદ મિત્રની દશા જોઇને હસતા હતા. પંડિત કહે; "પીટવા દો—એજ લાગનો છે. વાળંદ કંઇ અમથા કહેવાતા હશે! એ કંઇ આપણી જેમ બ્રાહ્મણુ–વાણીયા થોડાં છે.?"

"સાલો આપણી પડખો–પડખ આપણી જેમ રોફથી શેરડી ખાતો હતો; શરમાયો જ નહીં માળો! એને શિક્ષા થવી જ જોઇએ," બાપુ ચૂંસતા ચૂંસતા બોલ્યા.

"સાવ મૂરખ છે મૂરખ!" શેઠ બોલ્યાઃ કંઇ મોટા–નાના વચ્ચેનો ભેદ પણુ સમજ્યો નહીં ને આપણી વાદે મોટાઇ કરવા ગયો. ત્યાં તેને નાખીને તે વાણીયા પાસે આવ્યો—ને તેને ગળેથી પકડીને કહેઃ "કેમ અલ્યા મખ્ખીચૂસ! આ તારી કમાણીનો માલ ભાળી ગયો કે ચૂંસવા મંડી પડયો છે? પંડિતજી અને બાપુનું તો ઠીક, કે એ તો અમારા દેવ ગણાય. પંડિતજીના આશીર્વાદ હોય તો સ્વર્ગ મળે ને બાપુની મહેરબાની હોય તો આ ધરતી પર રહેવાય. પણ તું શું આપી દેવાનો હતો? આજ તને નહીં છોડું."

હજામની જેમ જ આ શેઠ ઉપર ખેડૂત તૂટી પડયો. પેલા બંને મિત્રો, શેરડી ખાતા ખાતા આ જોઈ રહ્યા હતા. બેઉ અંદરોઅંદર કહેતા હતાઃ ખેડૂત બિચારો ખોટું નથી કહેતો હો! વાણીયા પણુ આપણી જેમ ફાટી જાય તો પછી દુનિયામાં ચાલે કેમ?

વાણિયાને અધમૂઓ કરીને તેને પણુ હજામનો રસ્તો બતાવી દીધા પછી એ જ જુસ્સાથી તેણે જંગીસિંહને પકડયા, ને તેના પર તે ચડી બેઠોઃ "કેમ અલ્યા ઠાકરડા, જંગલી! આ જમીન તારા બાપદાદાઓની હશે, કેમ? ઉભો મોલ ચરવા નીકળી પડયા છો ભૂંડની જેમ, તે શરમાતા નથી? બ્રાહ્મણુ તો ઠીક કે દાન દીધા યોગ્ય છે; પણુ તારા જેવાની તો સાન ઠેકાણે લાવી દઇશ!"

ઠાકોર સાહેબને પડતો માર ભૂદેવ પ્રસન્ન ચિત્તે જોઇ રહ્યા હતા. તેને ખાત્રી થઈ કે–હવે

ખેડૂત આ ત્રણેયને દૂર કરીને પછી પોતાના સત્કાર માટે દહીં વગેરે લઈ આવશે. તે ઉત્સાહમાં આવીને બોલ્યો; "પટેલ! દરબાર તો ફોરમ પૂરી લે છે; પછી હરામનું ખાવાનો તેનો હક્ક શો છે? બ્રાહ્મણોને શાસ્ત્રમાં દરેકનું ખાવાનો અધિકાર છે-પણ બીજા કોઇને નહીં. એને દંડ દેવામાં અધર્મ નથી."

માર ખાઇને લથડીયાં ખાતા બાપુ પોતાના વતન તરફ પાછા જવા ઉપડયા. હજામ અને વાણીયાએ પણ તેમની પાછળ પાછળ ચાલવા માંડયું.

પંડિતજી આમની દશા પર હસતા હસતા ને દહીંના માટલાની રાહ જોતા શેરડી ચૂસી રહ્યા હતા—ત્યાં પાછળથી ખેડૂતની ગર્જના સંભળાઇ, આકાશ સુધી પહોંચે તેવી તેમની લાંબી શિખા ખેડૂતના હાથમાં આવી. પંડિત હાહાકાર કરીને ભાગવા માટે ઊઠયા; અરે અરે! આ શું કરે છે? બ્રહ્મદેવ પર હાથ ઉગામે છે? તારા વડવા અમારા વડવાના પગ પૂજીને તો સ્વર્ગે ગયા છે. અધર્મ કર મા-નહી તો નર્કવાસ થશે!"

ખેડૂત લાત અને મુક્કા-બન્નેનો વારાફરતી ને એકીસાથે પ્રયોગ કરીને કહેવા લાગ્યો; "પાખંડી! ચૂપ રહે. તું બ્રાહ્મણ નથી પણ ચોર છે. ને ચોરની નાત કેવી!"

બ્રાહ્મણ ઘણું કરગર્યો, પણ ખેડૂતે તેને પેટ ભરીને માર્યા પછી જ છોડયો. તે પણ ભાગ્યો. થોડેક દૂર ગયો, ત્યાં તેના ત્રણે સાથીઓ હળદર ને તેલ ગરમ કરીને શરીરે માલિશ કરતા હતા. પછી આ પ્રસંગ બનવાના કારણોની શોધમાં ચારે જણ ચર્ચા કરવા લાગ્યા. તેમાં દરેકને લાગ્યું કે પોતાના સિવાયના ત્રણના પાપે આમ બન્યું છે! ચર્ચા ઉગ્ર બની, ને મારામારી પર આવત, ત્યાં એક માણસ ત્યાંથી નીકળ્યો.

"કેમ, ભાઇઓ! એક તરફ આ માલિસનું કામ કરો છો, અને બીજી તરફથી નવા માલિશની તૈયારી કેમ કરો છો!"

ચારેય જણાએ પોતાની રામકહાણી કહી સંભળાવી. પેલો માણસ હસી પડયો; ભાઇઓ જે થયું તે યોગ્ય જ થયું છે—અને તેમાં તમે બધાં સરખા જ જવાબદાર છો. એક તો તમે કોઇના ખેતરમાં વગર પરવાનગીએ ઘૂસીને તેને નુકશાન કર્યું—તે પહેલી ભૂલ. ને પછી તમારો સ્વાર્થ ભળ્યો; ને સંકટમાં પણ તમારી મોટાઇના અભિમાનમાં, આવેલ સંકટને તમે તમારા સૌનું સંકટ ન ગણતાં વીંખાઇ ગયા, ચાલાક ખેડૂતે તમને બરાબર પારખી લીધા, ને તમારૂં બલ તોડી નાખ્યું, દરેકે છુટો છુટો માર ભલે ખાધો; હવે આ હળદર ને તેલનો તો સાથે મળીને માલિશ કરજો!"

**શ્રી મૂળશંકર ભટ્ટ (કોડીયું)**

✽

દુનીયામાં દિન-પર દિન જે અવ્યવસ્થા ફેલાતી રહી છે, તેના આ બે કારણો છે. તે એ કે, મૂર્ખાઓ પોતાના અભિપ્રાયો ખરાજ એમ જડતાપૂર્વક પકડીને જક્કી બન્યા છે, અને ડાહ્યાઓ પોતાન સત્યના પૂરેપૂરા આગ્રહી કે તેની ખાતર ફના થવા તૈયાર નથી.

# યોગબિન્દુ [ભાવાનુવાદ] શ્રી વિદુર

[લેખાંક ૧૮ મો]

પ્રકારાન્તરથી જાતિસ્મરણ દ્વારા આત્મસિદ્ધિ થઇ શકે છે. એ વાતને ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે:-

**श्रूयन्ते च महात्मान, एते दृश्यन्त इत्यपि ।**
**क्वचित्संवादिनस्तस्मा-दात्मादिर्हन्त निश्चयः ।।६२।।**

આવા જાતિસ્મરણવંત મહાનુભાગો સંભળાય છે અને કવચિત્ દેખાય પણ છે, તેમનું સંવાદિ વચન પણ કવચિત્ અનુભવાય છે. માટે જ આત્માદિનો નિર્ણય થઈ શકે છે.

તે તે કથાનકોમાં સંભળાય છે, જેમ ભરૂચ આદિમાં સમળીનો જીવ રાજપુત્રી સુદર્શના વગેરે.

અર્થાત્ તે તે કથાનકોમાં, આવા જાતિસ્મરણ મહાનુભાવોવાળા સંભળાય પણ છે. જેમ સુદર્શના વગેરે.

અરે! વર્તમાનમાં કોઈક સ્થળે તેઓ નજરે પણ ચડે છે. જેઓનું વચન વિસંવાદિ નથી પણ સફળ છે.

આવા જાતિસ્મરણવાળા જીવોના સંવાદિ વચનથી ય જીવ-કર્મ વગેરે અતીન્દ્રિય અર્થનો વાસ્તવ નિર્ણય થઇ શકે છે.

વર્તમાનકાળમાં ય તે તે જીવોને જાતિસ્મરણ થવું શકય છે. તેવા જીવો પણ અનુભવાય છે. તેમનું વચન યથાર્થ હોય છે. તેથી પણ પરલોકાદિની સિદ્ધિ થઇ જાય છે.

ઉપરની જ બાબતનો નિશ્ચય કરાવતા ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કેઃ-

**एवं च तत्त्वसंसिद्धे-र्योग एव निबन्धनम् ।**
**अतो यन्निश्चितैवेयं, नान्यतस्त्वीदृशी क्वचित् ।।६४।।**

તાત્પર્ય એમ થયું કે- તત્ત્વસિદ્ધિનું કારણ યોગ જ છે. એના યોગે જ તત્ત્વસિદ્ધિ નિશ્ચિત થાય પણ અન્ય કારણ દ્વારા હરગીજ ન થઇ શકે.

ઉપર્યુક્ત ન્યાયે સમજી શકાશે કે- આત્મા-કર્મ આદિ તત્ત્વની પ્રતીતિમાં યોગ જ અમોઘ નિમિત્ત છે કારણ- યોગના પ્રભાવે જ તત્ત્વસિદ્ધિનો અબાધિત નિશ્ચય થઈ શકે છે પણ વાદ-પ્રતિવાદથી કોઇ પણ કાળે કે ક્ષેત્રે હરગીજ નિશ્ચિત તત્ત્વસિદ્ધિ થઇ શકતી નથી. ૬૪.

આથી યોગમાં જ પ્રયત્ન કરવા ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કેઃ-

**अतोऽत्रैव महान्यत्न-स्तत्तत्तत्त्वप्रसिद्धये ।**
**प्रेक्षावता सदा कार्यो, वादग्रन्थास्त्वकारणम् ।।६५।।**

આથી પ્રેક્ષાવંતે અહર્નિશ તે તે તત્ત્વની નિશ્ચિત સિદ્ધિ અર્થે યોગના વિષે જ મહાન્ યત્ન કરવો જોઇએ બાકી વાદ-પ્રતિવાદના ગ્રંથો એ સિદ્ધિમાં કારણભૂત નહિ જ બને.

પ્રેક્ષાવંતો આ લોકની પ્રધાનતા નહિં માનતા, પરલોકની સાધનામાં પ્રધાનતા માનનારા હોય છે. આ દૃષ્ટિએ તેઓએ તાદૃશ સ્વર્ગ-નરકાદિ યા આત્મા-મોક્ષાદિ તત્ત્વનું જ્ઞાન મેળવવું જ જોઇએ, એનો નિર્ણય કરવો જ જોઈએ. એ નિર્ણય યોગદ્વારા જ શકય છે, માટે જ બીજા કારણોમાં યત્ન નહિં કરતાં, તેઓએ યોગ વિષેજ બીજા ઉપાયોથી વધુ શ્રેષ્ઠ-બલવંત પ્રયાસ કરવો જોઇએ, જેથી કાર્યસિદ્ધિ થાય-તે તત્ત્વનો પ્રામાણિક નિર્ણય થાય. બાકી વાદ-પ્રતિવાદ-ગ્રંથોથી તત્ત્વપ્રતીતિ હરગીજ નહિ થાય. એ તો પરપક્ષનું નિરાકરણ કરી માત્ર સ્વપક્ષ-સ્થાપક તર્કપ્રકરણો છે. તેનાથી ભલે ચર્ચાઓ થાય, પણ તત્ત્વનો અંત ન આવે, તેથી જ વાસ્તવ તત્ત્વપ્રતીતિ ન થાય, માટે જ એ ગ્રંથો સુનિશ્ચિત રૂપે તત્ત્વપ્રતીતિના કારણ નથી.

એટલે વાદ-પ્રતિવાદ છોડી દઇ, પ્રેક્ષાવંતોએ યોગ વિષેજ ઉત્કટ પ્રયત્નશીલ બનવું જોઇએ, જેથી તત્ત્વસિદ્ધિ થાય. ૬૫.

આ બાબતનું સમર્થન કરતા ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે-

**उक्तं च योगमार्गज्ञै-स्तपोनिर्धूतकल्मषैः ।**
**भावियोगिहितायोच्चै-र्मोहदीपसमं वचः ॥६६॥**

જેઓએ તપદ્વારા મલિનતા દૂર કરી છે, એવા યોગમાર્ગજ્ઞાતા મહાત્માઓએ ભાવિ યોગિઓના કલ્યાણાર્થે આથીજ અજ્ઞાનના અંધારામાં દીપકના પ્રકાશની જેમ વેધક પદાર્થ પાથરનાર વચનપ્રતિપાદન કર્યું છે.

પોતાના વક્તવ્યની પુષ્ટિમાં બીજા માનનીય મહાત્માનું વચન મળી જાય, તો તે દુધમાં સાકર તુલ્ય બને છે. તત્ત્વપ્રતીતિમાં અમોઘ કારણુ યોગ જ છે, એવું ગ્રંથકારે જણાવ્યું. તેનાજ સમર્થનમાં અન્ય મહાત્માઓની સાક્ષી આપતા તેઓ જણાવે છે કે–

"આધ્યાત્મિક પંથવેત્તા **પતંજલિ** આદિ ઋષિઓ પણુ જેઓએ પ્રશમપ્રધાન તપદ્વારા માર્ગાનુસારી બોધના બાધક મોહમલને ક્ષીણુપ્રાય કરી દીધો છે.

આ વિવાદબહુલ કલિકાલમાં થનાર યોગિઓના હિતાર્થે આન્તરમોહ–અજ્ઞાનરૂપ અંધકારના અત્યંત વિનાશાર્થે દીપક સમાન વચન ભાખી ગયા છે. એ મહર્ષિઓ જે વિરાટ પ્રકાશ રેલાવનાર વચન ભાખી ગયા છે, તે જણાવે છે.

**वादांश्च प्रतिवादांश्च, वदन्तो निश्चितांस्तथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद्गतौ ॥६७॥**

અબાધિત–નિશ્ચિત પણે વાદ અને પ્રતિવાદને પ્રરૂપનાર પણુ વાદી–પ્રતિવાદીઓ તત્ત્વના નિર્ણયને પામી શકતા નથી, જેમ તલ પીલનાર બેલ વગેરે ગતિનો અંત ન પામે, તેમ.

વાદ પૂર્વપક્ષરૂપ હોય છે અને પ્રતિવાદ અન્યદ્વારા સ્થાપિત પક્ષના વિરૂધ્ધ વચનરૂપ હોય છે આ રીતે વાદ અને પ્રતિવાદને પુરોગામી બનાવી ચર્ચા કરનાર વાદિ–પ્રતિવાદી બનેલ તે તે શાસ્ત્રસિદ્ધ મુમુક્ષુઓ પણુ દર્શનીઓ પણુ–અસિધ્ધ–વ્યભિચાર–વિરોધાદિ દોષ ન આવે તે રીતે પ્રામાણિકપણે ચર્ચા કરવા છતાં આત્માદિ તત્ત્વના ~~નિર્ણયરૂપ તત્ત્વનો~~ અંત પામી શકતા નથી.

જેમ તેલીનો બેલ યા પાડો આંખે ચામડાના પાટા બાંધેલ હોઇ, અને એથીજ ચક્ષુનો પ્રકાશ બંધ થઇ ગયેલ હોઈ, માત્ર તલ પીલવાના યંત્રને ખેંચ્યા કરે, પણ કેટલું ગમન કર્યું તે ન સમજે, ભલે હરરોજ ભમ્યાજ કરે, એ કુંડાળામાં રમ્યાજ કરે, છતાં, ગતિના પરિણામને ન કળી શકે. કારણુ–આંખે ચામડાના પાટા બાંધેલ હોઇ, તેની આંખ નાકામીયાબ બની ગઇ છે, એથી જ એ તો બિચારો રાત–દિવસ ભમ્યા જ કરે.

તેમ માત્ર પોતપોતાના પક્ષના ખોટા અભિનિવેશથી અંધ બનેલ વાદિ–પ્રતિવાદિઓ પણુ બુદ્ધિ અનુસાર તરહતરહની ચર્ચા કરવા છતાં, એક–બીજાનું ખંડનમંડન કરવા છતાં, વાસ્તવ આત્માદિ તત્ત્વને પિછાની શકતા જ નથી. ૬૭.

આથી સહજતઃ જિજ્ઞાસા થાય કે– તત્ત્વનિર્ણયનો આખરી ઇલાજ શો ? આના ઉત્તરમાં અનુભવી તે મહાત્માઓએ જણાવ્યું –

**अध्यात्ममत्र परमं, उपायः परिकीर्त्तितः ।**
**गतौ सन्मार्गगमनं, यथैव ह्यप्रमादिनः ॥६८॥**

આ વિષયના નિર્ણયાર્થે અધ્યાત્મ જ અમોઘ–અવન્ધ્ય ઉપાય છે. જેમ અપ્રમાદી મુસાફરનું ઇષ્ટનગર પ્રાપ્તિ અર્થે સન્માર્ગગમન જ સફળ સાધન છે, તેમ.

યદિ તત્ત્વનિર્ણય ઇષ્ટ હોય, તો તે અંગે મહાત્મા ફરમાવે છે કે– અધ્યાત્મને જ ઉપાસો. એજ એનો સાચો અને સફળ ઇલાજ છે.

(એ અધ્યાત્મનું સ્વરૂપ આગળ પ્રગટ કરવામાં આવશે) જેમ મુસાફર પોતાના ઇષ્ટ નગરને પ્રાપ્ત કરવા ખેવના ધરાવતો હોય, તો તેણે જે પંથ અવિસંવાદી હોય, જે વાટ અવશ્ય તે નગરે પહોંચાડનારી હોય, તે માર્ગે જ પ્રમાદ છોડી ચાલ્યા જવું જોઇએ. તો અવશ્ય તે ઇષ્ટનગરને પ્રાપ્ત કરી શકે છે. તેમ સતતત્ત્વના નિર્ણયવાંછુ પુણ્યાત્માઓએ પણુ તેને અંગે એકના એક અનન્ય અમોઘ ઉપાયરૂપ અધ્યાત્મની જ સાધના કરવી જોઈએ. ૬૮.

આ વિષયમાં જ હાર્દ વ્યક્ત કરતા ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે—

**मुक्त्वाऽतो वादसंघट्ट-मध्यात्ममनुचिन्त्यताम् ।**
**नाविधूते तमःस्कन्धे, ज्ञेये ज्ञानं प्रवर्त्तते ॥६९॥**

આથી જ વાદ–પ્રતિવાદના કલેશને ફગાવી દઈ,

અધ્યાત્મની જ ચિન્તના કરો—અનુપ્રેક્ષા કરો-ભાવના ભાવો ! જેથી તત્ત્વની પ્રામાણિક પ્રતીતિ થાય. બાકી જ્યાં સુધી અજ્ઞાનરૂપ અંધકાર દૂર નહિં થાય ત્યાં સુધી ઘટપટાદિરૂપ જ્ઞેય અર્થો હોવા છતાં, જ્ઞાન તે અર્થોનું પ્રકાશન કરી શકશે નહિ.

અગર અધ્યાત્મ જ તત્ત્વપ્રતિપત્તિનું અમોઘ સાધન છે, તો સભ્ય-સભાપતિ, વાદિ-પ્રતિવાદી ઈત્યાદિ દ્વારા નિયન્ત્રિત વાદ-પ્રતિવાદને ત્યજી દઇ અધ્યાત્મ પ્રતિ જ લક્ષ્ય નિર્ણીત કરવું જોઇએ.

કારણ—અધ્યાત્મના અનુચિંતન-પુનઃ પુનઃ પરિશીલનરૂપ દીપકના વેધક પ્રકાશદ્વારા જ્યાં સુધી મિથ્યાત્વજનિત અભિનિવેશ-અસદ્‌ગ્રહ આદિ જન્ય વિપર્યયરૂપ અંધકારનો વિસ્તાર નાશ નહિ પામે, ત્યાં સુધી આત્માદિ તત્ત્વોની વાસ્તવપ્રતીતિ નહિ જ થઇ શકે.

આ વિષયની સ્પષ્ટતા કરતા ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે—

**सदुपायाद्यथैवाप्ति-रुपेयस्य तथैव हि ।**
**नेतरस्मादिति प्राज्ञः, सदुपायपरो भवेत् ॥७०॥**

જેમ સાધ્યની સિદ્ધિ સદુપાયથી જ થાય છે. તેમ અસત્સાધનથી થતી નથી, આ નિઃશંક નિશ્ચિત હોવાથી પ્રેક્ષાવંતોએ સદુપાય સેવનમાં જ તત્પર બનવું જોઈએ.

પ્રેક્ષાવંત માત્રની પ્રવૃત્તિ કોઈ પણ ઉદ્દેશ્ય વિનાની ન હોય, પણ ધ્યેયપૂર્વકની જ હોય. એ સાધ્યની સિદ્ધિ જે તત્સાધનભૂત સદુપાય હોય તેના દ્વારા જ થાય. પણ જે ઉપયાભાસ હોય, ઉપાયરૂપે ભાસવા છતાં, તત્ત્વતઃ ઉપાયરૂપ ન હોય, એટલે અસદુપાયરૂપ હોય, તેના દ્વારા હરગીજ ન થાય, આ એક અસંદિગ્ધ નિર્ણીતતત્ત્વ છે.

આથી જ યુક્તાયુક્તના વાસ્તવજ્ઞાતા પ્રેક્ષાવંતે સર્વત્ર દીર્ઘદૃષ્ટિથી વિચારણા કરી, સદુપાયના સેવનમાં જ તત્પર બનવું ઘટે, જેથી કાર્યસિદ્ધિ થાય જ.

યદિ સદુપાય-અવલંબન છોડી, અસદુપાયાસેવન કરે, તો તેનામાં પ્રજ્ઞતાજ ન મનાય, પ્રજ્ઞ તેજ છે કે—જે સદુપાયસેવી હોય, જેમ અનુરૂપ-કારણ વિના કાર્યસિદ્ધિ થાય જ નહિ, અથવા અન્ય કારણથી પણ કાંઈ સિદ્ધિ થાય જ નહિ, તેમ તે કાર્યસાધક સમગ્ર કારણના વ્યાપાર આલંબનથી કાર્ય સિદ્ધ થયા વિના રહે જ નહિ, માટે વિપરીત હેતુ ત્યજી દઇ વાસ્તવ ઉપાયને જ સ્વીકારવો જોઇએ, જેથી અવશ્ય કાર્ય સિદ્ધ થાય જ. ૭૦.

આ વિષયની પ્રસ્તુતમાં સંયોજના કરતા ગ્રંથકાર મહર્ષિ ફરમાવે છે કે—

**सदुपायश्च नाध्यात्मा- दन्यः सन्दर्शितो बुधैः ।**
**दुरापं किं त्वदोऽपीह, भवाब्धौ सुष्ठु देहिनाम्**
**॥७१॥**

સત્યતત્ત્વપ્રતીતિના વિષયમાં અધ્યાત્મ વિના અન્ય કોઈપણ સદુપાય પંડિતોએ દર્શાવ્યો નથી. આમ છતાં એ નક્કર હકિકત છે કે, સંસાર-સાગરમાં ડુબતા જીવોને એ અધ્યાત્મ જલ્દી પ્રાપ્ત થવું કઠિન છે—મુશ્કેલ છે.

પ્રાચીન શાસ્ત્રકાર મહાત્માઓએ નિર્મળ તત્ત્વના નિર્ણયાર્થે અધ્યાત્મ સિવાય અન્ય સદુપાય દર્શાવ્યો નથી.—પ્રરૂપ્યો નથી. તેથી આત્મશ્રેયોર્થિ મહાનુભાવોએ તેની પ્રાપ્ત્યર્થે જ યત્નશીલ બનવું જોઈએ.

આમ છતાં એ સમજી લેવું જરૂરી ગણાશે કે—તત્ત્વપ્રતીતિ તો દૂર રહો, પણ તેના સત્સાધનભૂત અધ્યાત્મની પ્રાપ્તિ પણ સંસારસાગરમાં ઝીલતા-ડૂબતા જીવોને જલ્દિ સહેલાઈથી થઇ શકે તેમ નથી. પણ ઘણી મુશ્કેલીઓને અંતે-મહાપુણ્યોદયેજ પ્રાપ્ત થઈ શકે તેમ છે. ૭૧.

---


## ભેટ મળશે

૧ **સ્નાત્રપૂજા** અર્થસહિત શાંતિકળશ સાથે
૨ **સિદ્ધચક્ર યંત્ર** કાપડ પર
૩ **પચ્ચક્ખાણના** કોઠાની ચોપડી.
૪ **મહાવીર પંચકલ્યાણકનો પટ** રેશમી કાપડ ઉપર

ફક્ત ત્રણ આનાની ટીકીટો મોકલવાથી ભેટ મળશે.

લખો:-

**શ્રી ચંદ્રજ્ઞાન મંદિર**

વાયા, નવાડીસા, ધાનેરા (બનાસકાંઠા)

# જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા

સં. શ્રી કિરણ

## શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન

પ્રિય કમલ !

શ્રી નમસ્કાર મહામંત્રના પ્રત્યેક શબ્દમાં-અક્ષરમાં અચિંત્ય શકિત-રહસ્ય સમાયેલું છે. આ શક્તિનું પ્રાગટ્ય ક્રમશઃ પ્રયત્નપૂર્વક થશે.

પ્રત્યેક અક્ષરમાં જે શક્તિ અવ્યક્તપણે રહેલી છે, તે શક્તિ સાધકની-ઉચ્ચારકની શુદ્ધિ Purity અને જાગૃતિ Awareness અનુસાર પ્રસ્ફુરિત થશે.

વિધિપૂર્વક ઉચ્ચારણ કરાતા મંત્રોમાં રહેલી સુષુપ્ત શબ્દશક્તિ આંતરિક શુદ્ધ પ્રેરણા પામીને કાર્યકારી બને છે.

### ભાવનિર્મળતા.

અનુભવી સાધક જાણે છે કે—શ્રી નમસ્કાર મહામંત્રમાં કેટલી શક્તિઓ, કેટલું માધુર્ય, કેટલો આનંદ ભર્યો છે !

"આનંદ"નો આ રસ ભાવની નિર્મળતા આવ્યા વિના પ્રગટતો નથી. આવી ભાવની નિર્મળતા જપમાં એકાગ્ર થવાથી આવશે.

શ્રી નમસ્કાર મંત્રના ઉચ્ચારણથી, શ્રી નમસ્કાર મંત્રના સ્મરણ માત્રથી આ ભાવનિર્મળતા હૃદયમાં જાગૃત થશે. કારણ કે શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ પંચ પરમેષ્ઠિ સાથેના પરિચયને ગાઢ બનાવે છે.

### પંચ પરમેષ્ઠિનો ગાઢ પરિચય.

જેમ આપણે કોઈ વ્યક્તિનો પરિચય કરવો હોય તો તેનો બાહ્ય આકાર, વસ્ત્ર, અલંકાર, કે ચિત્રથી સાચી રીતે થતો નથી. ગાઢ પરિચય માટે તે વ્યક્તિના વારંવારના સંબંધમાં આવવું પડશે. તેની વિચારધારા અને ભાવધારાને સમભાવે સમજવી પડશે. તેની સાથે સંપૂર્ણ સહાનુભૂતિ-પ્રેમ-ઐક્ય કરવું પડશે. તેના સુખ-દુઃખને સમજવાં પડશે. તે વ્યક્તિની ભાવનાઓ, તેનાં જ્ઞાન-વિજ્ઞાન-આંતરપ્રકૃતિનો પરિચય પામવો પડશે.

સામાન્ય વ્યક્તિનો ગાઢ પરિચય પ્રાપ્ત કરવો જો મુશ્કેલ છે તો અસામાન્ય એવા

વ્યક્તિવિશેષના પરિચય માટે સર્વ સમર્પણ TOtal Surrender ની શરત અનિવાર્ય હોય તેમાં શું આશ્ચર્ય !

શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ પંચ પરમેષ્ઠિઓનો આંતર પરિચય કઇ રીતે કરાવે છે, તે અનુભવનો વિષય છે.

## યુક્તિ અને અનુભવ.

જેમ સામાન્ય વ્યક્તિઓના પરિચય માટે તેનો દેખાવ, રૂપ, અંગ-પ્રત્યંગ, નામ વગેરેની અગત્ય છે, તેમ શ્રી નમસ્કાર મહામંત્રની તર્ક તથા યુક્તિદ્વારા બુદ્ધિપૂર્વકની સમજણ જો કે અગત્યની છે, તો પણ એક વિદ્વાન પોતાના બુધ્ધિ-વૈભવથી શ્રી નમસ્કાર મંત્રને જે રીતે જાણે છે-સમજે છે, તેથી વધુ જીવંત રીતે એક સાધક જેને આ મહામંત્રની સાધના સાધી છે, તે અનુભવે છે.

## સાધના-આરાધનાનું મહત્વ.

શબ્દની ચર્ચા માત્રથી, અર્થના બુધ્ધિપૂર્વકના વિશ્લેષણ માત્રથી, તર્કગમ્ય શાસ્ત્રયુક્તિ માત્રથી શ્રી નમસ્કાર મંત્ર સંબંધી વિગતોનું જ્ઞાન અવશ્ય પ્રાપ્ત થશે. જ્યારે સાધના-માર્ગના આ સર્વશ્રેષ્ઠ પાંચ માનસ્થંભોનું-શ્રી પંચ પરમેષ્ઠિનું વાસ્તવિક જ્ઞાન-તેમનો પ્રત્યક્ષ અનુભવ માત્ર સાધના દ્વારા પ્રાપ્ત થશે.

જેમને શ્રી પંચ પરમેષ્ઠિનો સાચો પરિચય પામવો છે, તેમને સર્વ સમર્પણભાવ TOtal Surrender થી નિત્ય નિરંતર શુધ્ધ અને જાગૃત Pure and Aware ચિત્તથી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ કરવો જોઇએ.

## આહારનો પ્રત્યેક કોળીયો.

જ્યારે આપણે ભોજન કરીએ છીએ, ત્યારે આપણું ધ્યાન તો ભોજનના સ્વાદમાં છે, પરંતુ આહારના પ્રત્યેક કોળીયાથી સ્વાદની સાથે સાથે જ આપણા શરીરને પોષણ મળે છે, આપણી ઇંદ્રિયોની શક્તિ વધે છે, અને ક્ષુધાનું નિવારણ થાય છે.

જ્યારે આપણે જાપ કરીએ છીએ, ત્યારે આપણું મન શ્રી નમસ્કાર મંત્રમાં એકાગ્ર રહે છે, પરંતુ પ્રત્યેક જાપથી વિષય-કષાયની મંદતા, સંસાર પ્રત્યે વૈરાગ્ય, કર્મબળોનો ક્ષય તથા આત્મિક ગુણોની પ્રાપ્તિ સ્વાભાવિકપણે થતી રહે છે.

આહારના પ્રત્યેક કોળીયામાં ભૂખનું નિવારણ કરવાની શક્તિ તથા દેહપોષણ છુપાયેલાં છે. એક એક કોળીયામાં તે આપણને સ્પષ્ટપણે કદાચ ન દેખાતા હોય તેથી શું ! જેમ અનેક કોળીયાના પરિણામસ્વરૂપે ભૂખની નિવૃત્તિ અને શરીરનું પોષણ થાય છે, તેમ શ્રી નમસ્કારમંત્રના એક એક વારના જાપથી આપણું અજ્ઞાન, કષાય અને પ્રમાદ દૂર થાય છે. શરૂઆતના સાધકને કદાચ આ વાત સ્પષ્ટ થશે નહિ.

## શ્રી નમસ્કાર મંત્રની વિદ્યુત અસર.

વારંવાર શ્રી નમસ્કારમંત્રના જાપથી મન અને બુદ્ધિ ઉપરના પડળ દૂર થતા શાસ્ત્રની ભાષામાં કર્મમળોનો ક્ષય થતા, આત્મપ્રકાશ અવશ્ય પ્રાપ્ત થાય છે. જેણે આ પ્રકાશ Light Of Knowledge ની ઝળક એકવાર અનુભવી છે તે શ્રી નમસ્કાર મહામંત્રના જબ્બર બળને જાણે છે, તેની વિદ્યુત અસર Electro Magnetic Effecrs ને સમજે છે.

શ્રદ્ધા, ભક્તિ અને એકાગ્રતાથી વિચારપૂર્વક, સમજણપૂર્વક, ભાનપૂર્વક જે સાધક શ્રી નમસ્કાર મંત્રનો જાપ કરે છે, એકાંતિકભાવથી–સર્વ સમર્પણવૃત્તિથી જે પંચ પરમેષ્ઠિને શરણે જાય છે, મન–વચન–કાયાની પ્રત્યેક ક્રિયામાં તેમનું સ્મરણ ચિંતન કરે છે, તે સાધકના બુદ્ધિ, મન, વાણી તથા દેહ વધુ ને વધુ પવિત્ર બને છે.

## આધ્યાત્મિક સમૃદ્ધિનું શબ્દમય પ્રતીક.

જાપમાં જેમ જેમ એકાગ્રતા વધતી જશે, તેમ તેમ પંચ પરમેષ્ઠિના આંતરજીવન સાથે સાધકનું તાદાત્મ્ય થશે. જ્યારે પંચ પરમેષ્ઠિનું સાચું સ્વરૂપ સાધકના હૃદયમાં પ્રકાશિત થઇ ઉઠે છે, ત્યારે શ્રી નમસ્કાર મંત્રનો સંપૂર્ણ પરિચય પ્રાપ્ત થયો ગણાય.

શ્રી નવકારનો પરિચય તે શ્રી પંચ પરમેષ્ઠિનો પરિચય છે. શ્રી નવકારની સાધના તે મોક્ષમાર્ગની સાધના છે. સમ્યક્ શ્રદ્ધાથી જાપ કરનાર સાધકને વિશેષ એકાગ્રતા થતા પ્રત્યેક અક્ષર, પ્રત્યેક માત્રા ચેતનવંતી જણાશે, તથા શ્રી નમસ્કાર મહામંત્ર, પંચ પરમેષ્ઠિની આધ્યાત્મિક સમૃધ્ધિનો સાક્ષાત્કાર કરાવનારૂં સાધન થશે.

અનુભવી સાધક જાણે છે કે—શ્રી નમસ્કાર મહામંત્ર શ્રી પંચ પરમેષ્ઠિની આધ્યાત્મિક સમૃદ્ધિનું શબ્દમય પ્રતીક છે. Symbol Of the Spiritual Splendour.

—o—

## "ચીનની અહિંસા"

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો સંપર્ક ચીનની સંસ્કૃતિ સાથે હતો, તે ઇતિહાસપ્રસિદ્ધ છે.

ચીનમાં અહિંસાનો વિધિરૂપ અર્થ પ્રેમ અને મૈત્રી થાય છે, તેને ચીની ભાષામાં જેન "Gen" કહે છે. નિષેધાત્મક અહિંસાને 'પુ–હૈ' 'Pu-Hai' કહે છે.

અહિંસા જૈનસાધનાનો પ્રાણ છે. અહિંસાનો પર્યાયવાચી શબ્દ ચીની ભાષામાં 'જેન' યા 'જિન' હોય તે ભાષાશાસ્ત્રીઓ અને ઇતિહાસકારો માટે એ વિચારણીય છે.

આજે ભારતમાં અહિંસા હિંસાના નિષેધરૂપે ગણાય છે. ભગવાન શ્રી મહાવીરની અહિંસા સક્રિય હતી, નિષ્ક્રિય નહિ. Positive and not Negative.

# ક્ષત્રિયકુંડ

પ્રિય કમલ !

અમે સવારના જાગ્યા ત્યારે સ્ટેશન જમ્મુઈ હતું. લછવાડ લઈ જવાના સામાન સાથે અમે સ્ટેશન બહાર ઉભેલી બસમાં બેઠા. જમ્મુઈથી પશ્ચિમે ચૌદ માઈલ લછવાડ છે.

## મારી સ્વપ્નસૃષ્ટિ.

લીલાછમ ખેતરો અને તાડના ઝાડો વચ્ચે થઈને અમારી મોટરબસ લછવાડ તરફ વળી. સવારનો ઠંડો પવન આહ્‌લાદજનક હતો. શ્રી વીર ભગવંતના જન્મસ્થાન તરફ અમે જઈ રહ્યા હતા, તેનો આનંદ વિશેષ હતો.

એવી શું વિશિષ્ટતા આ સ્થાન Space ની હતી કે જ્યાં ચરમ તીર્થંકરદેવે જન્મ લીધો!

અને એમના જન્મ માત્રથી આ સ્થાનમાં શું વિશેષ વિશિષ્ટતા આવી હશે ? What subtle properties through Higher Radiations were added to this place ?

વર્ષોથી મારી સ્વપ્નસૃષ્ટિમાં આ સ્થાન આવતું. જ્યાં શ્રી વીરભગવંત જન્મ્યા હતા, જ્યાં ઉછર્યા હતા, જ્યાં તેમણે સંસારનો ત્યાગ કર્યો હતો.

વર્ષોની સ્વપ્નસૃષ્ટિ આજ અહિં સજીવ થઈ. મારા માનસચક્ષુઓ સમક્ષ એ મહામૂલા પ્રસંગો જીવંત બની રહ્યા. એ ભવ્યતા, એ પવિત્રતા, એ મધુરતા. મારૂં સમગ્ર મન જાણે કોઈ દિવ્ય આનંદમાં તરબોળ થઈ રહ્યું.

ન જાણે ક્યારે સીકંદ્રા આવ્યું ! ન જાણે એક કલાક ક્યાં ગયો !

અહિં સુધી સડક સારી છે. બસ સર્વિસ માટે આ મહત્ત્વનું સ્થાન છે.

## લછવાડ.

અહિંથી પંદર મિનિટ સુધીનો લછવાડનો રસ્તો સારો નથી. બસ ઉછળતી હતી. અંદર બેસનારા ઉછળતા હતા. સામાનનો કર્કશ અવાજ પણ નવું જોવાના આનંદમાં મધુર લાગતો હતો. સામાનનું સંગીત હજુ ચાલુ હતું, ત્યાં તો શિખરબંધી દહેરાસરજીની ધજા દેખાઈ.

વચ્ચે નદી છે, અને સામી બાજુ ધર્મશાળા છે. ચોમાસામાં નદી બનતી હશે, અત્યારે તો ઘૂંટણપૂર પાણીમાં નાના વહેળા જેવું લાગે છે.

સર્વિસની બસ આ બાજુ ઉભી રહે. મજૂરો પાસે સામાન ઉપડાવી સામી બાજુ જવાનું બહુ દૂર નથી, અમારી બસ ધર્મશાળા પાસે જ ઉભી રહી.

## ધર્મશાળાનું જિનમંદિર.

બસમાંથી ઉતરીને તરત જ અમે ધર્મશાળામાં ગયા. ધર્મશાળાની વચ્ચે શ્રી મહાવીર-પ્રભુનું દહેરાસર છે. હું તો સીધો ત્યાં જ ગયો. પ્રવાસનો થાક ઉતારવા ભગવંતને ચરણે બેઠો. સંસારના પ્રવાસનો થાક ઉતારવા માટે પણ આ ચરણનું શરણ લેવું પડશે. જેના શરણ માત્રથી સંસારનો મહાસમુદ્ર અંજલિના જળતુલ્ય લાગે છે.

લછવાડનું દહેરાસર વિશાળ છે: ચોકને ચાર ખૂણે ચાર દહેરીઓમાં ચરણપાદુકા સ્થાપેલી છે.

## લિચ્છવીઓની ભૂમિ.

ક્ષત્રિયકુંડના પહાડની યાત્રા આજે જ કરવી હતી એટલે અમે ઝડપભેર નાસ્તો કર્યો. આ માટે દૂધની તપાસ કરી. લછવાડમાં અત્યારે

દૂધ મળે તેમ નહોતું. અહિં ચાની એકેય હોટલ નહોતી. હોટલનું દુષિત વાતાવરણ હજી અહિંની હવાને સ્પર્શ્યું નથી.

થોડા ઝુંપડાઓ સાથેનું આ ગામડું એક સમયના પરાક્રમી લિચ્છવીઓની રાજધાની હતું. લિચ્છવીઓ બળવાન હતા, અભિમાની હતા, જ્ઞાતિવ્યવસ્થા અને ગણતંત્ર સંચાલનમાં કુશળ હતા, પોતાની કન્યા સામાન્ય કુળમાં આપતા નહોતા. મગધરાજ શ્રેણિકે ચેટકરાજાની રાજકન્યા ચેલ્લણાનું હરણ કરીને તેની સાથે લગ્ન કર્યું હતું.

લિચ્છવીઓના વીરત્વની ગાથાથી ભારતનો ઇતિહાસ ઉજ્જવળ છે. આજનું લછવાડ જીર્ણ-શીર્ણ ગામડાંરૂપે ભવ્ય ભૂતકાળની સ્મૃતિ સંઘરીને બેઠું છે.

## દીક્ષા-કલ્યાણકનું સ્થાન.

અમે પૂજાના કપડાની ઝોળીઓ તૈયાર કરી. પહાડની તળેટી સુધી જવા માટે ભાડાથી એક ગાડું નક્કી કર્યું.

ક્ષત્રિયકુંડનો પહાડ ધર્મશાળાથી દક્ષિણે ત્રણ માઈલ દુર છે, રસ્તો નિર્જન છે, એકની એક નદી સાત વાર ઓળંગવી પડે છે, નદીમાં ચોમાસા સિવાય પાણી હોતું નથી.

આ પહાડી નદીઓ અને વેરાન રસ્તો જો કોઇ ઊંચો વિચાર ન પ્રેરી શકે તો એકલ માનવીને અવશ્ય ભયજનક લાગે.

પહાડની તળેટી પાસે ગાડું આવી પહોંચ્યું. આ સ્થાનને "કુંડે ઘાટ" કહે છે. અહિં જ્ઞાત-ખંડ વન હતું, જ્યાં શ્રમણ ભગવંત શ્રી મહાવીરદેવે કાર્તિક વદિ ૧૦ ને ત્રીજે પહોરે દીક્ષાનો સ્વીકાર કર્યો હતો.

અહિં બે નાના જિનાલયો છે, જેમાં શ્રી વીરપ્રભુની શ્યામવર્ણી પ્રતિમાઓ છે. આ દીક્ષા-કલ્યાણકનું સ્થાન કહેવાય છે.

## ક્ષત્રિયકુંડનો પહાડ.

દર્શન કરી અમે તળેટીમાં બેઠા. અહિં ભાતુ અપાય છે. આજે યાત્રાળુઓ વિશેષ હોવાથી ચાની સમવડ પણ હતી. અમે અહિં ચા પીધી. પ્રાચીન કાળના વૈદિક ઋષિઓને સોમપાનથી જેમ પ્રેરણા મળતી, તેમ ચા-પાનથી અમારામાંના કેટલાકને પણ થોડી પ્રેરણા મળી.

પહાડનું ચઢાણ કઠણ છે. જુદી જુદી સાત પહાડી ઘાટીઓ વટાવવી પડે છે. જેમાંથી ૧ દેગડાની, ૨ કિંદુઆની, ૩ સકસકીઆની, અને ૪ ચિકનાની ઘાટી કહેવાય છે. આ પહાડી પૂર્વ-પશ્ચિમે વીશ માઈલ લાંબી અને ઉત્તર-દક્ષિણે ક્યાંક ચાર માઈલ અને ક્યાંક ઓછી પહોળી છે.

ચડાવ આશરે ત્રણ માઈલ છે. રાજગીરના પહાડોમાં આવા મોટા પથ્થરો નહોતા. આવી ગીચ ઝાડી નહોતી. અહિં ક્યારેક તો કોઇ ગાઢ જંગલમાંથી જતા હોઇએ તેવું લાગે. આ ઝાડવાઓને લીધે સૂર્યનો તડકો પણ ખાસ લાગતો નહોતો.

અહિં પ્રકૃતિ ઘણી સુંદર છે. અહિં ભલે તમે એકલા જાઓ, પણ અહિં તમે એકલા નથી. આ ઝાડ-પાન અને આ પત્થરો, આ શીતલ પવન અને બપોરનો સૂર્ય અહિં તમને અવનવી વાતો કહેશે. જે જ્ઞાન પુસ્તકોમાં છપાયું નથી, તે અહિં સમજાશે.

અહિં શ્રી વીરપ્રભુને યાદ કરવા પડતા નથી. શ્રી વીરપ્રભુ વારંવાર યાદ આવે છે.

કમલ ! ક્ષત્રિયકુંડનું આ ચઢાણ કોમલ-

ગઢ જેટલું વિકટ નથી. ગિરનારની સાતમી ટૂંક જેટલું દુર્ગમ નથી. પરંતુ તેથી શું ? ક્ષત્રિય-કુંડનો આનંદ તો આ બેયથી વિશેષ છે. કોમલગઢમાં લાગણીની સમૃદ્ધિ Richness Of Feeling પ્રાપ્ત થઇ હતી. ગિરનારની સાતમી ટૂંકે વિચારની સમૃદ્ધિ Richness Of Thought પ્રાપ્ત થઇ હતી. અહિં ક્ષત્રિયકુંડમાં લાગણી અને વિચારનું અદ્વૈત, આ બંન્ને સમૃદ્ધિનું સુભગ મિલન, ભાવનાની શુદ્ધિ પ્રાપ્ત થઇ.

ક્ષેત્ર-સ્પર્શનાની જબ્બર અસર Dynamic Effects હું કોને સમજાવું ! કલ્યાણક ભૂમિના કંપનો Radiations ની સ્થૂલ અને સૂક્ષ્મ અસરો હું કોને સમજાવું !

## શ્રી વીર-જિનેશ્વરનું જન્મસ્થાન.

પહાડનું ચઢાણ પૂરું થયું, અને મંદિરનું શિખર દેખાયું. મંદિરની ચારે તરફ જંગલ છે. પરંતુ મંદિરની આસપાસ ઉંચો મજબૂત કોટ છે. દહેરાસરમાં શ્રી વીરપ્રભુના પ્રતિમાજી છે. આજે અહિં ગરમ પાણીની સગવડ હતી, અમે પૂજા કરી.

ચીકણાના ચડાવથી પૂર્વમાં છ માઇલ જતાં લોધાપાણી નામનું સ્થાન છે. જે મૂળ જન્મ-કલ્યાણકનું સ્થાન કહેવાય છે. જ્યાં પાણીનું ઝરણું છે, એક જૂનો બાંધેલો કૂવો છે, પ્રાચીન ખંડેરો છે, જે ' સિધ્ધાર્થ રાજાના મહેલ ' તરીકે ઓળખાય છે. એક મોટો ટીલો છે, જેમાંથી પુરાણી ગજીયા ઇંટો મળે છે. આજે અહિં દહેરાસર નથી, પરંતુ શ્રી વીરજિનેશ્વરનું જન્મ-સ્થાન આ.

અઢીસો વર્ષ પહેલાની તીર્થમાળાઓ ઉપ-રથી સમજાય છે કે, આજે જ્યાં દહેરાસર છે, ત્યાં તે સમયે પણ દહેરાસર હતું, અને તેની પૂર્વમાં ત્રણ કોશ પર ક્ષત્રિયકુંડ મનાતું હતું.

શ્રી **સૌભાગ્યવિજયજી** તેમના સમયનું વર્ણન આ પ્રમાણે આપે છે:—

તિહાંથી પરવત ઉપરરિ ચઢ્યા ચિ૦
કોશ જીસે છે ચ્યાર,
ગિરિ કડખે એક દેહરો. ચિ૦
**વીર** બિંબ સુખકાર,
તિહાંથી ક્ષત્રિકુંડ કહે. ચિ૦
કોસ દોય ભૂમિ હોય,
દેવલ પૂજી સહુ વળે. ચિ૦
તિહાં નવિ જાયે કોય.

આ લોધા પાણીનું સ્થાન તેજ ક્ષત્રિય-કુંડની મૂળ જગ્યા.

•

## 'આકાશ'ની સ્મૃતિ
## MEMORY OF SPACE

કમલ ! કોઇ રહ્યો-ખડ્યો યાત્રાળુ અહિં આવે છે, અને આ પવિત્ર વાતાવરણની મીઠાશ માણે છે. અહિં લગીરેય કોલાહલ નથી, નિરવ શાંતિ છે. સ્હેજ પણ ઉદ્વેગ નથી, અદ્ભૂત સાત્વિકતા છે. જે અહિં આવશે તે અવશ્ય માણશે. સ્થૂલનો આનંદ તો ઘણો માણ્યો, ક્યારેક સૂક્ષ્મનો આનંદ પણ માણીએ.

અહિં પ્રાચીન કાળમાં દહેરાસર હશે, આજે કશું નથી. તેથી શું ! મારે મન અહિં બધુંય છે. લોધા પાણીના 'આકાશ'ની સ્મૃતિ Memory Of Space માં સંઘરાયેલા શ્રી વીર-પ્રભુના જીવન પ્રસંગો આજ મારા હૃદય 'આકાશ'માં ઉઘડ્યા.

## કાળનું સાપેક્ષપણું
## RELATIVITY OF TIME

મારૂં કાંડા-ઘડિયાળ કહે છે કે, બધી મિનિટો એક સરખી છે. પરંતુ ના, અહિં મારે મન જે પાંચ મિનિટ ગઇ તે ઘડિયાળમાં દોઢ કલાકરૂપે નોંધાઇ હતી. આ શું ચમત્કાર નહોતો ?

એક વાર બિસ્મિલ્લાહની શહેનાઇનું સંગીત સાંભળતાં પણ આવું જ બન્યું હતું. પરંતુ પહેલા દિવસે સંધ્યા ટાણે કોમલગઢથી પાછા ફરતા નિર્જન પહાડીમાં રસ્તો ભૂલ્યા હતા, ત્યારે દશ મિનિટ જાણે એક કલાક જેવી લાગી હતી.

મારા એક મિત્ર કહે છે કે,-શરદબાબુની નવલકથા વાંચતા બે કલાક કયાંય જતા રહે છે, અને ઇન્કમટેક્ષ ઓફીસર સામેની દશ મિનિટ કેમેય જતી નથી.

લોધા પાણીથી પાછા ફરતા સમય' Time સંબંધી અનેક વિચાર સ્ફૂર્યા.

આધુનિક વિજ્ઞાન કાળને Fourth Dimension ચોથું પરિમાણ શા માટે કહે છે ?

માનવમન Human Consciousmen સાથે સમય Time નો શું સંબંધ છે ?

જાગૃતિનો કાળ અને સ્વપ્નનો કાળ, બંન્ને વચ્ચે શું તફાવત છે ? શાથી છે ?

માનવ સમય Human Time શા માટે કિંમતી છે ?

માનવી અને અન્ય જીવસૃષ્ટિનો કાળ Time નો અનુભવ શું ભિન્ન ભિન્ન છે ?

શ્રી જૈનદર્શનકથિત કાલનું વાસ્તવિક સ્વરૂપ શું છે ?

જ્યારે લોધા પાણીથી હું પાછો ફર્યો ત્યારે આ વિચારપ્રવાહમાં હું વહી રહ્યો હતો.

### ક્ષત્રિયકુંડની આજ અને ગઈ કાલ.

પચ્ચીસો વર્ષ પહેલાના તક્ષશિલા, કૌશાંબી, ભોગનગરી, વૈશાલી, રાજગૃહિ, નાલંદા અને ચંપા આજે નાશ પામ્યા છે. તે સમયનું સમૃદ્ધ ક્ષત્રિયકુંડ આજે નાના ગામડાઓમાં વહેંચાઇ ગયું છે. આજે જન્મસ્થાનની ચારે તરફ દિપ્નાકરહર, મેગરૂહ, હરખાર, ગાયઘાટ, ચંદનબર ઈત્યાદિ ગામડા આવેલા છે.

જન્મસ્થાન અને માહણા પાસે પાસે છે. આજનું માહણા ગામ તે એક સમયનું બ્રાહ્મણકુંડ ગ્રામ. આજે પણ માહણા ગામમાં બ્રાહ્મણો વસે છે. ક્ષત્રિયકુંડ અને બ્રાહ્મણકુંડ જોડિયા ગામ હતા. નજીકમાં બહુશાલ ચૈત્ય હતું, જેમાં શાલના ઝાડો વિશેષ હશે.

બ્રાહ્મણકુંડ ગામના બહુશાલ ચૈત્યમાં શ્રી વીરપ્રભુ સમોસર્યા ત્યારે ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદાએ દીક્ષા લીધી. આ બહુશાલ ચૈત્યમાં રાજપુત્ર જમાલિએ પાંચસો ક્ષત્રિયકુમારો સાથે તથા પ્રભુના પુત્રી પ્રિયદર્શનાએ એક હજાર ક્ષત્રિય કન્યાઓ સાથે દીક્ષા લીધી હતી.

ભગવાન બીજું ચોમાસું કરી ચંપાનગરી જતા અહિં બ્રાહ્મણકુંડ ગામમાં પધાર્યા હતા.

અહિં જ નંદ બ્રાહ્મણનો અને ઉપનંદ બ્રાહ્મણનો એમ બે મહોલ્લા હતા. પ્રભુ સાથે રહેલા ગોશાળાએ ઉપનંદના મહોલ્લાને તેજોલેશ્યાથી બાળી નાખ્યો હતો.

તે સમયે ક્ષત્રિયકુંડનું રાજકારણમાં અગત્યનું સ્થાન હશે. તે સમયનું કુર્મારગ્રામ તે આજનું કુમારિયગામ-કુરમાર-કોરાઇ. દીક્ષા લીધા પછી ભગવાન જમીનમાર્ગે ચાલીને

મુહૂર્તકાળ જેટલો દિવસ બાકી હતો ત્યારે કુર્મારગ્રામ પહોંચ્યા. આજનું કુમારિયગામ લછવાડથી ત્રણ માઈલ છે.

અહિં રાત્રે ગોવાળીઆએ પ્રભુને ઉપસર્ગ કર્યો ત્યારે ઈંદ્રે આવી તેમને સહાય કરવાની પોતાની ઈચ્છા જણાવી, અને પ્રભુએ કહ્યું:

અર્હંતો કદિ પણ પરસહાયની અપેક્ષા રાખતા નથી.'

આજનું કોનાગગામ, તે સમયનું કોલ્લાગ સન્નિવેશ. જ્યાં બહુલ બ્રાહ્મણે શ્રી વીર ભગવંતને ક્ષીરથી છઠ્ઠ તપનું પારણું કરાવ્યું હતું. 'મહાવીર-ચરિયં' પ્રમાણે અહિં પ્રભુએ અર્ધવસ્ત્રનું દાન કર્યું.

આજનું મોરાગામ તે સમયનું મોરાક સન્નિવેશ. મોરાક સન્નિવેશના તાપસ આશ્રમમાં પ્રભુ ચોમાસુ કરવા ત્યાંના કુલપતિના આગ્રહથી પધાર્યા. અર્ધો માસ પછી અપ્રીતિનું કારણ જાણી પાંચ અભિગ્રહ લઇ અસ્થિક ગામના શૂલપાણિ યક્ષના મંદિરમાં જઇ રહ્યા.

તે સમયની વેગવતી નદી તે આજે મોરા પાસેની વડ નદી.

નજીકનું બસળુટ્ટી ગામ તે વૈશ્યપટ્ટી. આ બધા સ્થાને જિનમંદિરો હતાં. કુમારિયગામમાં જિનમંદિર છે પરંતુ શ્રી જિનેશ્વરના પ્રતિમાજી નથી. અન્ય મૂર્તિ બેસાડી છે.

મહાદેવ સીમરીયામાં અઢીસો વર્ષ પહેલા બંધાયેલા પાંચ જિનાલયો છે. ત્યાંના લોકોએ પ્રતિમાઓ નજીકના તળાવમાં નાખી દીધી છે. આજે શિવલિંગ અને બુધ્ધમૂર્તિ છે.

## બસાડનું ખોદકામ.

કેટલાક સંશોધકો માને છે કે,-મુજફ્ફરપુર જીલ્લામાં આવેલું 'બસાડપટ્ટી' એજ 'વૈશાલી' છે, અને તેની પાસે 'વાસુકુંડ' નામે ગામ છે, તે જ્ઞાતક્ષત્રિયોનું નિવાસસ્થાન 'ક્ષત્રિયકુંડ'.

બસાડના ધ્વંસ અવશેષોને પ્રાચીન વૈશાલી હોવાનો સંકેત કરનાર સંશોધકોમાં સેંટમાર્ટીન અને જનરલ કનિંગહામ સૌથી મોખરે છે. ઇ. સ. ૧૯૦૩-૪ માં ડો. બ્લાશ અને ઇ. સ. ૧૯૧૩-૧૪ માં ડો. સ્પૂનરની દેખરેખ તળે બસાડનું ખોદકામ થયું હતું. આ સંશોધનના પરિણામોથી જાહેર થયેલા નિર્ણયોના આધારે કેટલાક સંશોધકો ત્યાં જન્મસ્થળ માને છે.

બસાડમાં ખોદકામ કરતાં ઈ. સ. પૂર્વેની કેટલીક વસ્તુઓ મળી આવી છે. ખાસ કરીને કેટલીક મહોરો, જૈનમૂર્તિઓ, બૌધ્ધમૂર્તિઓ, તથા બસાડ પાસેના બખરા ગામમાંથી એક અશોકસ્થંભ મળી આવ્યો છે.

આ સંશોધન પ્રમાણે વસુકુંડ એટલે કુંડપુર ગણાય. ક્ષત્રિયકુંડ ગામ અને બ્રાહ્મણકુંડ ગામ તેના બે મહોલ્લા હતા, જેમાં એકમાં ક્ષત્રિયો અને બીજામાં બ્રાહ્મણો રહેતા.

વાણિજ્યગામ તે આજનું બનિયા ગણાય.

વાણિજ્યગામની ઉત્તર-પૂર્વમાં કોલ્લાગ હતું, તે આજનું કોલ્હુઆ. વેગવતી નદી તે આજની ગંડકી નદી.

## પ્રાચીન વૈશાલી.

એક બૌદ્ધકથામાં વૈશાલીના ત્રણ ભાગો વર્ણવ્યા છે. પ્રથમ ભાગમાં ૭૦૦૦ સોનાના કળશવાળા ઘરો હતા. મધ્યમ વિભાગમાં ૧૪૦૦૦ ચાંદીના કળશવાળા, અને કનિષ્ઠ વિભાગમાં ૨૧૦૦૦ ત્રાંબાના કળશવાળા ઘરો હતા.

વૈશાલીમાં બૌદ્ધધર્મનું વર્ચસ્વ નહોતું. શ્રી ગૌતમબુધ્ધે વૈશાલીમાં એક જ ચોમાસુ

કર્યું હતું. વેશ્યા આમ્રપાલી અને સિંહસેનાપતિ વૈશાલીના હતા.

વૈશાલી સાથે શ્રી વીરપ્રભુનો ઘનિષ્ઠ સંબંધ હતો. રાજા ચેટક અને રાજા સિધ્ધાર્થ બંન્ને ઉચ્ચ ક્ષત્રિય હતા, અને જૈનધર્મી હતા. રાજા ચેટકે પોતાની બહેન શ્રી ત્રિશલાદેવી સિધ્ધાર્થ રાજા સાથે તથા પોતાની પુત્રી જયેષ્ઠા તેમના પુત્ર નંદિવર્ધન સાથે પરણાવી હતી. ભગવાન શ્રી મહાવીર લિચ્છવીઓના ભાણેજ થતા હતા. તેમણે વૈશાલીને જૈનધર્મનું કેન્દ્ર બનાવ્યું. લિચ્છવીઓને જૈનધર્મમાં સ્થિર કર્યા.

## ખીચડી અને દૂધ.

ઇતિહાસ અને પુરાતત્ત્વની અનેક વાતોમાં લછવાડની ધર્મશાળા દેખાઇ. જેમ સ્વપ્નમાંથી માનવી જાગી ઉઠે તેમ આ ચર્ચા સ્વપ્નમાંથી અમે જાગી ઉઠ્યા. વાસ્તવિક સૃષ્ટિ અમારી સામે હતી.

સ્થાને આવી પહોંચ્યા ત્યારે પગને થાક સમજાયો, પેટને ભૂખ સમજાઇ. યાત્રાના આનંદવ્હેણમાં બધુંય વીસરાયું હતું.

અહિં લછવાડની ધર્મશાળામાં આથમતા સૂર્યપ્રકાશમાં ખાધેલા ખીચડી અને દૂધની મીઠાશ કંઈ ઓર હતી.

જેમ ડૉ. આઇન્સ્ટાઇનનો સમય સાપેક્ષ છે, તેમ શું આ રૂપ, રસ, ગંધ અને સ્પર્શની અસરો Effects સાપેક્ષ નથી?

ખીચડી અને દૂધમાં આ મીઠાશ ક્યાંથી આવી?

ક્યારેક રોટલાના ટૂકડાનો આનંદ મિષ્ટાન્નમાં નથી લાગતો. ક્યારેક ખુલ્લા આકાશ નીચેનું રેતીનું બિછાનું પલંગ પરની રેશમી ચાદરથી વધુ મુલાયમ લાગે છે.

ત્યાગના આનંદનું પણ એવું જ છે. ક્યારેક ભોગમાં નહિ પણ ત્યાગમાં વિશેષ આનંદ અનુભવાય છે.

અહિં લછવાડની ધર્મશાળામાં મને સંયમ અને તપનો આનંદ Bliss વિશેષ સ્પષ્ટ સમજાયો.

કમલ ! શું વીરભગવાનના જન્મસ્થાનની યાત્રા આજે પૂરી થઇ હતી? ના, ના, કદાચ મારે મન આ યાત્રા આજે જ શરૂ થતી હતી.

શ્રમણ ભગવંત શ્રી મહાવીરદેવને જન્મ આપનારી 'ભૂમિ' કેવી હોય?

કર્મને ઝીપનારા વીરત્વને—મહાવીરત્વને પ્રગટાવનારી 'ભૂમિકા' હું આજથી શોધી રહ્યો છું....

સ્નેહાધીન
કિરણ

## દાસ કે ચક્રવર્તી ?

जिनधर्म—विनिर्मुक्तो मा भुवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माधिवासितः ॥

જૈનધર્મથી રહિત એવો ચક્રવર્તીય હું ન થાઉં. પરંતુ જૈનધર્મવાસિત દાસ કે દરિદ્રી પણ હું થાઉં, તે મને સંમત છે.

# દ્રવ્યાનુયોગની મહત્તા

પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

('ઢાળ—૧૧ મી—ગાથા—૯-૧૦-૧૧ ને ૧૨. ઢાળ સંપૂર્ણ)

## ૫—એક સ્વભાવ—૬—અનેક સ્વભાવઃ

વસ્તુ એક સ્વભાવ છે. એક સ્વભાવ એટલે જુદા જુદા ધર્મનો એક આધાર, જો વસ્તુને એક સ્વભાવ સ્વીકારવામાં ન આવે તો રૂપ-રસ-ગંધ-સ્પર્શ તેનો આધાર ઘટ વગેરે એક છે. તે સંભવે નહિં દરેક જીવ સ્વતંત્ર છે-એક છે. ભલે તે અનેક રૂપ ધારણ કરતો હોય તો પણ એક છે. તે એક સ્વભાવને લઇને નિત્ય સ્વભાવ પણ કાળને આશ્રયીને છે, અનેક ક્ષણોમાં એનો એ પદાર્થ એ જ છે એવું જ ભાન થાય છે તે નિત્યસ્વભાવને કારણે છે. જે અનેક ધર્મો હોવા છતાં આ એક છે. એવું ભાન એક સ્વભાવને કારણે થાય છે.

નિત્ય સ્વભાવ અને એક સ્વભાવમાં ભેદ પણ એટલો જ છે.

જો વસ્તુને એકાંતે એક સ્વભાવ જ માનવામાં આવે તો તેમાં જે ફેરફાર થાય છે અને તે ફેરફારોને લીધે તે જુદેજુદે રૂપે ભાસે છે—તે ન બને. માટી દ્રવ્ય એક છે. છતાં તેમાં સ્થાસ, કોશ. કુશૂલ વગેરે અનેક દ્રવ્યોનો પ્રવાહ છે. એ અનેક સ્વભાવને કારણે છે. પર્યાયને આદિષ્ટ દ્રવ્યરૂપે સ્વીકારવામાં આવે છે. અને તેથી આકાશાદિ જે એક દ્રવ્યરૂપે પ્રસિધ્ધ છે તેમાં પણ ઘટાકાશ વગેરે ભેદે અનેક સ્વભાવ ઘટે છે. વસ્તુને એક સ્વભાવ ન માનવામાં આવે અને અનેક સ્વભાવ જ માનવામાં આવે તો 'સામાન્યાભાવ' જેવું કાંઇ રહે નહિં. કેવળ વિશેષાભાવ જ રહે. સામાન્યાભાવમાં જે વૈશિષ્ટ્ય છે તે વસ્તુના એક સ્વભાવને આશ્રયીને સામાન્ય ઘટનો અભાવ જણાવે છે. અને તેથી અહિં લાલ ઘટ નથી—કે શ્યામ ઘટ નથી એવું વિશેષ કહેવાની જરૂર રહેતી નથી. પણ ઘડો નથી એમ કહેવાથી અહિં કોઈપણ પ્રકારનો ઘડો નથી એ પ્રમાણે સમજાય છે. માટે વસ્તુમાં એક સ્વભાવ છે. એમ માનવું વાસ્તવિક છે.

જો વસ્તુને અનેક સ્વભાવ માનવામાં ન આવે તો વિશેષાભાવમાં કાંઈ વિશેષતા ન રહે. વિશેષાભાવ માનવાની કાંઈ જરૂર પણ ન ગણાય. કારણ કે વસ્તુમાં વિશેષતા તેમાં અનેક સ્વભાવ માનવામાં આવે તોજ ઘટે. જો વસ્તુમાં વિશેષતા ન હોય તો વિશેષતા વગર વિશેષનો અભાવ કેમ સંભવે ?

વિશેષાભાવ છે એ સિદ્ધ છે અને એ વસ્તુમાં અનેક સ્વભાવ છે તે આશ્રયીને છે. એટલે વસ્તુમાં એક સ્વભાવ અને અનેક સ્વભાવ માનવા જોઇએ.

## ૭—ભેદ સ્વભાવ,—૮—અભેદ સ્વભાવ.

વસ્તુમાં ભેદસ્વભાવ છે. એ સ્વભાવને કારણે વસ્તુ અન્ય વસ્તુથી જુદી છે- ભિન્ન છે એ સમજાય છે. એ જ પ્રમાણે વસ્તુ તેમાં કહેલા ગુણ-પર્યાયોથી પણ સમજાય છે. જો ગુણ-ગુણીને; પર્યાય અને પર્યાયવંતને કારક અને કારકવાળાને સંજ્ઞા-સંખ્યા અને લક્ષણ વગેરેથી ભેદ માનવામાં ન આવે તો જે ભેદ જણાય તે જણાય નહિં અને બધું એક થઈ જાય. ગુણ અને ગુણીનું નામ જુદું છે, સંખ્યા જુદી છે, લક્ષણ જુદું છે. આ સર્વ એ ભિન્ન છે તો ઘટે છે. ભિન્નતા ભેદસ્વભાવને કારણે છે. આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ આ પર્યાય છે, દ્રવ્ય એક છે, તેમાં ગુણ ચાર, પાંચ આઠ કે અમુક સંખ્યામાં છે, તેમાં પર્યાયો અનંતા છે. વગેરે જો ભેદ સ્વભાવ ન સ્વીકારવામાં આવે તો કેમ સંભવે ?

જો વસ્તુમાં અભેદ સ્વભાવ માનવામાં ન આવે તો ગુણ અને ગુણી, પર્યાય અને પર્યાયવંતને પરસ્પર જોડાણ કરનાર કોઈક સંબંધ સ્વીકારવો જોઇએ. સંયોગ વગેરે સંબંધો ત્યાં ઘટતા નથી. સમવાય નામનો સંબંધ જે નૈયાયિકો કહે છે, તે પણ વિચાર કરતાં યુક્તિસંગત થતો નથી. કારણ કે એ સંબંધને જ્યારે એક સ્વતંત્ર પદાર્થ સ્વરૂપે માનવામાં આવે છે, ત્યારે તે જેમાં રહે છે તે કયા સંબંધે રહે છે, એ પ્રશ્ન વિચારવાનું અનિવાર્ય બને છે. તે વિચારતા સ્વરૂપ-સંબંધ કે જે અભેદ સંબંધનું નામાન્તર છે, તે માનવા પડે છે. જો આગળ વધીને અભેદ સંબંધ સ્વીકારવો પડે એમ હોય તો શરૂઆતમાં ગુણીમાં ગુણ અભેદ-સંબંધે માનવામાં વાંધો શો છે ? કોઇપણ એવું બાધક નથી કે જેથી અહિં—અભેદ સંબંધ ન માની

શકાય. જે અભેદ સંબંધથી ગુણો અને પર્યાયોને વસ્તુ પોતામાં સમાવી લે છે—તે વસ્તુનો અભેદ સ્વભાવ છે.

છૂટા પ્રદેશપણાનું નામ ભિન્નતા છે, એમ શ્રી વીર પરમાત્મા કહે છે. તત્સ્વભાવથી ભિન્નને ભિન્ન માનવામાં આવે તો તત્સ્વભાવ એ એક કેમ ન થાય–' એ પ્રમાણે પ્રવચનસારમાં કહ્યું છે. તે પ્રવચનસારની ગાથા આ પ્રમાણે છેઃ—

पविभत्त पदेसत्तं, पुयत्तमिदि सासणं हि वीरस्स।
अण्णत्तमतब्भावो, ण तब्भवं भवदि कधमेगं॥२॥१८॥

**૯- ભવ્યસ્વભાવ ૧૦-અભવ્યસ્વભાવ :**

વસ્તુમાં ભવ્ય સ્વભાવ છે. આ સ્વભાવને લઇને વસ્તુ અનેક રૂપે પરિણમી શકે છે. અનેક કાર્ય કરવાની શક્તિ ધરાવે છે. જો વસ્તુમાં ભવ્ય સ્વભાવ માનવામાં ન આવે તો જે જે પદાર્થો એક સમયે જે રૂપે છે તે જ સ્વરૂપે સદાકાળ માટે રહે તેમાં અંશમાત્ર પરિવર્તન થઇ શકે નહિ. જીવમાત્ર જે આકાશમાં જે રૂપે હોય તે રૂપે રહે—તેમાં ગત્યાદિ પરાવર્તન ન સંભવે, પુદ્‌ગલમાં જુદા જુદા પરાવર્તનો ન થાય. ધર્માસ્તિકાય કોઇને પણ જુદા પ્રકારે ગતિ આપે નહિ, અધર્માસ્તિકાય કોઇને પણ અન્યરીતે સ્થિતિ ન આપે. અને આકાશાસ્તિકાય અન્ય પ્રકારે અવકાશ પણ ન આપે. પણ એ પ્રમાણે બનતું નથી. દરેક સમયે જુદા જુદા કાર્યો કરે છે, જે જુદા જુદા કાર્યો કરે છે, તે તે તે પદાર્થોમાં ભવ્ય સ્વભાવ છે, માટે.

જો કેવળ ભવ્ય સ્વભાવ જ પદાર્થમાં માની લેવામાં આવે અને પોતાના સ્વરૂપમાં સ્થિર રહેવા સ્વરૂપ અભવ્ય સ્વભાવ ન માનવામાં આવે તો પરાવર્તન પામતા પદાર્થોમાં કોઇક વખત ચેતન દ્રવ્ય પુદ્‌ગલદ્રવ્ય રૂપે અને પુદ્‌ગલ દ્રવ્ય ચેતન દ્રવ્ય રૂપે, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય રૂપે અને અધર્માસ્તિકાય ધર્માસ્તિકાય રૂપે પરાવર્તન પામી જાય, એક જ અવકાશમાં રહેલા તે તે મૂળભૂત દ્રવ્યો પોતાનું સ્વરૂપ છોડીને બીજા દ્રવ્ય સ્વરૂપે નથી થતાં; તે, તે તે દ્રવ્યોમાં રહેલા અભવ્ય સ્વભાવને કારણે છે. કહ્યું છે કે—

अन्नोन्नं परिसंता, देंता ओगासमण्णमण्णस्स॥
मेलंता विय निषं, सगसगभावं ण विजहंति॥१॥

(પરસ્પર એક બીજા એક બીજામાં પ્રવેશ કરતા છતાં, એક બીજા એકબીજાને અવકાશ- જગા આપતા છતાં હંમેશા મળતા છતાં પણ પદાર્થો પોતપોતાના સ્વરૂપને છોડતા નથી) આ પદાર્થમાંથી આ કાર્ય થશે—એવી કાર્ય-કારણભાવની વ્યવસ્થાનો આધાર પણ પદાર્થમાં રહેલા અભવ્ય સ્વભાવને આશ્રયીને છે. નહિં તો એક જ આકાશ પ્રદેશમાં રહેલા જીવ, ધર્મ અને અધર્મમાં ચૈતન્ય, ગતિ ને સ્થિતિ રૂપ કાર્ય કોણે કર્યું એ નિશ્ચિત કેમ બની શકે? જો એ નિશ્ચિત ન બને તો કાર્ય-કારણની સેળભેળ થઈ જાય અને અવ્યવસ્થા ઊભી થાય. એવી અવ્યવસ્થા નથી થતી તે પદાર્થમાં રહેલા અભવ્ય સ્વભાવને કારણે.

**શં૦**- જો પદાર્થમાં ભવ્ય સ્વભાવ- અર્થાત્ પોતાને અનુરૂપ અનંત કાર્ય કરવાની શક્તિ છે તો તે પદાર્થ એક જ સમયમાં બધા કાર્ય કેમ કરતો નથી. અને કરે છે તો બીજે સમયે તેને કાંઇ કરવા પણું રહેતું નથી. પણ એમ અનુભવાતું નથી. સમયે સમયે દરેક પદાર્થ જુદાં જુદાં કાર્ય કરે છે એ પ્રત્યક્ષ જણાય છે. તો તે શાથી?

**સ૦**- દરેક પદાર્થમાં પોતાને અનુરૂપ અનંત કાર્ય કરવાના સામર્થ્ય રૂપ ભવ્ય સ્વભાવ તો છે જ પણ તે પદાર્થ તે તે કાર્ય સહકારિ સંયોગો સિવાય કરી શકતો નથી. સહકારી સંયોગો મળી જાય ત્યારે કાર્ય થાય છે. જે સમયે જે કાર્ય થવાનું હોય છે ત્યારે તે કાર્ય જે પદાર્થમાં થાય છે, તે પદાર્થમાં તે સમયે તે કાર્યને અનુરૂપ ઉપધાયકતા શક્તિ હોય છે. આ શક્તિને તથાભવ્યતાને નામે ઓળખવામાં આવે છે. આ રીતે વસ્તુ સ્થિતિ-હોવાથી કોઇ અતિપ્રસંગ આવતો નથી.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના શબ્દોમાં ઉપરોક્ત વિચારણા આ પ્રમાણે છે.

— "आत्मादेः स्ववृत्त्यनन्तकार्यजननशक्तिर्भव्यता, तत्तत्सहकारिसमवधानेन तत्तत्कार्योपधायकताशक्तिश्च तथाभव्यता, तथाभव्यतयैवानतिप्रसङ्ग" इति.

**૧૧ પારિણામિકભાવ-પરમભાવ સ્વભાવ :**

વસ્તુમાત્ર અનંતધર્માત્મક છે. વસ્તુમાં રહેલા અનંત

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા........

# રાજદુલારી



લેખક: વૈદરાજ શ્રી. મોહનલાલ ચુનીલાલ ધામી

વહી ગયેલી વાર્તાઃ- દેવશાલ નગરીના રાજા વિજયસેનની પુત્રી કલાવતી અનેક કલાઓમાં, જ્ઞાન-વિજ્ઞાનમાં પારંગત છે. નૃત્યકલામાં પ્રવીણ તે રાજકુમારી નૃત્યમંગલાના પદથી વિભૂષિત છે. ધર્મશીલ તથા સંસ્કારી તે રાજકુમારી રૂપ તથા સૌંદર્યમાં અદ્વિતીય છે.

નગરથી દૂર જંગલના એકાંતમાં તામ્રચૂડ નામનો તાંત્રિક મેલી વિદ્યાની સાધના દ્વારા તેના ભક્ત વર્ગમાં પ્રિય છે. પ્રૌઢવય વ્યતીત કરી વૃદ્ધાવસ્થાના નાકે પહોંચેલા તામ્રચૂડને નવયૌવન પ્રાપ્ત કરવા તીવ્ર અભિલાષા જાગે છે. તે માટે તેને ભૈરવીને બલિદાન આપવાની ઇચ્છા થઇ છે. બલિદાન માટે કલાનિપુણ સૌંદર્યવતી રાજકુમારી કલાવતીને પ્રાપ્ત કરવા તેનાં અપહરણની તે યોજના કરે છે. અત્યાર અગાઉ સાત કુમારિકાઓનું તેણે બલિદાન આપ્યું છે. તે દેવશાલ નગરીમાં પોતાના શિષ્ય શ્રીપદ સાથે પાંથશાળામાં આવ્યો, તેણે પ્રેતરાજ કૌશિકને યાદ કરી કલાવતીને પોતાની પાસે લઈ આવવા આજ્ઞા કરી.

આ બાજુઃ- રાજકુમારી કલાવતીના આંગણે એક સવારે ચારણશ્રમણ મહર્ષિ માસખમણના પારણે પધાર્યા છે. તેમણે લાભનું કારણ જાણી ધર્મશીલ કલાવતીને તથા રાજા-રાણીને તામ્રચૂડ દ્વારા આવનારી વિપત્તિની સૂચના કરી, અને અંતે ધર્મનો જય છે. એમ આશ્વાસન આપ્યું. રાજકુમારી નિર્ભીક છે, તેણે અટ્ઠમતપનું પચ્ચક્ખાણ કર્યું, રાત્રે નવકારમંત્રનું સ્મરણ કરી તે સંથારારૂઢ બની છે. હવે વાંચો આગળ—

## પ્રકરણ ૪થું.

### ધર્મનું બળ

**મ**ધરાત જામી છે.

ધર્મક્રિયા માટેના સાવ સાદા, સ્વચ્છ અને વિશાળ ખંડમાં એક તરફ રાજકન્યા કલાવતી કેવળ એક કંબલ પાથરીને સૂતી છે. અટ્ઠમનું તપ છે પૌષધનું વ્રત છે. ખંડમાં એના સિવાય કોઈ પણ નથી... એક દાસીને પણ ખંડમાં રાખવામાં આવી નથી. કારણ કે ધર્મક્રિયા વખતે કોઇ પણ માનવી દરજ્જાની દૃષ્ટિએ નાનો મોટો ગણી શકાતો નથી. શ્રી જિનેશ્વર ભગવંતના માર્ગ પર ચાલનારાઓ માટે ગરીબ, અમીર કે એવા ભેદોની કોઈ ભૂતાવળ હોતી નથી. અને ધર્મક્રિયા વખતે તો આવા ભેદ ભૂલી જવાના હોય છે કારણ કે ધર્મકરણી એ આત્મજાગૃતિની એક વૈજ્ઞાનિક ક્રિયા છે. આ ક્રિયામાં ભેદની દિવાલો હોતી નથી.

આમ છતાં ખંડ બહારના દ્વાર પાસે બે રક્ષિકાઓ જાગૃત બનીને ઉભી હતી. દ્વાર બંધ હતાં. ખંડમાં માત્ર એક જ વાતાયન ખુલ્લું હતું.

પ્રેતરાજ કૌશિક અદૃશ્ય રૂપે રાજભવનમાં દાખલ થયો અને ખુલ્લા વાતાયન પાસે આવીને ઉભો રહ્યો. તેણે ખંડમાં નજર કરી... ભૂમિપર બિછાવેલી એકજ

---

ધર્મોમાંથી કોઇએક ધર્મ વડે વસ્તુ ઓળખવામાં વિલંબ થતો નથી. જે ધર્મવડે વસ્તુ તરત ઓળખાય છે-તે ધર્મ તે વસ્તુનું લક્ષણ ગણાય છે, જે વસ્તુનો જે ધર્મ લક્ષણ સ્વરૂપ બને છે. તે ધર્મ તે વસ્તુનો પરમ ભાવ-સ્વભાવ છે. જો વસ્તુમાં આ સ્વભાવ સ્વીકારવામાં ન આવે તો અનંત ધર્માત્મક વસ્તુને ઓળખવી કઈ રીતે, પ્રસિદ્ધરૂપ આપવામાં કારણભૂત આ પરમભાવ સ્વભાવ છે. જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે.

આ પ્રમાણે દ્રવ્યમાત્રમાં ૧૧ સામાન્ય સ્વભાવો રહે છે.

આગમના સૂક્ષ્મ ભાવો સૂક્ષ્મ બુધ્ધિથી વિચારવા અને અન્યોને સમજાવવાથી સુયશનો વિસ્તાર વધે છે.

(ચાલુ)

કોમલ પર ગુલાબના ફુલના ઢગલા સમી રાજકન્યા સૂતી હતી. તેના વદન પર તેજનો ભાસ થતો હતો. ખંડમાં એક પણ દીપમાલિકા નહોતી, છતાં પ્રેતરાજની નજર સઘળું જોઇ શકતી હતી.

પ્રેતરાજ કૌશિક વાતાયનમાંથી દાખલ થાય તે પહેલાં જ તેના મન સામે એક વિચાર ઉભો થયો. તેને લાગ્યું...ઓહ આવી નિર્દોષ અને પવિત્ર કન્યાને તામ્રચૂડે શા માટે બોલાવી હશે ? અનંત પાપોના પરિણામે હું આજે એક શતકથી પ્રેતયોનિમાં રઝળપાટ કરી રહ્યો છું...આવા નિર્દોષ ફુલને ઉઠાવી જવાથી મારે બીજા કેટલા શતક ભોગવવા પડશે !

પરંતુ કૌશિક લાચાર હતો. એને માટે બીજો કોઇ વિકલ્પ નહોતો. કારણ કે તામ્રચૂડે સાધનાના બળે તેને બાંધી રાખ્યો હતો. તામ્રચૂડની આજ્ઞાનું પાલન કર્યા વગર તેને માટે અન્ય કોઇ માર્ગ નહોતો.

પાપનો ભયંકર બોજો લઇને અભિશાપ સમું જીવન વિતાવી રહેલો અને અતિ ભયંકર ગણાતો, હિંસાથી તૃપ્ત રહેનારો એવો પ્રેતરાજ કૌશિક પલભર માટે રાજકન્યાને જોઇને આ કાર્ય કરવું એ અપરાધ છે એવું વિચારી શકયો.

કારણ કે જે પવિત્ર, નિર્મળ અને ધર્મતેજથી સમૃદ્ધ હોય છે, તેનો પ્રભાવ દરેક પર પડતો જ રહે છે.

પ્રેતરાજ કૌશિકે કંઇક અચકાતા હૈયે વાતાયનમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કર્યો.

પણ...

મેલી વિદ્યા...મેલા દેવતા... ભૂત, પ્રેત, ડાકિની, શાકિની વગેરે તમામ બળો ધર્મ આગળ બિચારાં બની જાય છે.

જે ધર્માચરણમાં નિરત રહેતા હોય છે, તેના મંગળની તમામ જવાબદારી ધર્મરક્ષક સાત્ત્વિક બળો ઉઠાવી લે છે.

રાજકન્યાનું રક્ષણ ધર્મના રક્ષક સાત્ત્વિક બળો કરી રહ્યાં હતાં.

પ્રેતરાજ કૌશિક વાતાયન માર્ગે જવા અગ્રસર થયો કે તરત જ તેની અદૃશ્ય કાયા પર કોઇ સખત ચોટ લાગી... તેનું અંગેઅંગ બળવા માંડયું... તે ત્યાં ને ત્યાં નીચે ધરતી પર પટકાઇ પડયો.

જે પોતેજ ભય રૂપ હતો તે ભયથી કંપવા માંડયો. કૌશિક વિચારમાં પડી ગયો અને ફરીવાર ઉભો થઇ વાતાયન પથે અગ્રસર થયો....

ફરીવાર સાત્ત્વિક બળોએ પ્રેતરાજને સખત ચોટ પહોંચાડી. પ્રેતરાજ કૌશિકની તમામ અમાનુષિ શક્તિ જાણે પળમાત્રમાં હણાઇ ગઇ.

ભયથી ધ્રૂજતો અને સાત્વિક બળોની શક્તિથી દાઝેલો પ્રેતરાજ કૌશિક વળતી જ પળે તામ્રચૂડ તરફ વિદાય થયો.

તેના અંતરમાં જેમ એક ભય ઉભો થયો હતો, તેમ મુક્તિનો આનંદ પણ જાગૃત ગયો હતો. તામ્રચૂડે પ્રેતરાજને સાધનાવડે વશ કર્યો હતો... પરંતુ એમાં એક શરત હતી કે—તામ્રચૂડે એવું કોઇપણ કાર્ય ન ચીંધવું કે જે કાર્ય કૌશિકથી થઇ શકે નહિં. જો એવું કાર્ય ચીંધવામાં આવે તો કૌશિક હંમેશ માટે મુક્ત બની જાય.

આ તરફ પાન્થશાળામાં પોતાના શિષ્ય સાથે તામ્રચૂડ જાગતો બેઠો હતો. તેના મનમાં શ્રદ્ધા હતી કે હમણાં જ રાજકુમારીને ઉઠાવીને પ્રેતરાજ આવી પહોંચશે અને ત્યારપછી તરત પોતે પોતાની ગુફામાં જવા રવાના થશે.

માનવી આશાનાં ચિત્રો દોરતો જ રહે છે... ઘણીવાર એ ચિત્રો કેવળ હવાઇ તરંગો જેવાં હોય છે, છતાં માનવી એમાં મગ્ન બની જતો હોય છે. માનવીની આ પામરતા જુગજુની છે. આશાના ગુલામ બનવામાં માનવને કઇ મોજ મળતી હશે એ હજી સુધી સ્પષ્ટ થયું નથી, છતાં માનવી એ મૃગજળસમી આશા પાછળ અનાદિકાળથી દોડતો જ રહે છે.

શ્રીપદે કહ્યું: "ગુરુદેવ, પ્રેતરાજ કૌશિક હજી સુધી કેમ નહિ આવ્યા હોય !"

"વત્સ, તું જરાયે સાશંક બનીશ નહિં. પ્રેતરાજ આવતો જ હશે... એ કોઇ પણ કાર્યમાં કદી નિષ્ફળ ગયો નથી." તામ્રચૂડે અટલ શ્રદ્ધા સાથે કહ્યું.

શ્રીપદ કંઇ જવાબ દેવા જાય તે પહેલાં જ ખંડના ખુલ્લા વાતાયનમાંથી અદૃશ્ય રહેલો કૌશિક દાખલ થયો અને બોલ્યો 'તામ્રચૂડ'! હું હવે મુક્ત બન્યો

છું... તેં મને એવું કાર્ય સોંપ્યું હતું કે જે મારાથી થઇ શકે એમ નહોતું."

આ સાંભળીને તામ્રચૂડ ચમકયો. તે બોલ્યો: કૌશિક! આકૃતિ રૂપે મારી સામે આવ...! છટકી જવા માટેની તારી આ ચાલબાજી લાગે છે."

પ્રેતરાજે એક અટ્ટહાસ્ય કર્યું; અને કહ્યું: "તામ્રચૂડ, મંત્રબદ્ધ થયેલો હું કદી પણ ચાલબાજી કરી શકતો નથી. આકૃતિ રૂપે હું તારી સામે કદી નહિં આવી શકું... વીસ વીસ વર્ષથી તારી આજ્ઞા ઉઠાવતો રહ્યો છું... આજ હું મુક્ત બન્યો છું."

"પણ થયું શું!"

"કોઇ અદશ્ય શક્તિ એનું રક્ષણ કરી રહી છે. મને બે વાર પ્રવેશ કરતાં અટકાવ્યો અને મારી તમામ શક્તિ ભાંગી નાંખી .. વીસ વીસ વર્ષના તારી સાથેના સંબંધ પછી તને હું એટલું જ કહું છું કે–તું અહીંથી સીધો તારા આશ્રમમાં ચાલ્યો જા... એમાં જ તારૂં હિત છે." પ્રેતરાજે કહ્યું.

તામ્રચૂડે હસતાં હસતાં કહ્યું: "હું તામ્રચૂડ છું... મારા નામમાત્રથી માત્ર માણસો નહિં... દેવતાઓ પણ ધ્રુજતા હોય છે... જે કામ હું કરવા ધારૂં છું તે કામ પુરૂં કર્યે જ જંપું છું. મારી પાસે અનેક શક્તિઓ છે... આજ ને આજ હું મારૂં કાર્ય સિદ્ધ કરીશ. મેં પહેલાં ત્રણ દિવસ પ્રયત્ન કરવાનો સંકલ્પ કર્યો હતો... પરંતુ મારે આજ ને આજ રાજકન્યાને ઉઠાવી જવી છે. મારી શક્તિ તારે નજરે જોવી હોય તો થોડી વાર ઉભો રહે."

"ભલે... તારા પરાજયનો ચિતકાર સાંભળવામાં પણ મને આનંદ પડશે." કહી પ્રેતરાજ હસ્યો.

તામ્રચૂડે પ્રેતરાજના વ્યંગ પર લક્ષ્ય ન આપતાં શ્રીપદ સામે જોઇને કહ્યું: "શ્રીપદ, મારી ઝોળીમાંથી રેશમી દોરી લાવ.. કૌશિક ભલે મારી શક્તિ જોઇ લ્યે."

શ્રીપદ ખીંટીએ ટીંગાડેલી ઝોળી તરફ ગયો. પ્રેતરાજે કહ્યું: "તામ્રચૂડ, જ્યાં હું પાછો પડયો છું, ત્યાં તને કદી સફળતા નહિ મળે."

"બકવાદ બંધ કર... મુંગો મુંગો જોયા કર." તામ્રચૂડે કહ્યું.

શ્રીપદે રેશમી પાતળી દોરીનો એક દડો ઝોળીમાંથી કાઢીને તામ્રચૂડના હાથમાં મૂકયો. તામ્રચૂડ ત્યાં ને ત્યાં પદ્માસન મારીને બેસી ગયો... શ્રીપદે કહ્યું; ગુરુદેવ, આ બંધનનો પ્રયોગ પાછો વળશે તો."

"ચુપ રહે, જોયા કર." કહી તામ્રચૂડે રેશમી દોરીનો એક છેડો બહાર કાઢી તેના સામે સ્થિર નજરે ઘડીભર જોઈ રહ્યો... ત્યાર પછી કંઇક મંત્રોચ્ચાર કરવા માંડયો...

એક પળ!

બે પળ!

થોડી વધુ પળ!

મેલી મંત્રવિદ્યાનાં નિષ્ણાત ગણાતા તામ્રચૂડે દોરીમાં ચેતન મૂકયું... દોરી આપોઆપ ગતિમાન બની અને વાતાયન માર્ગેથી રેશમી દોરીનો છેડો આકાશ માર્ગે જાણે વિદાય થયો.

પ્રેતરાજ–કૌશિક અદશ્ય બનીને જ ઉભો હતો... તે જોઇ રહ્યો. અને શંકાના વમળ વચ્ચે ઝોલાં ખાતો શ્રીપદ પણ સ્થિર નજરે જોઈ રહ્યો.

હજી કેવળ અર્ધઘટિકા નહોતી વીતી ત્યાં કોઈ કાળી નાગણ ફુંફાડા મારતી પાછી વળે તેમ વહેતી મૂકેલી રેશમી દોરી પાછી વળી અને તામ્રચૂડના દેહ ફરતી વીંટળાવા માંડી. આ જોઇને તામ્રચૂડ ગભરાયો. તે મોટેથી મંત્રોચ્ચાર કરવા માંડયો... શ્રીપદ પણ અકળાયો...

પ્રેતરાજે અટ્ટહાસ્ય સાથે કહ્યું: "કેમ તામ્રચૂડ! હું છટકવાની ચાલબાજી કરતો હતો ને! જોઇ લે હવે તારી દશા... મારી વાત તેં ન માની...અને તેં તારા ઘમંડમાં અત્યારે ને અત્યારે તારા પરાજયનું ચિત્ર મને બતાવવાની ઉતાવળ કરી. કયાં ગઇ તારી શક્તિ ..?

પણ તામ્રચૂડ કશો ઉત્તર આપી શકયો નહિં. પોતાની જ જાળમાં સપડાયેલો તામ્રચૂડ શ્રીપદના આશ્ચર્ય વચ્ચે વાતાયન માર્ગે ઢસરાડાવા લાગ્યો...અને વળતીજ જ પળે રેશમી દોરી એને આકાશ માર્ગે ઉડાવીને રવાના થઈ.

શ્રીપદે એક બુમ મારી.

પ્રેતરાજે હસતાં હસતાં કહ્યું, " જા... બુમો શું મારે છે! તારા ગુરુને બચાવવા આશ્રમ તરફ વિદાય થા...મને તો આજ મુક્તિ મળી ને આનંદ પણ મળ્યો. હવે હું વિદાય થાઉં છું."

ઉત્તરની અપેક્ષા રાખ્યા વગર પ્રેતરાજ કૌશિક ચાલ્યો ગયો.

શ્રીપદે બુમ મારી "પ્રેતરાજ.....પ્રેતરાજ...

પણ પ્રેતરાજ મુક્ત બની ગયો હતો...વાતાયનમાંથી માત્ર એક અટ્ટ-હાસ્ય સંભળાયું.

અને શ્રીપદ પણ પોતાની તથા ગુરુદેવની ઝોળી લઈને તરત મુખ્ય દ્વાર ખોલી વિદાય થયો. તેના વદન પર ચિંતા હતી... વેદના હતી, અનેક શંકાકુશંકા હતી.

માનવી જ્યારે પાપ કે અન્યાય કરવા તત્પર થાય છે, ત્યારે તે જરાયે સમજતો નથી કે જે કંઇ પોતે કરી રહ્યો છે. તેનું પરિણામ પણ પોતાને જ ભોગવવાનું છે.

તામ્રચૂડે મંત્રસિદ્ધ રજ્જુબંધનનો પ્રયોગ કર્યો હતો, પરંતુ એને એ સમયે કલ્પના પણ નહોતી કે આ ભયંકર પ્રયોગ જો પાછો વળશે તો પોતાને જ વિપત્તિમાં મૂકી દેશે.

તામ્રચૂડે આવો પ્રયોગ કરવાનો વિચાર પણ નહોતો કર્યો. પરંતુ પ્રેતરાજ સાથેની ચર્ચામાં તે ખૂબ ઉશ્કેરાઇ ગયો હતો અને પોતાની શક્તિ બતાવવા ગર્વિષ્ટ બની ગયો હતો.

ગર્વ એટલે ભયંકર નશો છે કે-જે માનવીને વિચારવાની પણ તક આપતો નથી.

જે રીતે કોઇ મદ્યપી મદ્યના નશામાં પોતાનું અને વિશ્વનું ભાન ગુમાવી બેસે છે, તેજ રીતે ગર્વિષ્ઠ માણસો ગર્વના નશામાં બધુ વિસરી જાય છે.

પોતાના જ પ્રયાસોથી બંધાઈ ચૂકેલો તામ્રચૂડ ભારે નિરાશ બની ગયો હતો. રેશમી રજ્જુ તેને ઉઠાવીને આકાશમાર્ગે નક્ષત્રવેગે જઇ રહી હતી. રાત્રિનો ચતુર્થ પ્રહર ચાલતો હતો....પૃથ્વી નિરવ ને શાંત હતી. લોકો પાછલી રાતની શાંત નિદ્રા માણી રહ્યા હતા. આ સમયે રજ્જુથી બંધાયેલો તામ્રચૂડ આકાશમાં દડા માફક ઉછળતો ઉછળતો દૂર દૂર જઈ રહ્યો હતો.

અને જ્યારે રેશમી રજ્જુએ તેને તેની ગુફામાં મૂકી દીધો ત્યારે તામ્રચૂડ સાવ મૂર્છિત બની ગયો હતો. તેનો બીજો શિષ્ય નંદક એક પથારીમાં પડયો પડયો નસકોરાં બોલાવી રહ્યો હતો.

મૂર્છિત બનેલા તામ્રચૂડ ફરતી રજ્જુ સાપ માફક વિંટાયેલી હતી.

અને જ્યારે ઉષાનાં અજવાળાં અવનીને ભીંજવવા માંડયાં ત્યારે નંદક શય્યામાંથી ઉભો થયો અને પ્રાતઃકાર્ય માટે બહાર જવા અગ્રસર થયો.

દસેક કદમ ચાલતાં જ તેના પગ સાથે બંધનાવસ્થામાં પડેલો તામ્રચૂડ અથડાયો. નંદક ચમકયો. તેણે નીચે નજર કરી...ઓહ! આ શું! ધારીધારીને જોતાં તે જોઇ શકયો કે-ગુરુદેવ બંધનાવસ્થામાં પડયા છે... આ શું થયું હશે. અહિં કેવી રીતે આવ્યા હશે? એમને કોણ લાવ્યું હશે? શ્રીપદ કેમ દેખાતો નથી?

આવા પ્રશ્નોથી પલભર સ્થિર બની ગયો. પછી તેણે નીચે બેસી બરાબર તપાસ કરી. ગુરુદેવ મૂર્છિત હતા.

નંદક એકદમ બહાર નીકળ્યો અને એક જળપાત્ર લઇ આવી ગુરુદેવના મોઢા પર છાંટવા માંડયો....... તેણે રજ્જુબંધન ખોલવાની ઘણી મહેનત કરી પણ રેશમી દોરી જરાયે અળગી ન થઇ.

લગભગ અર્ધઘટિકાના પ્રયત્ન પછી તામ્રચૂડે આંખો ખોલી...

નંદકે કહ્યું: " ગુરુદેવ, શું બન્યું? આપની આવી દશા કોણે કરી? આ બંધન મારાથી કેમ છુટતાં નથી.?"

તામ્રચૂડે ઘણાજ ધીરા સ્વરે કહ્યું: " વત્સ, કાળભૈરવીની કરવાલ લઈ આવ...એ કરવાલના સ્પર્શ વગર આ દોરી તૂટશે નહિં"

નંદક બીજા ખંડમાં આવેલી કાળભૈરવીની ભયાનક પ્રતિમા પાસે ગયો અને કાળભૈરવીના હાથમાંથી ચળકતી તલવાર ઉઠાવી લાવ્યો.

તામ્રચૂડે કહ્યું: " નંદક, મા કાળભૈરવીનું સ્તોત્ર બોલ્યા પછીજ મારા બંધન કાપજે...નહિં તો તલવાર તૂટી જશે."

નંદકે કાળભૈરવીનું સ્તોત્ર બોલવા માંડયું...સ્તોત્ર

પૂર્ણ કર્યા પછી તેણે તલવાર વડે રેશમી દોરી કાપવા માંડી.

થોડીજ વારમાં તામ્રચૂડ રજ્જુબંધનથી મુક્ત થઈ ગયો પણ તેનામાં ઉભા થવાની કે બેઠા થવાની શક્તિ રહી જ નહોતી. તે બોલ્યો: " વત્સ, મને જાળવીને શય્યાપર સુવાડી દે. "

નંદકે તામ્રચૂડને ઉઠાવીને એક શય્યાપર સુવાડયો. ત્યારપછી તે બોલ્યો: " ગુરુદેવ, શ્રીપદ કયાં છે ? "

" દેવશાલ નગરીમાં..."

" તો પછી આપ..."

" એ વાત પછી કહીશ મને પહેલાં પાણી પા... મારો કંઠ શોષાય છે. " તામ્રચૂડે કહ્યું.

નંદકે તરત ગુરુદેવને જળપાન કરાવ્યું.

સૂર્યોદય કયારનો થઇ ગયો હતો.

શ્રીપદ દેવશાલ નગરીનો ત્યાગ કરીને આશ્રમ તરફ આવી રહ્યો હતો.

ત્રીજે દિવસે તે આશ્રમ પહોંચ્યો, જોયું તો ગુરુદેવ શય્યાવશ હતા. તેમનાથી ઉઠી બેસી શકાતું નહોતું.

શ્રીપદ એકદમ ગુરુદેવના ચરણ પાસે બેસી ગયો. અને બોલ્યો: ' ગુરુદેવ...ગુરુદેવ..."

તામ્રચૂડે શ્રીપદ સામે નજર કરી...ત્યારપછી કહ્યું " શ્રીપદ...તું આવી ગયો ? ઓહ્, કૌશિકની વાતમાં ધૈર્ય ન ગુમાવ્યું હોતતો...

વચ્ચેજ શ્રીપદે કહ્યું: " કૃપાળું " હવે એની ચિંતા કરશો નહિં. આપને આરોગ્ય પ્રાપ્ત થાય એટલે બધું મળી ગયું... ! "

તામ્રચૂડ કશું બોલ્યો નહિં.

અહિં રાજકુમારીએ નિર્વિઘ્ને અટ્ટમનું પૌષધવ્રત પૂર્ણ કર્યું હતું અને રાજાએ વ્રતની પૂર્ણાહુતિ નિમિત્તે પુષ્કળ દાન કરવા માંડયું હતું.

શાસનદેવની કૃપાથી એક મહાવિપત્તિ ચાલી ગઈ એનો હર્ષ રાજાને મહારાણીને અને રાજકુમારીને ધર્મશ્રદ્ધામાં વધારે દ્રઢ બનાવી રહ્યો હતો.

ધર્મક્રિયા એ કેટલી મહાન વસ્તુ છે અને ધર્મમાં સ્થિર રહેનારનું ધર્મ પોતે જ સદાય રક્ષણ કરે છે એ સત્ય રાજકુમારીના અંતરને વધારે તેજસ્વી બનાવી રહ્યું.

રાજાના અંતરમાં ધર્મ પ્રત્યે શ્રદ્ધા હતી, શ્રી જિનેશ્વર ભગવંતના માર્ગ પ્રત્યે પુરેપુરી લાગણી હતી. છતાં આજ તેઓને અનુભવ થયો કે-ધર્મના બળ કરતાં વિશ્વમાં કોઇ પણ બળ મહાન છે જ નહિં.

ધર્મનું બળ એ જ સાચું બળ છે... સાચી સાધના છે... સાચું ધન છે ! [ ચાલુ ]


# जिनमंदिरोके उपयोगी

रथ, हाथी, इन्द्रध्वजा, गाडी, पालखी, भंडारपेटी, शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके ऊसके पर सोने-चांदीके पतरे (चदर) लगानेवाले

चांदीकी आंगीओ औंर पंचधातुकी प्रतिमाजी और परिकर बनानेवाले. चांदीका चदर आपके यहां आके लकडे पर लगा देते है.

ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज सकते है.

**मिस्त्री व्रिजलाल रामनाथ मु. पालीताणा**

**ता. कः—मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते है.**

# એક વિદ્યાર્થી મિત્રના ત્રણ પ્રશ્નો
# જવાબ રૂપે પત્ર.

## શ્રી રાજપાલભાઇ મગનલાલ વોરા.

[S.S.C. માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થી મિત્રનો પત્ર આવેલો. તેમાં તેણે ત્રણ પ્રશ્નો પૂછ્યા છે. એ પ્રશ્નોના જવાબરૂપે મેં જે પ્રતિઉત્તર લખેલો તે કેટલાક મિત્રોએ વાંચી કહ્યું કે, 'આ પત્રને પ્રસિદ્ધિ આપો તો ઠીક' આથી "કલ્યાણ" ના વાંચકો સમક્ષ મારો જવાબ રજુ કરૂં છું. પાઠક મિત્રોને તેમાંથી વિચારણીય તત્ત્વ મળશે તો પત્ર-પ્રસિધ્ધિ લેખે લાગશે એમ હું માનું છું. —રા. મ.]

સુજ્ઞ ભાઈશ્રી વિલાસકુમાર,

તમારો આંગ્લભાષામાં લખાયેલ પત્ર મલ્યો. તમે પૂછેલા પ્રશ્નોમાં જે જાતની જિજ્ઞાસા બતાવી છે, તે જોઇ આનંદ થયો. નામ 'વિલાસ' છતાં તમારા બે પ્રશ્નો તાત્ત્વિક છે અને એક જીજ્ઞાસુ બુધ્ધિથી લખાયેલ છે, જે આંતરિક ભાવનાના દ્યોતક છે. જવાબ નીચે આપું છું.

પ્રશ્ન ૧ લોઃ- આપણે ભગવાનની મૂર્તિને શા માટે પૂજવી જોઇએ ?

જવાબ- આ પ્રશ્નનો સવિસ્તર જવાબ આપવા પૂર્વે હું તમને એક પ્રશ્ન પુછું કે.... આપણા માતા-પિતા કે અન્ય ગુરુજનો તેમ જ માનનીય વ્યક્તિઓના ફોટા-ચિત્રોને આપણે ઘરમાં શા માટે આદરપૂર્વક રાખીએ છીએ ? તેના ઉપર પ્રસંગે ફૂલહાર વગેરે શા માટે ચડાવીએ છીએ ? જવાબ સ્પષ્ટ જ છે કે-માતા-પિતા કે ગુરુજનોની સ્મૃતિ એથી જળવાઇ રહે છે. એ સ્મૃતિદ્વારા તેમના ગુણો અને આપણા ઉપર કરેલા ઉપકારોનું સ્મરણ પણ સહજરીતે થાય છે. બરાબર એવું જ રહસ્ય ભગવાનની મૂર્તિને પૂજવામાં રહેલું છે. માત-તાતનો ઉપકાર તો સીમિત છે અને આ ભવ પૂરતો જ છે. તે પણ પ્રાયઃ ભૌતિક પ્રકારનો હોય છે. જ્યારે ભગવાનનો ઉપકાર આપણા આત્માના ઉધ્ધાર માટે છે. વલી તીર્થંકરો કે સિધ્ધ ભગવાનો કર્મમળથી રહિત થઇને મુક્ત થયેલા છે. એવા નિર્મળ આત્માઓનું પૂજન-સ્તવન કે ગુણ-સ્મરણ કરવાથી તેમના જેવા ગુણો આપણામાં પ્રગટવાનો સંભવ છે.

માનવમન ઘણું જ ચંચળ છે. પવનથી પણ વિશેષ ચંચળ કહેવામાં હરકત નથી. એવા ચંચળ મનને સ્થિર કરવા માટે સુગુણ-સાધના-મૂર્તિની ઉપાસના અતિ આવશ્યક છે. સાધન જેટલું નિર્મળ અને ઉચ્ચ, તેટલે અંશે સાધ્યની નિકટ જલ્દી પહોંચી શકાય છે. આપણું અંતિમ સાધ્ય માત્ર ભૌતિક પ્રગતિ નહિ પણ આત્માને લાગેલા કર્મના રજકણો દૂર કરી મુક્તિગામી બનવું તે છે. એ માટે શાસ્ત્રકારોએ અતિનિર્મળ અને ઉચ્ચ સાધન તરીકે સ્થાપના નિક્ષેપાને સ્વીકાર્યો છે, મૂર્તિપૂજાનું વિધાન કર્યું છે-સાક્ષાત્ ભગવાન ગણીને.

ગુરુ દ્રોણ પાસે અર્જુને બાણવિદ્યા શીખી હતી એ જાણીતી વાત છે. તેની સાથે મહત્ત્વની વાત એ છે કે-દ્રોણાચાર્ય અન્ય કોઇને બાણ-વિદ્યા શીખવતા ન હતા. તેથી ગુરુ દ્રોણની છાણ-માટીની મૂર્તિ બનાવી તેની સમક્ષ એક ભિલ્લકુમારે બાણ-વિદ્યા શીખવાની શરૂઆત કરી. મૂર્તિ એ સાક્ષાત્ ગુરુ છે, એવા અનન્ય ભાવે મૂર્તિ સમક્ષ તેણે બાણવિદ્યાની સાધના ચાલુ રાખી. પરિણામે એ એકલવ્ય અર્જુન

કરતાં પણુ મોટો બાણુવળી થયો. આ પ્રેરણા અને શક્તિ તેને ગુરુમૂર્તિએ અથવા મૂર્તિ ઉપરની તેની પોતાની દૃઢ આસ્થાએ જ આપી હતી, એ નિશંક સત્ય છે.

સૌંદર્યવાન નારીનું ચિત્ર મનુષ્યને કામ-મોહિત બનાવે છે. નિર્દોષ બાળક કે મત્ત કુદરતનાં દૃશ્યો આપણને આનંદિત બનાવે છે. તો ભગવાનની પ્રશમરસ યુક્ત પ્રતિમા ભવ્ય અને ઉદાત્ત પ્રેરણા આપે તેમાં શું આશ્ચર્ય?

મૂર્તિ વિષેનાં શાસ્ત્રીય અને પરંપરાગત ઘણાં પ્રમાણો આપી શકાય તેમ છે પણ અત્રે તેમ ન કરતાં તમને સમજાય એવો જવાબ આપવા પ્રયત્ન કર્યો છે, આશા છે કે–આ જવાબ તમને સંતોષ આપશે.

**પ્રશ્ન ૨ જો:**— લોકો પૈસાને કેમ પૂજે છે?

**જવાબ**:— આનો જવાબ તો બહુ સહેલો છે. સંસારની સર્વ ચીજોની પ્રાપ્તિ પૈસાથી થઈ શકે છે. સારાં–નરસાં ઘણાં કામો પૈસાથી થાય છે. મહાવિદ્વાનને પણ ધનથી રોકીને સેવા કરાવી શકાય છે. મતલબ કે પૈસાને શું અસાધ્ય છે? આથી જ તો નાના–મોટા, ગરીબ–તવંગર સૌને ધનનું આકર્ષણ એક સરખું હોય છે. નીતિકારોએ તો ત્યાં સુધી કહ્યું છે કે सर्वे गुणा : कांचनमाश्रयन्ते- સર્વ ગુણો સુવર્ણને આશ્રીને રહેલા છે. જો કે આ સાચું નથી. તો પણ ધનપૂજા કેમ થાય છે એનો જવાબ આમાંથી મળી રહે છે.

દુનિયામાં નાનામાં નાનું પુસ્તક માત્ર બે વાકયોનું બનેલું છપાયેલ છે, તેમાં એક જ પ્રશ્નોત્તર નીચે મુજબ છે:

"દુનિયા ઉપર સામ્રાજ્ય કોનું?"

"ધનનું."

પૈસાનું સામ્રાજ્ય શા માટે છે, તે આપણે ઉપર જોઇ ગયા. કેટલાક કહેવાતા સંત–સંન્યાસીઓ પણ ધન જોઇને ચલિત થાય છે. કારણ ધનનું આકર્ષણ અદ્વિતીય કહી શકાય તેવું છે. કજીયાનાં ત્રણ કારણો ગણાવ્યા છે. તેમાં પણ પહેલો નંબર 'જર' નો છે.

ધનલાલસા જીવને અનાદિ કાળથી વળગેલી છે. તેથી એ સંસ્કારો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. સંસારની પરિસ્થિતિ એવી છે કે તેમાં વસેલ વ્યક્તિને પૈસા ઉપર પ્યાર ન હોય તે જ આશ્ચર્યજનક ગણાય.

તમારો આ પ્રશ્ન "ધનપૂજા કેમ થાય છે?" એટલા પૂરતો મર્યાદિત છે. તેથી ધનની ઇષ્ટાનિષ્ટતા વિષે ઘણું લખી શકાય તેમ છે, પણ હાલ તે બધું હું કાંઇ લખતો નથી, મારા અધિકાર બહારનું ગણાય. તમારા આ પ્રશ્નનો જવાબ અહિં સમાપ્ત થાય છે. હવે તમારા છેલ્લા અને અંતિમ પ્રશ્નનો જવાબ લખું છું.

**પ્રશ્ન ૩ જો:**— મને H. S. માંથી રૂા. ૧૪–૦–૦ માફી તરીકે મળેલા છે. તેનાં કપડા લઇ આંધળા–લૂલા કે ગરીબને આપવા ઈચ્છું છું, તો એ બરાબર છે? જો હા તો શા માટે?"

**જવાબ:**— "તમારો વિચાર ઉત્તમ છે. વિદ્યાર્થીવયમાંથી જ આવા શુભ વિચારો આવે અને જો અમલમાં મૂકાય તો ભવિષ્યમાં આપણું જીવન અચૂકપણે પરોપકારી થવા સંભવ છે. માનવજીવનનું એ જ મહાફળ છે. પોતાની જાત માટે તો મનુષ્ય શું શું નથી કરતો? પણ અન્યને ઉપયોગી થવાની વૃત્તિ જાગે તો એ પરમાર્થવૃત્તિ છે. સ્વાર્થવૃત્તિમાંથી પરમાર્થ તરફ જવાય તેને અયોગ્ય કહેવાનું

# ❁ સર્જન અને સમાલોચના. ❁

—'શ્રી અભ્યાસી'

**ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ–૧, ૨, (હિંદી) પ્રકા૦** ગોડીજી મહારાજ જૈનમંદિર ઔર ધાર્મિક વિભાગોંકે ટ્રસ્ટી. નં. ૧૨, પાયધોની, બંબઈ–૩, **મૂલ્ય** રૂ.–૭

કુલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રી, જૈનશાસનના પરમ પ્રભાવક તથા સમર્થ જ્યોતિર્ધર મહાપુરુષ પણ હતા. કાવ્ય, અલંકાર, ન્યાય, વ્યાકરણ, કોષ, છંદ, ઇત્યાદિ અનેકવિધ સાહિત્યના અંગ–ઉપાંગો ઉપર સ્વતંત્ર પ્રતિભાશાલિ મૌલિક સર્જનો તેઓશ્રીએ કર્યા છે. ધર્મના અનેક અંગો ઉપર પણ તેઓશ્રીએ સાહિત્ય સર્જન દ્વારા સંસારપર અમાપ ઉપકાર કર્યો છે. દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ધર્મકથાનુયોગ, તથા ચરણકરણાનુયોગ ઉપર પણ તેઓશ્રીએ અનેકાનેક કૃતિઓ રચી છે. ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર ગ્રંથ ધર્મકથાનુયોગનો મહત્ત્વને મૌલિક તથા આકર ગ્રંથ છે. રચયિતા પૂ૦ પાદ આચાર્ય મહારાજશ્રીએ ચારે પ્રકારના અનુયોગોનો આ ગ્રંથમાં સમાવેશ કર્યો છે. ૨૪ તીર્થંકરદેવો, ૧૨ ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ, અને નવ બલદેવ–એ રીતે ૬૩ મહાપુરુષો, જેઓ સંસારમાં શ્રેષ્ઠ પુણ્યાઇને ભોગવવા દ્વારા આત્મકલ્યાણ સાધનારા છે, તેઓના વિસ્તૃત જીવનચરિત્રો ઉપરાંત અનેકાનેક ઉપયોગી વિષયોનો સંકલિત કરતો આ ગ્રંથ હજારો શ્લોક પ્રમાણ છે. કાવ્યશાસ્ત્રના અને અલંકાર શાસ્ત્રના પ્રત્યેક લક્ષણોથી લક્ષિત આ ગ્રંથ મૂલકથાવસ્તુના વિષયને સ્પર્શતો અનેક અવાંતર વર્ણનોથી અલંકૃત છે. પ્રસ્તુત ગ્રંથ તે મૂલસંસ્કૃતગ્રંથનું હીંદી ભાષાંતર છે. આ પ્રકાશમાં પ્રથમ પર્વ અને દ્વિતીય પર્વના હિંદી ભાષાંતરનો સમાવેશ થાય છે. વર્ષો પહેલાં જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર તરફથી ત્રિષષ્ટિના દસે પર્વોનાં ભાષાંતરો પ્રગટ થયા હતાં. સમાજમાં વર્ષોથી ફરી એની માંગ છે, એટલે આજે એ ગુજરાતી અનુવાદના ભાગો ફરી છપાઇ રહ્યા છે. જ્યારે વર્તમાન વાતાવરણમાં રાષ્ટ્રભાષા હિંદીનો વ્યાપક દેશભરમાં સુવિસ્તૃત પ્રચાર થઇ રહ્યો છે. દેશના બંધારણમાં હિંદુસ્તાની ભાષાનો વ્યાપક રાષ્ટ્રભાષા તરીકે આજે સ્વીકાર કરવામાં આવ્યો છે. આ કારણે ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનાં હિંદી ભાષાંતરની આવશ્યકતા હતી, જે આ પ્રકાશન દ્વારા તે માટે યોગ્ય પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભાષાંતરકાર કૃષ્ણલાલ વર્મા સ્વયં જૈનેતર હોવા છતાં જૈનસમાજથી સુપરિચિત છે. જૈનધર્મના કેટલાયે ગ્રંથોનો અનુવાદ તેમણે કરેલો છે. ભાષાંતરની હિંદી ભાષા સરળ છે. સ્થાને સ્થાને વિશેષ સ્પષ્ટતા માટે ટીપણીઓ યોજી છે. આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થ પ્રવર્તક ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીજી તથા ભગવાન શ્રી અજિતનાજી સ્વામીજીનું જીવન ચરિત્ર તથા ભરતચક્રવર્તી અને સગર ચક્રવર્તીનું જીવનચરિત્ર આ ભાગમાં સંપૂર્ણ આવી જાય છે. ગુજરાતી ભાષા-

---

અનાર્યપણું ભલા કયો વિવેકીજન દાખવે ?

આપણા અન્ય માનવ બન્ધુઓ પોતાના પૂર્વ કર્મના યોગે દીન–હીનપણાને પ્રામ્યા હોય તેના તરફ અનુકંપાવૃત્તિ રાખવી અને એ દયાભાવને આચરણમાં ઉતારવો એ માનવજન્મનું શ્રેષ્ટ ફળ છે. એમ કરવાથી પહેલો આત્મસંતોષ પોતાનેજ પ્રાપ્ત થાય છે. બીજાને આ આનંદની યથાર્થ કલ્પના આવવી મુશ્કેલ છે. આ આનંદ સાત્વિક કોટિનો છે. આવા કાર્યોનું દ્વિતીય ફળ આપણા ભાવી માટે આપણે શુભ કર્મબીજ વાવી રહ્યા છીએ, તે છે. ખેડૂત જમીનમાં અનાજનાં કણ નાખે છે. એ તાત્કાલિક દૃષ્ટિએ અનાજને ફેંકી દેવા જેવું લાગશે પણ ખરેખર તેમ નથી હોતું. એના બદલામાં તેને અનેકગણા દાણા પૃથ્વી આપેજ છે. એવુંજ અનુકંપાદાનનું સમજવું.

તમારા ત્રણે પ્રશ્નના યથામતિ ઉત્તરો મેં આપ્યા છે. એ ત્રણ વાર પત્ર વાંચી જવાથી બરાબર સમજાશે, એમ માનું છું. વિશેષ પૂછવું હોય તો પૂછજો. એજ.

તર કરતાં આમાં વિશેષતા છે. મૂલગ્રંથમાં આવતી પ્રાસંગિક હિતોક્તિ કે લોકોક્તિઓને અહિં મૂલ સાથે અર્થ સહિત મૂકવામાં આવેલ છે. જે સંસ્કૃતભાષાના રસિક વાચકોને ઉપયોગી બને તેમ છે. સંપાદકની તબીયત અસ્વસ્થ થઇ જવાના કારણે બીજા સર્ગનું ઉપરનું શિર્ષક એનું એજ રહી ગયું લાગે છે, જ્યારે અંદરની હકીકત જુદી છે. બી૦ સર્ગના મથાળે ભગવાન શ્રી ઋષભદેવસ્વામીકા જીવનચરિત્ર ' એ રીતનું લખાણ બંધ બેસતુ ં છે.

ક્રા. ૧૬ પેજી ૨૨–૭૯૮+૪૨–૮૬૨ પેજનો દળદાળ ગ્રંથ, પાકું, સળંગછીંટનું બાઇન્ડીંગ, સ્વચ્છ છપાઈ, સુઘડતા યુક્ત પ્રકાશન કરવા દ્વારા પ્રકાશન સંસ્થાએ જૈનકથા સાહિત્યના પ્રચારમાં નવું ગણુના પાત્ર પ્રકરણ ઉમેર્યું છે. એટલું જ કહેવાનું, રહે છે કે,–કથાઓના પ્રકાશનમાં ક્યાંયે સિદ્ધાંત વિરૂદ્ધ હકીકતો ન આવી જાય તે લક્ષમાં રાખવું. પ્રકાશન સંસ્થા ત્રિષષ્ટિ ચરિત્રના બધાયે પર્વોના પાંચ ખંડોમાં હિંદીગ્રંથો પ્રસિદ્ધ કરવાની યોજના વિચારે છે. એક ખંડ ઓછામાં ઓછો ૮૫૦ પેજનો થશે, પાંચે ખંડોનું ભેગું મૂલ્ય ૨૫ રૂા. થશે. સંસ્થાના સંચાલકોની આ યોજના વર્તમાનમાં હિંદી ભાષાના પ્રચારની દૃષ્ટિએ જૈનકથાનુયોગના આ મૌલિક ગ્રંથોના પ્રચાર માટે સરસ છે. સમાજના સાહિત્ય સેવી સર્વ કોઇએ આ યોજનામાં શકય સહકાર આપવો જરૂરી છે.

પ્રસ્તુત પ્રકાશન સુંદર બન્યું છે. સંપાદકનો પરિશ્રમ લાગણી પૂર્વકનો છે. પ્રકાશકોએ પણ એમાં જે રસ, પ્રેરણા તથા સહકાર પૂર્વક કાર્ય કર્યું છે, તે પણ ઉત્તમ બન્યું છે. ૮૬૨ પેજના દળદાર ગ્રંથનું, એની પાછળ જે તન, મન તથા ધનનો ભોગ અપાયો છે, તે દૃષ્ટિએ ૭ રૂા. મૂલ્ય વ્યાજબી છે. કથામાં આવતા મહાપુરૂષોના નામોને શ્રી શબ્દ જોડવો બહુમાન તથા ઔચિત્ય બન્ને દૃષ્ટિએ આવશ્યક છે. જેમકે, શ્રી ઋષભદેવ સ્વામી, તથા 'આચાર્યને કહા' ના સ્થાને 'શ્રી આચાર્ય દેવને ફરમાયા ' આમ શબ્દોમાં મધુરતા એ વાચકના હૃદયમાં બહુમાનભાવ પેદા કરે છે.

**સન્માર્ગ દર્શન– વ્યાખ્યાતા:** પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ: **પ્રકાશક** શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર ૬, એશલેન, દાદર, મુંબઇ. **મૂલ્ય.** સહાયકો તરફથી ભેટ.

પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રી,' એક સમર્થ અને પ્રતિભાશાલી વક્તા છે. સાંભળનાર શ્રોતાઓ કલાકો સુધી સાંભળે તોયે રસ જળવાઇ રહે તેવી તેઓશ્રીની અદ્વિતીય વક્તૃત્ત્વશક્તિ છે. હમણાં હમણાં તેઓશ્રી સપરિવાર મહારાષ્ટ્ર કર્ણાટક, મદ્રાસ, તથા આંધ્રના પ્રદેશોમાં વિચરી રહ્યા છે. પ્રસ્તુત પુસ્તકમાં તેઓશ્રીના ત્રણ જાહેર પ્રવચનોનો મરાઠી ભાષામાં અનુવાદ પ્રસિદ્ધ થયો છે. 'જીવનમાં ધર્મની આવશ્યકતા શાથી?' 'આજના વાદોનો જૈન સિદ્ધાંતમાં સમન્વય' અને 'કર્મનું તત્ત્વજ્ઞાન' આ પ્રવચનો ક્રા. ૧૬ પેજી ૧૨૬ પેજમાં પ્રસિધ્ધ થયા છે. જૈન તથા જૈનેતર વર્ગ, જેઓ ગુજરાતી ભાષા સમજી–વાંચી શકતા નથી. મહારાષ્ટ્રના પ્રદેશમાં જેઓ મુખ્યત્વે મરાઠીભાષા સમજી વાંચી શકે છે, તેવા વર્ગના માટે આ મરાઠી અનુવાદ અવશ્ય ઉપકારક બનશે, તે નિર્વિવાદ છે. ભાષાનુવાદનું કાર્ય શાંતિલાલ લીલાચંદ શાહ રેઠરેકરે સુંદર રીતે કર્યું છે, ભાષા સ્વચ્છ, સરળ તથા ભાવવાહી છે. પુસ્તકના પ્રારંભમાં ભાષાંતરકારે વ્યાખ્યાતા પૂ૦ પાદ આચાર્યદેવશ્રીનાં પ્રભાવક વ્યક્તિત્વનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. મરાઠી ભાષાના પ્રાધ્યાપક શં૦ વા૦ સોનોપંત દાંડેકરે પુસ્તકની પ્રસ્તાવનામાં પુસ્તકના વિષયોનું સિંહાવલોકન કર્યું છે.

ક્રા૦ ૧૬ પેજી ૨૮+૧૨૮ પેજનું આ પ્રકાશન સ્વચ્છ છાપકામ, સુઘડ ગેટ–અપ ઇત્યાદિથી આકર્ષક બન્યું છે. પુસ્તકની વસ્તુ મનનીય, પ્રેરક તથા અધ્યાત્મદૃષ્ટિએ ઉદ્બોધક છે. જે માટે પૂ૦ પાદ આચાર્યદેવશ્રીનો, ભાષાંતરકાર ભાઇ શાંતિલાલ શાહનો તેમજ પ્રસ્તુત પ્રકાશનમાં પોતાની સંપત્તિનો સદ્ઉપયોગ કરનાર એકસંબા નિવાસી શેઠ ડાહ્યાલાલભાઇનો, પરિશ્રમ અવશ્ય સફલ બન્યો છે. સર્વ કોઇ મરાઠીભાષાભાષી વિચારક વર્ગ પુસ્તકના વાંચન–મનનદ્વારા અધ્યાત્મદૃષ્ટિને સંપાદન કરો, એ અભિલાષા અસ્થાને નહિ ગણાય ! પુસ્તકમાં અનેક પ્રાસંગિક ચિત્રો. જે પૂ૦ પાદ વ્યાખ્યાતા આચાર્યદેવશ્રીના વિહારપ્રદેશના ઉપકારોની સ્મૃતિને તાજી કર-

નારા મૂકાયાં છે.

**ગુરુસ્તુતિ યાને પ્રાચીન–અર્વાચીન ગહુંલી-સંગ્રહ ભાગ બીજો : સંપાદક:** મુનિવર્ય શ્રી પુનમચંદજી મહારાજ. **પ્રકાશક:** આઠકોટી પક્ષ સ્થાનકવાસી **જૈન સંઘ** લુણી (કચ્છ) **મૂલ્ય સદુપયોગ.**

કચ્છ આઠકોટિ જૈન સ્થાનકવાસી સંપ્રદાયના મુનિવર્ય શ્રી પુનમચંદ્રજી મહારાજે પરિશ્રમ લઇને ગુરુગુણ સ્તુતિરૂપ અનેકાનેક ગંહુલીઓનો સંગ્રહ અહિં સંપાદિત કરીને મૂકયો છે. ગહુંલીઓની પસંદગી, સંપાદકશ્રીએ જ્યાં જ્યાં સારૂં અને સાચું જણાયું છે, તે દૃશ્યની વિશાલતાપૂર્વકની દૃષ્ટિને પ્રાધાન્ય આપીને કરેલ છે. જે અતિ આદરપાત્ર છે. વ્યાખ્યાનમાં બોલવાની, વિહારની તથા દીક્ષા પ્રસંગની એમ અનેકાનેક ગંહુલીઓનો સંગ્રહ ઉપયોગી બન્યો છે. આ સંગ્રહ બોધક તથા ભક્તિગર્ભિત છે.

સારા સ્વચ્છ કાગળોમાં સુંદર છાપકામપૂર્વક, બોર્ડપટી પૂંઠાનું આ પુસ્તક હાથમાં લેતાં ગમી જાય એવું છે, ક્રા. ૧૬ પેજી ૧૬+૧૪૪–૧૬૦ પેજનું આ પુસ્તક કુ. શ્રી ઇંદુમતીબાઇસ્વામીના દીક્ષા પ્રસંગે ભાવિકોએ આપેલ રકમથી પ્રકાશિત થયેલ છે. અને સદુપયોગાર્થે ભેટ છે. પ્રસ્તાવના, સાહિત્યકાર ભાઇ શ્રી ફુલચંદભાઇએ લખી આપીને પુસ્તકની શોભામાં વધારો કર્યો છે. પ્રારંભના પેજ ૭ મા પર લખાયેલ 'સંપાદકના બે બોલ' લખાણ, સમગ્ર રીતે જોતાં તે સંપાદકના કરતાં 'પ્રકાશકના બે બોલ' બરાબર ઘટે છે આભાર માનવાની વિધિ ઇત્યાદિ સંસારીને માટે બંધબેસતું છે. પુસ્તકના નામમાં 'પ્રાચિન' અને અર્વાચિન' શબ્દોમાં 'ચિ' હ્રસ્વને બદલે દીર્ઘ જોઈએ.

એકંદરે, પ્રસ્તુત પ્રકાશન ગહુંલીઓના અભ્યાસી તથા મધુર કંઠે ગાઇ શકનાર સર્વને ઉપયોગી છે. પ્રકાશન પાછળનો સર્વનો પરિશ્રમ સફળ છે.

**સંસ્કારની સીડી: લે૦** પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ **પ્રકા૦** શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વર જૈન જ્ઞાન મંદિર, ૬, એશલેન, દાદર મુંબઇ, ૨૮. **મૂ૦** વિજાપુર જૈનસંઘના જ્ઞાનખાતામાંથી ભેટ.

પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્ય કવિપ્રવર શ્રીમાન્ કીર્તિવિજયજી મહારાજશ્રી આ પુસ્તકના લેખક છે, જીવનને અનેકવિધ સંસ્કારોથી સભર કરવા માટે આ પ્રકાશનના લેખો, જે હળવી શૈલીના નિબંધરૂપે છે, તે ખૂબ જ ઉપકારક બને તેવા છે. ૩૭ લઘુનિબંધો ૨૩૪ પેજમાં અહિં સંકલિત થયા છે, લેખક પૂ૦ મુનિરાજશ્રીની ભાષા, હળવી, ગંભીર, તો કયાંક કયાંક સ્પષ્ટરીતે વેધક, અને કયાંક માર્મિક, કોઇક સ્થાને સરલ, એ રીતે ભિન્ન શૈલીમાં તથા ભિન્ન ભિન્ન પદ્ધતિમાં વહી જાય છે. જુદા–જુદા સમયે, જુદી જુદી વિચારધારાઓને સંકલિત કરીને પોતાની આગવી શૈલીથી લેખક મુનિરાજશ્રી અહિં શબ્દબદ્ધ કરે છે. ક્રા. ૧૬ પેજી ૪૦+૨૩૬–૨૭૬ પેજમાં લેખકશ્રીએ તાત્ત્વિક, તથા હળવું ઔપદેશિક સાહિત્ય પીરસ્યું છે. તેઓશ્રીનો ભાષાપર કાબૂ છે. કારણ કે કાવ્યોના–તે પણ વેધક, હૃદયસ્પર્શી કવિતોના તેઓ રચયિતા છે. કવિકુલતિલક તરીકે તેઓશ્રીની પ્રસિદ્ધિ છે. સ્મરણશક્તિના અદ્ભુત પ્રયોગરૂપ શતાવધાનો તેમણે અનેક સ્થળોમાં ભવ્ય સમારોહપૂર્વક કર્યાં છે.

પ્રસ્તુત પુસ્તક, સ્વચ્છ સફેદ કાગળોમાં સફાઈપૂર્વકનું મુદ્રણ, અને દ્વિરંગી પૂંઠા જેકેટથી સુસમૃદ્ધ છે. પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજશ્રીએ પ્રસ્તુત પુસ્તકમાં લેખક મુનિવરશ્રીનો ટુંક પુણ્યપરિચય આપ્યો છે, તદુપરાંત, પ્રસ્તુત પુસ્તકને અંગેનો પોતાનો મનનીય અભિપ્રાય આપીને પુસ્તકની શોભામાં વૃદ્ધિ કરી છે. પૂ૦ પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીએ 'આદિવચન' માં પુસ્તકના પ્રત્યેક લેખોનું હૃદયંગમશૈલીમાં વેધક અવલોકન કર્યું છે. જેમાં સમગ્ર પુસ્તકના વિષયોનો સાર સમાવેશ પામે છે. ૨૨ પેજના આ 'આદિવચન' ને એક વખત સાંગોપાંગ વાંચી જનારને પુસ્તકના પ્રત્યેક પ્રકરણનો બોધ સ્પષ્ટરૂપે સમજવામાં ખૂબ જ સરળતા રહેશે. સમગ્ર લેખોમાં 'હસવું અને રડવું' 'ભાવવાહી ગૂર્જર કાવ્યકૃતિઓ' આ બે લેખો મનનપ્રધાન તથા પોતાના વિષયને અથથી ઇતિ સુધી વળગીને સચોટનિરૂપતા શ્રેષ્ઠ નિબંધો છે, જે લેખક પૂ૦ મુનિરાજશ્રીના લેખક અને કવિ આત્માને આપણી

સમક્ષ છતો કરી જાય છે. તે જ રીતે 'એક ડૉક્ટર' લેખ પણ એનો નમૂનો છે. વિ૦ સં૦ ૨૦૧૧ ની સાલમાં છપાયેલ આ પુસ્તક આજે દ્વિતીયાવૃત્તિને પામે છે તે આનંદનો વિષય છે. લેખક પૂ૦ મહારાજશ્રીનો પ્રયાસ પ્રશંસાપાત્ર છે, હવે આના કરતાં ગંભીર શૈલીમાં ચિંતનપ્રધાન સાહિત્યકૃતિઓ તેઓશ્રી સર્જે એ આશા તેઓશ્રી પાસે આપણે રાખીશું. પુસ્તકને પોતાના જ્ઞાનખાતાની આવકમાંથી સહાય કરવા દ્વારા ભેટ આપનાર વિજાપુર (કર્ણાટક) શ્રી જૈન સંઘની જ્ઞાનભક્તિ અનુમોદનીય છે.

**શ્રી જિન ભક્તિ રસ ઝરણાં: પ્રકા.** શ્રી પાર્શ્વજિન મહિલા મંડળ:- વેજલપુર. મૂલ્ય ૦-૪-૦ ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના વેજલપુરના પાર્શ્વજિનમહિલા મંડળે સંકલિત કરેલા પ્રભુભક્તિનાં ગીતો બ્હેનોને પૂજા, સ્નાત્ર, તથા ગરબાઓમાં ખૂબ જ રસદાયક અને ઉપયોગી બને તેવા છે. આ સંગ્રહમાં ૨૦ ગરબાઓ, ૩ ગીતો અને ૪ ગહુંલીઓ પ્રસિદ્ધ થઈ છે પ્રારંભમાં લગભગ ૧૨ પેજમાં મંડળના પ્રેરક પૂ૦ સાધ્વીજીશ્રીના વડિલ ગુરુણીજીનો પરિચય આપવામાં આવ્યો છે. ક્રા ૧૬ પેજી ૨૪ પેજમાં આ બધા ગીતોનો સમાવેશ થયો છે. ગીતો ગેય છે. નવા રાગોમાં તેનું સર્જન થયું છે. છાપકામ સારૂં છે, ૨૦+૨૪-૪૪ પેજની આ પુસ્તિકા તે વિષયના રસિકોને ઉપયોગી છે.

**જગદીશ કાવ્યકુંજ** ભાગ બીજો: **લે૦** દેવશંકર મણિશંકર પંડયા. **પ્ર.** જે. ડી. પંડયા. એન્ડ બ્રધર્સ. મુ. રાણીગામ, (પો. જેસર) મૂ૦ ૦-૪-૦

ભાઈ દેવશંકર પંડયાએ સામાજિક, રાષ્ટ્રિય અને અન્ય કેટલાક નૈતિક વિષયોના ઉદ્બોધક કાવ્યો, અહિં સર્જીને પ્રસિદ્ધ કર્યા છે. કાવ્યોની ભાષા સાદી અને ગ્રાહ્ય થઇ શકે તેવી છે. કાવ્યતત્ત્વ સામાન્ય છે. દરેક વિષયોને આમાં લીધા છે, પણ વિષયોની સંયોજનામાં કોઈ ખાસ હેતુ, કે ઉદ્દેશમાં એકવાક્યતા રહેતી નથી. આમાં જે કાંઈ અધ્યાત્મલક્ષી કાવ્ય સાધના છે, તે ઉપયોગી છે.

**સમકિત સોપાન: લે૦** પૂ૦ મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી મહારાજ **પ્રકા૦** જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશન મંદિર, થરાદ (બનારસ કાંઠા) મૂલ્ય ૦-૮-૦ ક્રા. ૧૬ પેજની આ પુસ્તિકામાં પૂ૦ મહારાજશ્રીએ ધર્મના મૂલ પ્રાણસ્વરૂપ શ્રી સમ્યગ્દર્શનને અંગે મનનીય સાહિત્ય સંગૃહીત કરેલ છે. જે આત્મધર્મની પ્રાપ્તિમાં પ્રેરક છે. પ્રયાસ પ્રશંસનીય છે. બાલબોધ ટાઇપોમાં છપાઇ સુંદર તથા સ્વચ્છ છે.

**જિનેન્દ્ર ભક્તિ કુંજ: રચયિતા:** પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ **પ્રકા.** શ્રી વિજયલબ્ધિસૂરિસ્તવન પ્રકાશક મંડળ. છાણી. (જી- વડોદરા) ભેટ.

ક્રા. ૧૬ પેજી ૩૨ પેજની આ પુસ્તિકામાં નૂતન રાગ-રાગણીમાં સંકલિત કરેલ જિનેન્દ્ર પ્રભુની ગુણ સ્તવનાઓનો ભાવવાહી સંગ્રહ છે. પૂ૦ પાદ આચાર્યદેવશ્રીને પ્રાચીન-અર્વાચીન સંગીત પ્રત્યે કાબુ છે. વર્ષોથી તેઓ સંગીતની સાધના કરે છે. બાલજીવોને પ્રભુભક્તિના મીઠડાં ગીતો સ્હેલાઇથી કંઠસ્થ થઇ શકે, તેમજ તે દ્વારા તેમના મુખમાં પ્રભુના ગુણો ગૂંજતા થાય તે આશયથી આ રચના કરવામાં આવી છે. આ પ્રકાશનમાં છેલ્લામાં છેલ્લા સીનેગીત દ્વારા પ્રભુ ભક્તિ ગીતો તૈયાર કરવામાં આવ્યા છે. રાજકોટ શહેરમાં જૈનતપગચ્છ શ્રાવિકાસંઘની આર્થિક સહાયથી પુસ્તિકા ભેટ મલે છે. છાપકામ સ્વચ્છ અને ગમી જાય તેવું છે.

**જિનેંદ્ર પૂજા સંગ્રહ: રચયિતા:** પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ **પ્ર૦** શ્રી વિજયકપૂરઅમૃતસૂરીશ્વર જૈન સ્નાત્ર મંડળ. **મૂલ્ય:** ૧-૦-૦

પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજશ્રી, વક્તા, લેખક તથા કવિ છે. તેઓશ્રી પોતાના વિચારોને વ્યક્ત કરવા ગદ્ય તથા પદ્ય રૂપે ભાષા ઉપર ઠીક પ્રભુત્વ ધરાવે છે. આ ગ્રંથમાં તેઓશ્રીએ પ્રભુગુણગર્ભિત જે પૂજાઓ રચેલી છે, તેનો સુંદર સંગ્રહ છે. સમ્યગ્દર્શનપદ પૂજા, બારભાવનાગર્ભિત શ્રી વીરપ્રભુની પૂજા, પંચમહાવ્રતગર્ભિત મહાવીરપ્રભુપૂજા, તેમ જ શ્રી શાંતિનાથપ્રભુ તથા શ્રી નેમિનાથ પ્રભુની પૂજા, અને વાસ્તુપ્રસંગ જિનેંદ્ર પૂજા, આમ છ પૂજાઓ આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થઇ છે. પ્રારંભની ત્રણ પૂજાઓ વર્ણનગર્ભિત ભક્તિ પૂજાઓ

છે. પ્રારંભમાં સ્નાત્ર પૂજા છે, અને પાછળના ભાગમાં સ્તવનોનો સંગ્રહ છે. પૂજાઓમાં પ્રાચીન તથા અર્વાચીન દેશીઓ છે, જે હલકપૂર્વક ગાનારા પૂજારસિકોને સમુદાયમાં ઝીલવામાં રસ પેદા કરે તેવી છે. પ્રારંભના ૨૪ પેજોમાં પ્રકાશક સ્નાત્ર મંડળનો તથા શાંતિપૂર સ્થલનો પરિચય મૂકવામાં આવ્યો છે. પૂજાઓ શાસ્ત્રીય મર્યાદા સાચવીને ભાવવાહી શૈલીમાં ગેયપદ્ધતિથી સંયોજિત કરાઇ છે. જે પ્રચાર કરવા યોગ્ય છે, સંપાદક પૂ૦ મુનિરાજ શ્રી જિનેંદ્રવિજયજી મહારાજશ્રીએ સુયોગ્ય સંપાદન કર્યું છે. ક્રા. ૧૬ પેજી ૨૬+૧૩૮–૧૬૪ પેજની કાચના બાઇન્ડીંગની આ પુસ્તિકા સુંદર બની છે. રચયિતા પૂ૦ આચાર્યદેવશ્રીનો પરિશ્રમ પ્રશંસનીય છે. છાપકામ સ્વચ્છ છે. પણ બાઇન્ડીંગ ટીચીંગ કર્યું છે. તેના બદલે ફોલ્ડીંગ કરવું જરૂરી હતું. જેથી પુસ્તક બરાબર ઉઘડી શકે. પૂજાઓનાં પુસ્તકો મોટા ટાઇપોમાં છપાવવાથી ભણાવનાર વર્ગને અનુકૂલતા રહે !

**વીરગીત: પ્રકા૦ સંગ્રા૦** શ્રી મહાવીર જૈન સભા, માંડવલા, (રાજસ્થાન) મૂલ્ય લખેલ નથી.

મુખ્યત્વે પ્રભુ ભક્તિ ગીતો જે હિંદીમાં છે, તેનો ઉપયોગી સંગ્રહ પ્રકાશક સંસ્થાએ આ પ્રકાશનમાં પ્રસિદ્ધ કર્યો છે. શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવનાં જીવનનો સંદેશ તથા તેઓની જીવન–સાધનાના ગીતો પણ અહિં પ્રસિદ્ધ થયા છે. ગીતો ઓજસ્વી તથા શબ્દોના જોમવાળા છે. ભ૦ શ્રી મહાવીરદેવનાં જીવનને ગદ્ય કે પદ્યમાં રજુ કરનારાઓએ એક વાત ધ્યાનમાં લેવા જેવી છે, કે–ભ૦ મહાવીરદેવના જન્મ પહેલાં આ ભારતમાં ઘોર હિંસા, અત્યાચાર તથા દાનવ લીલાઓની જાણે કે ઝડીઓ વરસતી હતી, અને એ કારણે જ ભગવાન શ્રી મહાવીરદેવને જન્મ લેવો પડયો, આવી જે કલ્પના કરવામાં આવે છે, એ હકીકત તદ્દન અવાસ્તવિક તેમજ જૈનદર્શનની પ્રણાલીને બિલકુલ અસંગત છે. ભ. શ્રી મહાવીરદેવના જન્મ પહેલાં ભ. શ્રી પાર્શ્વનાથ સ્વામીનું ધર્મશાસન પ્રવર્તમાન હતું. તેઓનો પ્રભાવ પણ અદ્વિતીય લોકોત્તર હતો. એથી એવા અત્યાચારો, ઘોર હિંસાના તાંડવો કે દાનવલીલા યા ગુલામીની વાતો કેવળ શબ્દ ચમત્કાર અને અતિશયોક્તિ જ ગણી શકાય, તદુપરાંત શ્રી તીર્થંકરદેવો જન્મ લેતા નથી, પણ જન્મ નિમિત્તક કર્મો બાકી છે, માટે તેઓશ્રીને જન્મ લેવો પડે છે. ગીતાજીમાં શ્રી કૃષ્ણે કહ્યું છે કે– 'યદા યદા હિ.' એટલે ધર્મને સ્થાપવા માટે હું યુગે યુગે જન્મ લઉં છું, આ હકીકત જૈનદર્શનમાં સ્પષ્ટ રીતે જોરશોરથી નિષેધી છે. પ્રકાશક સંસ્થા મહાવીર જૈનસભાનો પરિચય પાછલા પેઇજોમાં આપવામાં આવ્યો છે. હિંસા બંધ કરાવવા માટે તેમજ મહાવીર–જન્મ–કલ્યાણકની સામુદાયિક રજા પડાવવા માટે તેઓ ભારતસરકાર અને પ્રાંતીય સરકારો સાથે પત્ર વ્યવહાર દ્વારા તથા જાહેરમાં અપીલો દ્વારા આંદોલન જગાવવામાં સંસ્થાના કાર્યકરોનો મુખ્ય હિસ્સો છે. છતાં જૈનસમાજની એ નિર્માલ્યતા છે કે, મુંબઇ સરકાર દર વર્ષે મહાવીર જન્મ કલ્યાણકને જાહેર તહેવારનો દિવસ જાહેર કરતી હતી, તે આ વર્ષે તેને બંધ કરેલ છે. ભારતસરકાર પણ બીનસાંપ્રદાયિકતાના નામે ના પાડે છે, અને પારસી, ખ્રીસ્તી, બૌદ્ધ, શીખ, મુસ્લીમ તથા હિંદુઓના ધાર્મિક તહેવારો સંખ્યાબંધ પાળે છે. ક્રા. ૧૬ પેજી ૫૮ પેજની આ પુસ્તિકા સુંદર બની છે.

હવે પછી **૧ કામવિજેતા સ્થૂલિભદ્ર** –લે. જયભિક્ખૂ. **૨ શ્રી નવતત્ત્વપ્રકરણ પદ્યાનુવાદ**–વિવેચન સહિત લે. પૂ. પં. શ્રી દક્ષવિજયજી ગણીવર **૩ વેરના વમળમાં**–મહાવીર જૈન આરાધક મંડળ વંથલી **૪. દ્વાદશપર્વની કથાઓ** ઇત્યાદિ પ્રકાશનોની સમાલોચના પ્રસિદ્ધ થશે.

તા.–૨૫–૩–૫૭

## સ્થળ સંકોચના કારણે

**'કલ્યાણ' માં 'અનુભવની એરણ પરથી' વિભાગ આ અંકથી શરૂ કરવાનો હતો પણ ન્યુઝ પ્રીન્ટ કાગળોની અછતને કારણે દેશી ભારે કાગળો ઉપર છાપવાનું રહે છે અને તેમાં ખર્ચો ઘણો આવે છે, એટલે ફર્માઓ વધારી શકાય તેમ નથી. પરિસ્થીતિ અનુકૂળ બન્યે 'અનુભવની એરણ પર' તેમ જ 'સાધના માર્ગની કેડી' એ બે વિભાગો શરૂ કરાશે.**

# વર્તમાન ચૂંટણી પધ્ધતિ: એક નાટક.

શ્રી સિધ્ધરાજ ઢઢ્ઢા. એમ. એ.

**‘ કલ્યાણ ’ના ગતાંકમાં તેમજ છેલ્લા વર્ષના ૧૨ મા અંકમાં અમે સ્પષ્ટપણે નિડરતાપૂર્વક કહેલું કે, “ ભારતની વર્તમાન ચૂંટણી પદ્ધતિ એ લોકશાહીના નામે તૂત છે, અને એમાં ડાહ્યા માણસોએ ભાગ ન લેવો જોઇએ ” અમારા આ કથનને સમાજના અમુક વર્ગે નાપસંદગી દર્શાવેલી, પણ ‘ કલ્યાણ ’ તો સમાજને રાજકીય, ધાર્મિક તેમજ સામાજીક દૃષ્ટિએ ઉપકારક માર્ગદર્શન આપવા સજ્જ રહે છે, એટલે એને એ વિષે કોઇની શેહ કે શરમ વચ્ચે આવી શકતી નથી. ‘ કલ્યાણ ’ માં પ્રસિદ્ધ થતાં વિચારોની પાછળ નક્કરતા રહેલી છે. માટે કેવળ આંધળુકીયા કરનારાઓને કે એમાં માનનારાઓને ખુશ કરવાની ‘ કલ્યાણે ’ વૃત્તિ રાખી નથી. છતાં તે સમાજના સર્વ કોઇ વિચારકોના વિચારોનું પ્રતિનિધિત્વ જાળવી શકયું છે.**

**હિંદભરમાં ચુંટણીઓ લડાઇ ગઇ, અને એની પાછળ કરોડો રૂ. નું પાણી થઇ ગયું, તેમજ દેશના કરોડો પ્રજાજનોના તન તથા મનની શક્તિઓ વેડફાઇ ગઇ, એ જુદું. અનેકોના હૈયામાં વેર–ઝેર, કિન્નાખોરી કે ડંખ મૂકતી ગઇ, તેનો તો હિસાબ જ નહિ.**

**પણ આ ચુંટણીની પદ્ધતિ મૂળથીજ ખોટી છે. આ કારણે પ્રસિદ્ધ વિચારક વિનોબાભાવેના સીધા નેતૃત્વ નીચે ચાલતા ‘ અખીલ ભારત સેવા સંઘે ’ ચુંટણીમાં પરોક્ષ કે અપરોક્ષ કોઇ રીતે ભાગ ન લેવાનો નિર્ણય કર્યો હતો.**

**એક વખતના રાજસ્થાન સરકારના પ્રધાન અને આજે વિનોબાજીના હાથ નીચે કાર્ય કરી રહેલા સેવાભાવી કાર્યકર ભાઇ શ્રી સિદ્ધરાજ ઢઢ્ઢા, વર્તમાન ચુંટણી પદ્ધતિને અંગે પોતાના જે વિચારો રજુ કરે છે, તે સર્વકોઇને મનનીય છે. દેશભરમાં ચુંટણીઓ કેવી લડાઈ? તેનો ખ્યાલ, તો સ્વતંત્રભારતના એક વખતના ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારી કે જેઓ દેશના મહાન વિચક્ષણ પુરુષ ગણાય છે, તેમના લેખથી આવી શકશે. જે ‘ કલ્યાણ ’ના મુખપેઇજ પર પ્રસિદ્ધ થયેલ છે.**

હમણાં જે ચૂંટણીઓ થઇ રહી છે, તે લોક–ચૂંટણીઓ છે જ નહીં. પાર્ટીઓને નામે માત્ર થોડા માણસો દ્વારા નક્કી કરેલા લોકોને જનતા સામે ઉભા રાખીને મત માગવાનું એક નાટક જ છે. આપણા દેશની સારી વ્યક્તિઓનો સંબંધ ચૂંટણી સાથે છે; પણ તે એટલા માટે કે–કાં તો તેઓને વધારે સારો રસ્તો બીજો નથી દેખાતો અથવા તો તે અપનાવવાની હિંમત નથી કરી શકતા. દેશનું આ દુર્ભાગ્ય ગણાવું જોઇએ. જો આ થોડીક સારી વ્યક્તિઓનો સંબંધ ચૂંટણી સાથે છે, તે સંબંધ ન હોય તો જરા પણ અચકાયા વિના કહી શકાય તેમ છે કે, આ ચૂંટણીઓ ભોળી જનતાની વિરૂદ્ધ એક ષડ્યંત્ર છે. સ્વતંત્ર મતદાનનું તો નામ જ છે. વાસ્તવમાં તો પૈસા અને સંગઠ્ઠનના જોરે મત ખરીદાય છે. એક એક સીટ માટે હજારો અને કયાંક કયાંક તો લાખો રૂપિયા ખર્ચ થાય છે. આ પૈસા પૂંજીપતિઓ અને કારખાનાવાળાઓ આપે છે. અને તેઓ એ આશાથી આપે છે કે–જીતેલા ઉમેદવાર મારફત જુદી જુદી સગવડતાઓ લાયસન્સ અને પરમીટો વ. મારફત દીધેલી રકમ વસુલ

થઇ જવાની. આ ચૂંટણીમાં કેવળ એક તાતાની તિજોરીમાંથી કોંગ્રેસને ૨૦ લાખ રૂપીયાની મદદ આપવામાં આવી એમ કહેવાય છે. બીજી બાજુ કોંગ્રેસના મનમાં રોષ છે. કે–બીજા પક્ષો ચૂંટણી માટે વિદેશોમાંથી પૈસા મેળવે છે. નાના મોટા શેઠીઆઓ સાથે સોદાના રૂપમાં સીટ વેચવી એ તો સાધારણુ વાત થઇ ગઇ છે. પક્ષની અંદર ઉભા રહેવા માટે પણ ઘણા ષડયંત્રો કરવામાં આવે છે અને એક–બીજાની વ્યક્તિગત નિંદા કરવામાં આવે છે. વળી ચૂંટણીમાં મત પ્રાપ્ત કરવા માટે નાત–જાત અને ધર્મ સંપ્રદાયના ભેદોને પ્રોત્સાહન અપાય છે. આવી રીતે આ ચૂંટણીઓ દ્વારા દેશનું જીવન કલુષિત બની રહ્યું છે. હજારો વર્ષની સંસ્કૃતિ અને સભ્યતાના સંસ્કાર જેના લોહીમાં પડયા છે, એવા ભારતીય નાગરિકોને આ બધું જોઇને સહેજે આ વખતે ચૂંટણીથી નફરત ઉભી થતી જાય છે, એ કોઇ આશ્ચર્યની વાત નથી.

### વિકલ્પ મળ્યો :

સર્વસેવા સંઘે ચૂંટણીમાં નહીં પડવાનું નક્કી કર્યું છે તેની પાછળ એક તાત્ત્વિક ભૂમિકા છે. અને ચૂંટણી દ્વારા રાજકારણ અથવા દેશની વ્યવસ્થા ચાલી શકે છે એ ભ્રામક માન્યતાની જગ્યાએ રાજ્યસત્તા દ્વારા સેવા અને વ્યવસ્થા કરવાના મોહમાં રાજ્યસત્તા દ્વારા શાસનને વિકેન્દ્રિત કરવાની પ્રક્રિયાથી આપણે ઉલટા રાજ્યસત્તાને વધુ ને વધુ મજબુત બનાવતા જઇએ છીએ. સાચા લોકતંત્રની સ્થાપના તો લોકોના પોતાના પુરૂષાર્થ અને પ્રયત્નથી થાય છે.

એ જાગૃત કરવાનો ઉપાય તો માણસના વિચારના પરિવર્તનથી ઉભી થતી આચારની પ્રેરણા સિવાય કોઇ હોઈ ન શકે. સર્વોદય વિચારના આધારે ચાલતા આંદોલને દેશને એક વિધેયાત્મક (Positive) રસ્તો બતાવ્યો છે. રાજનીતિની જગ્યાએ લોકનીતિની અને રાજસત્તાની જગ્યાએ લોકસત્તાની સ્થાપના કરવી એ એનો ઉદ્દેશ છે. એટલા માટે સર્વોદય વિચાર માનવાવાળાઓ પક્ષીય ચૂંટણીઓથી અલગ છે. આ ચૂંટણીઓના આધારે પ્રજાતંત્ર ચાલી શકે એ માન્યતા ખોટી છે. અને સ્વતંત્ર–વિચારને કુંઠિત કરવાવાળી છે. આજની ચૂંટણી–પદ્ધતિ લોકશાહીના પ્રાણને હણનારી છે. જનતાએ હવે જાગૃત થઈ જવાનો સમય આવી લાગ્યો છે.

(ભૂમિપુત્ર)

મુંબઇનો સાર્વજનિક ટ્રસ્ટનો કાયદો સૌરાષ્ટ્રમાં પણ હવે લાગુ પડે છે, તેની પુરેપુરી સમજુતિ માટે—

## મુંબઈનો સાર્વજનિક ટ્રસ્ટનો કાયદો

લેખકઃ **વકીલ કેશરીચંદ નેમચંદ શાહ** બી. એ. એલ. એલ. બી. એ નામનું પુસ્તક મંગાવી વાંચી લેવા ભલામણ છે પુસ્તક **ગુજરાતીમાં** છે એટલે આપને ઘણું ઉપયોગી થશે.

મૂલ્ય રૂા. ૪–૫–૦ પોસ્ટેજ અલગ.

**સોમચંદ ડી. શાહ પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

# સમાચાર–સંચય

**ખંભાતથી વિહાર:** પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા ૨૦ ખંભાતથી મહા વદ ૧૩ના વિહાર કરી સકરપરા પધાર્યા હતા. સેંકડો ભાવિકો પૂ૦ મહારાજ સાથે સકરપરા આવ્યા હતા. ત્યાંથી વટાદરા, ધર્મજ, બોરસદ, આંકલાવ, ઊમેટા આદિ થઇ ફા. શુદ ૧૨ ના છાણી પધારતાં સંઘ તરફથી સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ૦ પાદ આચાર્યદેવશ્રી ઘણા વર્ષે છાણીમાં પધારતા હોવાથી છાણીસંઘનો ઘણો જ ઉત્સાહ હતો છાણીના સંઘની પૂ૦ પાદશ્રીને ચાતુર્માસ કરાવવાની ઘણીજ ભાવના છે. આ બાજુ વાપી તેમજ મુંબઇના સંઘની પણ વિનંતિ છે.

**ભાભેરમાં દીક્ષા મહોત્સવ:** આ૦ મ૦ શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજીની શુભ નિશ્રામાં કોઠારી કાન્તિલાલ દેવશીભાઇના સુપુત્ર મહાસુખભાઈની દીક્ષાનો મહોત્સવ મહા શુદ ૯ ના ભવ્ય રીતે ઊજવાયો હતો, તેઓનું નામ મહાપ્રભવિજયજી રાખી મુનિરાજ શ્રી દેવભદ્રવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

**અડાલજમાં પ્રતિષ્ઠા મહોત્સવ:** પૂ૦ આચાર્ય મ૦ શ્રી વિજયરામસૂરિજી મ૦ ની નિશ્રામાં મહાવદ ૧ ના વાસુપૂજ્ય સ્વામીની પ્રતિષ્ઠા ધામધૂમપૂર્વક કરાવવામાં આવી હતી લગભગ ૨૨ હજારની ઉપજ થઇ હતી. ૭ નવકારશી થઇ હતી.

**કાલંદ્રીમાં પ્રતિષ્ઠા મહોત્સવ:** આચાર્ય શ્રી રંગવિમલસૂરિજી મ૦ ની નિશ્રામાં મહા વદ ૧ ના ભવ્ય રીતે પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો હતો આઠ દિવસ નવકારશીઓ થઇ હતી. લગભગ સાડાત્રણ લાખની ઊપજ થઇ હતી.

**છ'રી પાળતો યાત્રા સંઘ:** પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં પં. શ્રી કેવળવિજયજી આદિ ૬૦ ઠાણા અને લગભગ ૧૭૫ યાત્રિક સમૂહનો છ'રી પાળતો સંઘ શંખેશ્વરજીથી ફાગણ સુદ ૫ના રવાના થયો હતો. જેમાં શેઠ દામજીભાઇ પદમશી શેઠ ભાણજીભાઇ શાપરીયા, શેઠ કાનજીભાઈ વ. આગેવાનો હતા. આ સંઘમાં પ્રભુજીનો રથ, ગજરાજ, નોબતખાનું, સંગીત મંડળી વ. સાજ સાથે છે, સંઘમાં સેવાભાવી કાંતિલાલ ચુનીભાઇ, નરોત્તમદાસ મોદી, બાબુભાઇ, તથા તલકચંદભાઇ આદિની વ્યવસ્થા સુંદર છે, સંઘ વદ ૨ ના સુરેન્દ્રનગર આવ્યો હતો. સંઘ તરફથી સાધર્મિક ભક્તિ થઈ હતી. વદ ૩ ના વઢવાણ શહેરમાં શેઠ રતિલાલ જીવણભાઇ તરફથી સંઘ ભક્તિ થઇ હતી. અને સંઘના પ્રત્યેક ભાઇ–બ્હેનને રૂા. નો ચાંદલો તેમણે આપ્યો હતો. વદ ૪ ના શીયાણીમાં શેઠ ચંપાલાલ મુંબઈવાળા તરફથી સંઘ ભક્તિ થઈ હતી. વદ ૫ ના લીંબડીમાં સંઘ તરફથી ભક્તિ થઇ હતી. વદ ૬ ના ચુડા, વદ ૭ રાણપુરમાં શ્રી નરોત્તમદાસ છગનલાલ મોદી તરફથી ભક્તિ થઇ હતી. વદ ૯ બોટાદ, ત્યારપછી વળા, સણોસરા, નોંઘણવદર આદિ સ્થળે થઈ ચૈત્ર સુદ ૧ ના પાલીતાણા પ્રવેશ કરેલ સુદ ૨ ના માલારોપણ થયેલ.

સંઘવી શેઠ દામજીભાઇએ, રસ્તામાં આવતાં દરેક ગામોમાં સાધારણ ખાતે સારી રકમ આપી હતી. આ કાલમાં આ ખાતાને ખાસ ઊત્તેજન આપવા જેવું છે. પાલીતાણામાં પણ પેઢી તથા દરેક સંસ્થાઓમાં સારી રકમ આપી હતી. પૂ૦ પાદ આચાર્યદેવશ્રી વૈશાખ સુદ ત્રીજ સુધી પાલીતાણા સ્થિરતા કરશે.

**ભીલડીયાજી તીર્થમાં ઓળીનું આરાધન:** મુંબઇ નવપદ આરાધક સમાજના આશ્રયે શેઠ ચંદુલાલ મોતીલાલ નવાબ તરફથી નવપદજીની ઓળીની સુંદર આરાધના થશે. સમાજની વિનંતિથી પૂ૦ પાદ આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર તથા પૂ૦ પાદ આચાર્યદેવ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્યરત્ન પૂ૦ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પધારશે અને ઓળીના નવેય દિવસ સુંદર રીતે આરાધના થશે. સંગીતરત્ન હીરાભાઇ પૂજાઓ ઠાઠમાઠથી ભણાવશે.

**બ્રાહ્મણવાડામાં ઓળીનું આરાધન:** પીંડવાડાવાળા શેઠ છગનલાલ રૂપચંદની આગ્રહભરી વિનંતિથી પૂ૦ પાદ આચાર્ય મહારાજ શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ આદિ શંખેશ્વરજીથી વિહાર કરી

મરૂધર સિધ્ધચક્ર આરાધક કમિટિ તરફથી ઉજવાતી નવપદજી ઓળીની આરાધના કરાવવા પધાર્યા છે. ત્યાં નવેય દિવસ સુંદર આરાધનાઓ થશે, તેમ જ ચૈત્રી પુનમના મોટા દેવવંદન વગેરે થશે. પૂજા ભાવના માટે સંગીતરત્ન રસિકલાલ કાદમાહથી પૂજા ભાવનાઓ ભણાવશે

**નંકોડા તીર્થમાં ઓળીનું આરાધનઃ**—નાકોડાતીર્થમાં શ્રી નવપદ આરાધક સમિતિ ગઢશીવાણા (રાજસ્થાન) તરફથી કરાવવામાં આવશે. આ પ્રસંગે પૂ૦ મુનિરાજ શ્રી હેમેન્દ્રસાગરજી ગણિવર પધારશે અને સુંદર રીતે આરાધના થશે.

**સાવરકુંડલાથી વિહારઃ**— પૂ૦ ઉપાધ્યાયજી ધર્મવિજયજી ગણિવર તથા પૂ૦ મુનિરાજ શ્રી પુણ્યોદયવિજયજી આદિ સાવરકુંડલાથી ચાતુર્માસ બાદ ફાગણ વદ ૨ ના વિહાર કરી મોટા ઝીંઝુડા પધારતા સાવરકુંડલાથી મોટી સંખ્યામાં સમુદાય આવતાં ત્યાં પૂજા, સંઘજમણ આદિ થયું હતું. ત્યાંથી પૂ૦ મહારાજશ્રી પીપાવા જેસર થઈ ફાગણ વદ ૧૩ ના પાલીતાણા આરિસાભુવનમાં પધાર્યા છે. સાવરકુંડલા સંઘની ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતિ છે.

**ચાતુર્માસ નિર્ણયઃ**— પૂ૦ પંન્યાસજી મ૦ શ્રી કનકવિજયજી ગણિવર પૂ૦ પં૦ શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવર આદિ લીંબડીથી ફાગણ વદ ૬ ના વિહાર કરી વદ ૭ ના વઢવાણ શહેર પધાર્યા હતા. પાંચ દિવસની સ્થિરતા દરમ્યાન સુંદર વ્યાખ્યાનો થયા હતા. ખંભાત સંઘ તરફથી શ્રી શાંતિભાઇ તથા રમણભાઇની ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતિ થતાં પૂ૦ આચાર્યદેવશ્રીની આજ્ઞાથી પૂ૦ પંન્યાસજી મહારાજશ્રી આદિનું ચાતુર્માસ ખંભાત જૈનશાળા ખાતે નક્કી થયું છે. પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી વઢવાણ શહેરથી વિહાર કરી જોરાવરનગર થઇ પધાર્યા છે. સુરેન્દ્રનગર ચૈત્રી પૂર્ણિમા સુધી સ્થિરતા થશે.

**શ્રી કુલ્પાકજીતીર્થનો છ'રી પાળતો સંઘઃ** પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા ૮ સિકંદરાબાદ પધારતાં અહીંના સંઘ તરફથી કુલ્પાકજીનો છરી પાલતો સંઘ કાઢવાનો તેઓશ્રીના સદુપદેશથી નિર્ણય થતાં શેઠ કેશરીમલ ભંડારીના સુપુત્ર સરદારમલજીએ રૂા. ૪૦૧૧ આપેલ છે. અને શ્રી સંઘે ફાગણ સુદ ૨ ના રોજ પ્રયાણ કરેલ છે.

**વઢવાણ શહેરમાં ઉજવાયેલ ભવ્ય દીક્ષા મહોત્સવઃ**— શેઠ જગજીવન તલકશીભાઈના સુપુત્રી શારદાબેનનો ભવ્ય દીક્ષા મહોત્સવ ફાગણ સુદ ૨ ના ઊજવાયો હતો. પૂ૦ પંન્યાસજી શ્રી કાંતિવિજયજી ગણિવર તથા પૂ૦ મુનિરાજ શ્રી જિનેન્દ્રવિજયજી મહારાજની શુભ નિશ્રામાં દીક્ષા થઈ હતી આઠ દિવસ પૂજા ભાવના તથા વરઘોડા ધામધૂમથી નીકલ્યા હતા. દીક્ષિતનું નામ સાધ્વીશ્રી પદ્મપ્રભાશ્રીજી રાખવામાં આવ્યું હતું અને સાધ્વીશ્રી પુષ્પચૂલાશ્રીજીના શિષ્યા થયા હતા.

**રાજકોટમાં ઓલીનું આરાધનઃ**— તપસ્વી પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કાંતિવિજયજી ગણિવર આદિનું ચાતુર્માસ ધ્રાંગધ્રાના સંઘનો આગ્રહ હોવાથી ધ્રાંગધ્રા ખાતે પૂ૦ આચાર્યદેવ શ્રી. વિજયપ્રેમસૂરીશ્વરજીની આજ્ઞાથી નક્કી થયું છે. પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી રાજકોટ સંઘની નવપદજીની ઓળીની આરાધના માટે વિનંતિ હોવાથી સુરેન્દ્રનગરથી રાજકોટ પધાર્યા છે.

**૧૦૦મી ઓળીનું પારણું:**— તપસ્વી મુનિરાજ શ્રી ભાવવિજયજી મહારાજશ્રીનું ૧૦૦ મી ઓળીનુ પારણું પૂ૦ પાદ આ૦દેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શંખેશ્વરજીમાં ફાગણ સુદ ૩ ના ધામધૂમ પૂર્વક ઊજવાયું હતું. આ પ્રસંગે પૂ૦ પંન્યાસજી ભક્તિવિજયજી ગણિવર તથા પૂ૦ મુનિરાજ શ્રી ગુણવિજયજી મ૦ આદિ પધાર્યા હતા. ૨૮ લાખ સ્વાધ્યાય બોલીને પારણું કરાવવાનો લાભ પૂ૦ મુનિરાજ શ્રી કૈલાસપ્રભવિજયજીએ લીધો હતો,

**ચાણસ્માઃ**— અત્રેના જિનાલયમાં મહા વદ ૭ ના નવા ધ્વજાદંડો પૂ મુનિરાજશ્રી ધર્મસાગરજી ગણિવર આદિની નિશ્રામાં ચડાવવામાં આવ્યા હતા. આખા સંઘે પાખી પાલી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**બોરસદઃ**— પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી તિલકવિજયજી ગણિવર આદિ બોરસદ (કાશીપરા) ખાતે ચૈત્રી ઓળીની આરાધના માટે વિનંતી હોવાથી બોરસદ રોકાશે.